


## મહિનાના મુખ્ય મુદ્દાઓ

❖ <u>વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં દેશના પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું ઉદઘાટન કર્યું હતું.</u>

રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક રાષ્ટ્રને સમર્પિત કરવા તેમણે અખંડ જ્યોતિ પ્રજ્જવલિત કરી હતી. આ અવસરે તેમણે પૂર્વ સૈનિકોને પણ સંબોધિત કર્યા હતા. આ અવસરે તેમણે પૂર્વ સૈનિકોને પણ સંબોધિત કર્યા હતા. રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પાસે નિર્માણ પામેલું આ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક (નેશનલ વોર મેમોરિયલ) એ જવાનો માટે એક શ્રદ્ધાંજલિ છે, જેમણે આઝાદી બાદ દેશની રક્ષા કાજે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે. અત્રે યાદ રહે કે વડાપ્રધાન મોદીએ 2014માં એક અત્યાધુનિક વિશ્વસ્તરીય સ્મારક તરીકે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકનું પોતાનું સ્વપ્ન પ્રસ્તુત કર્યું હતું. છેલ્લા 60 વર્ષોથી આવુ યુદ્ધ સ્મારક બનાવવાની વાતો થતી હતી.

રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક વિશે...

- આ સ્મારક 40 એકર ભૂમિમાં વિસ્તરેલું છે.
- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં ચાર વર્તુળો છે જેના નામ અમર ચક્ર, વીરતા ચક્ર, ત્યાગ ચક્ર તથા રક્ષક ચક્ર છે. તેમાં ચકતકતા ગ્રેનાઈટ પર સુવર્ણ અક્ષરોમાં 25,942 સૈનિકોના નામ અંકિત કરાયા છે.
- આ સ્મારકના માધ્યમથી 1962ના ભારત–ચીન યુદ્ધ, 1965થી 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ, શ્રીલંકામાં ભારતીય શાંતિ દળ તથા 1999માં કારગિલ યુદ્ધના શહિદ સૈનિકોને અંજલિ અપાઈ છે.
- આ યુદ્ધ સ્મારકમાં પરમ યોદ્ધા સ્થળે 21 પરમવીર ચક્ર વિજેતાઓની પ્રતિમા પણ બનાવવામાં આવી છે.
- આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સૈનિકોને ભૂતપૂર્વ નહીં અભૂતપૂર્વ કહ્યા હતા.

❖ <u>ગાયો માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગ રચાયું...</u>

વડાપ્રધાન નેરન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળના કેન્દ્રીય મંત્રીમંડળે 6 ફેબ્રુઆરી, 2019ના રોજ ગૌવંશના સંવર્ધન, સંરક્ષણ અને વિકાસ માટે રાષ્ટ્રીય કામધેનું આયોગની રચનાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ આયોગની રચનાની જાહેરાત 2019-20ના વયના વચગાળાના કેન્દ્રીય બજેટમાં કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય કામધેનુ આયોગ પશુ ચિકિત્સા અથવા પશુ વિજ્ઞાન અથવા કૃષિ યુનિવર્સિટી તથા ગાય, બાયોગેસ અને સેન્દ્રિય ખાતરના ઉત્પાદન, સંશોધન સાથે જોડાયેલી કેન્દ્ર અને રાજ્ય સરકારની સંસ્થાઓ તથા વિભાગોના સહયોગથી કાર્ય કરશે.
પરવાનગી આપતી સર્વોચ્ચ સંસ્થા છે.

❖ <u>રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.</u>

દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાની સ્થાપના 1918માં મહાત્મા ગાંધીએ જ કરી હતી. તાજેતરમાં જ આ સંસ્થાની સ્થાપનાની શતાબ્દી પૂર્ણ થઈ છે. દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભાનો ઉદ્દેશ બિનહિન્દી ભાષી દક્ષિણ ભારતમાં હિન્દી સાક્ષરતા દરમાં સુધારો કરવાનો છે. આ સભાનું વડુમથક તમિલનાડુના ચેન્નાઈમાં છે.

❖ <u>મતદાર ચકાસણી અને માહિતી કાર્યક્રમ શરૂ કરાયો</u>

ચૂંટણી પંચ દ્વારા સામાન્ય ચૂંટણીની વ્યવસ્થામાં માહિતી અને સંચાર ટેકનોલોÒના ઉપયોગ માટે યોજાયેલી બે દિવસીય સઘન તાલીમ અને કાર્યશાળા દરમિયાન મતદાર ચકાસણી અને માહિતી કાર્યક્રમ (વોટર વેરિફિકેશન એન્ડ ઈન્ફર્મેશન પ્રોગ્રામ = VVIP) નો આરંભ કરાયો છે. આ કાર્યશાળા દરમિયાન સી–વિજિલ મોબાઈલ એપ્લિકેશન વિશે તાલીમ આપવામાં આવી હતી. સી–વિજિલ એપ આદર્શ ચૂંટણી આચારસંહિતા અથવા ખર્ચ મર્યાદાના ઉલ્લંઘન સંબંધિત ફરિયાદોના Òવંત ફોટો અથવા વીડિયો તથા સ્વયં સ્થળ માહિતી પૂર્ણ સમયસર પુરાવા પૂરા પાડશે.

❖ <u>કેન્દ્ર સરકારે 2021માં યોજાનારા આંતરાષ્ટ્રીય વિદ્યાર્થી મૂલ્યાંકન કાર્યક્રમમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે.</u>

જે અંતર્ગત ભારત સરકાર તથા આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન (ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ = OECD) વચ્ચે સમજૂતી પર હસ્તાક્ષર કરાયા છે. આ કાર્યક્રમમાં ભારત વતી કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા સંચાલિત વિદ્યાલય તથા કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની શાળા ભાગ લેશે. આ કાર્યક્રમ હેઠળ મૂલ્યાંકન માટે કોઈપણ દેશના 15 વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવે છે.

આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન (OECD) 35 સદ્સ્ય દેશોનું આંતરસરકારી આર્થિક સંગઠન છે, જેની સ્થાપના 1961માં આર્થિક પ્રગતિ અને વિશ્વ વ્યાપારને પ્રોત્સાહિત કરવા માટે કરાઈ હતી. OECDના મોટા ભાગના સભ્ય દેશો ઉચ્ચ આવક વર્ગના અર્થતંત્રો છે, જેમનો માનવ વિકાસ સૂચકાંક (હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ = HDI) ખૂબ ઊંચો છે અને તેમને વિકસિત દેશો તરીકે ઓળખવામાં આવે છે. OECDનું મુખ્યાલય ફ્રાન્સના પાટનગર શહેર પેરિસમાં છે.

❖ <u>વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં પોતાના સંબોધન દરમિયાન નીચે મુજબના દાવાઓ કર્યા હતા.</u>

- અસંગઠિત ક્ષેત્રમાં નવી નોકરીઓની રચના થઈ, જે 80થી 85 ટકા રોજગારી માટે જવાબદાર છે.
- વધુમાં વડાપ્રધાને જણાવ્યું કે પાછલા 15 માસમાં 1.8 કરોડ લોકોએ એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ (EPF) માં નોંધણી કરાવી હતી અને તેમાંના 64 ટકા લોકો કે જેમની ઉંમર 28 વર્ષ કરતાં ઓછી હતી તેઓ પ્રથમ વખતના કર્મચારીઓ હતા.
- વડાપ્રધાને નેશનલ પેન્શન સ્કીમ (NPS) અતંર્ગત નોંધાયેલા કર્મચારીઓની માર્ચ 2014ની સંખ્યા 65 લાખથી વધીને ઓક્ટોબર 2018માં 1.2 કરોડ થઈ હોવાનું પણ જણાવ્યું હતું.

❖ <u>સુપ્રીમ કોર્ટે સશસ્ત્ર પોલીસ દળની તમામ પાંખોને 'ઓર્ગેનાઈઝ્ડ સર્વિસીઝ' નો દરજ્જો આપ્યો...</u>

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળની CRPF, BSF, ITBP, RPF અને SSBને 'સંગઠિત સેવાઓ' (ઓર્ગેનાઈઝ્ડ સર્વિસીઝ)નો દરજ્જો આપ્યો છે. CRPFના ગ્રૂપ A ના અધિકારીઓને NFFU (નોન–ફંકશનલ ફાઈનાન્સિયલ અપ–ગ્રેડેશન)ના તમામ લાભ આપી 2006થી છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે છઠ્ઠા

પગાર પંચમાં NFFU ની પ્રથા દાખલ થયેલી જેમાં ગ્રૂપ A ના અધિકારીઓને સંગઠિત સેવાનો દરજ્જો અપાયો હતો. આ જોગવાઈ હેઠળ જે તે સ્થાન પર પ્રમોશન મળે તેમાં હોદ્દો બદલાય નહીં પરંતુ તમામ નાણાકીય લાભ મળે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોરખપુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના લોન્ચ કરી....**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 24 ફેબ્રુઆરી, 2019ના ઉત્તર પ્રદેશના ગોરખપુરમાંથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના (PM-કિસાન) વિધિવત્ રીતે લૉન્ચ કરી દીધી હતી. જે અંતર્ગત વડાપ્રધાને 1 કરોડ અને 1 લાખ ખેડૂતોને 2,000 રૂપિયાનો પ્રથમ હપ્તો આપ્યો હતો.

આ યોજના અન્વયે દેશભરના 12 કરોડ ખેડૂતો જેમની પાસે 2 હેક્ટર જેટલી ખેતીની જમીન હશે તેમને વર્ષે 6,000 રૂપિયા અપાશે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની ઘોષણા 1 ફેબ્રુઆરી, 2019ના રોજ વચગાળાના બજેટમાં કરાઈ હતી. સરકારે યોજના માટે વેબસાઈટ pmkisan.nic.in લૉન્ચ કરી છે. જેના પરથી ખેડૂત યોજના સંબંધિત સઘળી માહિતી મેળવી શકશે.

❖ **માનવ સંસાધન વિકાસ મંત્રીએ ઓપરેશન ડિજિટલ બોર્ડનો આરંભ કર્યો...**

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર 20 ફેબ્રુઆરી, 2019ના ટેકનોલોÖનો લાભ ઉઠાવવા માટે દેશમાં ગુણવત્તાયુકત શિક્ષણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી ઓપરેશન ડિજિટલ બોર્ડ (ODB) નો આરંભ કર્યો છે. જે અભ્યાસની સાથે સાથે અધ્યાપનની પ્રક્રિયાને સંવાદમૂલક બનાવશે તથા શિક્ષણ વિજ્ઞાન સંબંધી દષ્ટિકોણ તરીકે અભ્યાસ કાર્યને લોકપ્રિય બનાવશે.

- ડિજિટલ બોર્ડ દેશભરની સરકારી સહાયતા પ્રાપ્ત શાળાઓમાં ધોરણ 9 થી લઈને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શરૂ કરાશે. આ પ્રક્રિયા 2019ના આગામી શૈક્ષણિક સત્રથી આરંભાશે.
- ઓપરેશન ડિજિટલ બોર્ડનો ઉદ્દેશ સામાન્ય શિક્ષણ વર્ગોને ડિજિટલ કલાસરૂમમાં બદલવાનો તથા સાથે જ વિદ્યાર્થીઓને કોઈપણ સ્થળે, કોઈપણ સમયે ઈ–સંસાધન ઉપલબ્ધ કરાવવાનો છે. જેનાથી વ્યકિતગત અનુકૂલનીય જ્ઞાનની સાથે સાથે મશીનનું જ્ઞાન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ડેટા એનેલેટિક્સ જેવી ઉભરતી ટેકનોલોÖઓનો લાભ લઈ કુશળ અધ્યાપનની જોગવાઈ કરવામાં મદદ મળશે.

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ ODBને લાગુ કરવાની જવાબદારી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ને સોંપાઈ છે જયારે શાળાઓમાં તેનો અમલ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોના સહયોગમાં કરશે.

❖ **સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરતી સંસ્થા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) કમ્પ્યૂટર આધારિત પરીક્ષાથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા માટે એપ્લિકેશન લોન્ચ કરી.**

- વિદ્યાર્થીઓ પ્રેકટિસ કરી શકે તથા મોક ટેસ્ટ આપી શકે તે માટે NTAએ એક એપ્લિકેશન લોન્ચ કરી છે. NTA એ દેશભરમાં વિદ્યાર્થીઓની સહાયતા માટે 4,000 જેટલા ટેસ્ટ પ્રેકિટસ સેન્ટર્સ (TCPs) ની પણ શરૂઆત કરી છે.

આ પગલાંઓનો મુખ્ય ઉદ્દેશ ગામડાના વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર આધારિત પરીક્ષાના કારણે નુકસાન ન થાય તે જોવાનો છે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરતી સ્વાયત્ત સંસ્થા છે. NTA ની અધ્યક્ષતા નિષ્ણાત શિક્ષણવિદ્ દ્વારા કરવામાં આવે છે. NTAની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળના ઉચ્ચ શિક્ષણ વિભાગના સેક્રેટરી હોય છે. NTA હાલમાં એન્જિનિયરિંગ સંસ્થાઓમાં પ્રવેશ માટેની JEE (જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ) મુખ્ય પરીક્ષા અને મેડિકલ સંસ્થાઓમાં પ્રવેશ માટેની NEET (નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)નું સફળતાપૂર્વક આયોજન કરી રહી છે.

❖ **સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય લઘુમતી પંચને લઘુમતીઓની વ્યાખ્યા 90 દિવસમાં નક્કી કરવાનો આદેશ આપ્યો**

સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રીય લઘુમતી પંચ (નેશનલ કમિશન ફોર માઈનોરિટીઝ – NCM) ને લઘુમતીઓની વ્યાખ્યા અને ઓળખ નક્કી કરવાની માંગ કરતા આવેદનપત્ર અંગે ત્રણ મહિનામાં નિર્ણય કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ આદેશ ભાજપના નેતા તથા વકીલ અશ્વનીકુમાર ઉપાધ્યાયની અરÖની સુનાવણી દરમિયાન આપ્યો હતો.

અશ્વનીકુમાર ઉપાધ્યાયે લઘુમતી આયોગને 17 નવેમ્બર, 2017ના રોજ જે આવેદન પત્ર આપ્યો હતો તેમાં 5 સમુદાયોને લઘુમતી જાહેર કરવાનું 1993નું જાહેરનામું રદ કરવા તથા લઘુમતીઓની વ્યાખ્યા અને ઓળખ નિશ્ચિત કરવાની માંગણી કરી હતી. તેમણે એવી પણ માંગ કરી હતી કે જે રાજ્યોમાં હિન્દુઓની વસતી ખૂબ ઓછી છે ત્યાં તેઓને લઘુમતી જાહેર કરવી જોઈએ. લઘુમતી આયોગે હજુ સુધી આ આવેદનપત્ર અંગે જવાબ આપ્યો નથી. આથી, મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈ અને ન્યાયમૂર્તિ સંÖવ ખન્નાની બેન્ચે ઉકત આદેશ આપ્યો હતો.

❖ **દેશભરના ગામડાંઓને ખુલ્લામાં શૌચક્રિયા મુકતનો દરજ્જો ટકાવી રાખવા માટે દરવાજા બંધ ભાગ–2 અભિયાન આરંભ્યું છે.**

સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ)એ 6 ફેબ્રુઆરી, 2019ના દેશભરના ગામડાંઓને ખુલ્લામાં શૌચક્રિયા મુકત (ODF = ઓપન ડિફેકેશન ફ્રી)નો દરજ્જો ટકાવી રાખવા માટે દરવાજા બંધ ભાગ–2 અભિયાન આરંભ્યું છે. અભિયાનનો આરંભ મુંબઈમાં અમિતાભ બચ્ચન, મહારાષ્ટ્રના પાણી પુરવઠા તથા સ્વચ્છતા મંત્રી બબ્બનરાવ લોણિકર, પીવાના પાણી તથા સ્વચ્છતા મંત્રાલયના સચિવ પરમેશ્વર ઐયર તથા અન્ય મહાનુભવોની ઉપસ્થિતિમાં થયો હતો.

તેમણે દેશની ગંદકી અને ખુલ્લામાં શૌચક્રિયાથી મુકત કરાવવામાં ભજવેલી પરિવર્તનકારી ભૂમિકા બદલ સ્વચ્છ ભારત મિશનને શુભેચ્છા આપી હતી. મહાનાયકે તેમના દિવંગત પિતા હરિવંશરાય બચ્ચનની કવિતાનું પુનઃરૂપાંતરણ – ‘સ્વચ્છ તન, સ્વચ્છ મન, સ્વચ્છ ભારત, મેરા પરિચય’ સ્વચ્છ ભારત મિશનને સમર્પિત કર્યું હતું.

❖ **વિદેશ મંત્રાલય અને અણુ ઊર્જા વિભાગ દ્વારા ‘પરમાણુ ટેક 2019’ સંમેલન યોજાયું...**

વિદેશ મંત્રાલય અને અણુ ઊર્જા વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ એટમિક એનÖ – DAE) દ્વારા ‘પરમાણુ ટેક 2019’ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં મુખ્ય વ્યકતવ્ય અણુ ઊર્જા અને અંતરિક્ષ રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્રસિંઘ દ્વારા આપવામાં આવ્યું હતું.

આ સંમેલન દરમિયાન નીચેના ક્ષેત્રવિશેષ સત્રો યોજાયા હતા.

- આરોગ્ય સંભાળ : પરમાણુ ઔષધિ અને રેડિએશન થેરાપી – કેર ટુ કયોર.
- અન્ન જાળવણી, કૃષિ અને ઔદ્યોગિક ઉપયોગો : ખેતરોથી કારખાનાઓ સુધી – સર્વિંગ ધ નેશનલ કોઝ.
- પરમાણુ ઊર્જામાં ભારતની ક્ષમતાનું પ્રદર્શન : પર્યાવરણીય જવાબદારી સાથે ઊર્જા સુરક્ષા – ધ ઓનવર્ડ માર્ચ.

❖ **ફલાઈટ લેફટેનન્ટ હિના જયસ્વાલે ભારતીય વાયુ સેના (IAF)ના પ્રથમ મહિલા ફલાઈટ એન્જિનિયર બનીને ઈતિહાસ રચ્યો છે.**

અત્યાર સુધી માત્ર પુરુષો માટેના જ ગણાતા આ ક્ષેત્રમાં હિના જયસ્વાલે પ્રવેશ કરીને એક મોટું સીમાચિહ્ન સર કર્યું છે. IAF ની ફલાઈટ એન્જિનિયર શાખા 2018માં જ મહિલા અધિકારીઓ માટે ખોલવામાં આવી છે. ફલાઈટ લેફટેનન્ટ હિના જયસ્વાલ IAF ના ઓપરેશનલ હેલિકોપ્ટર એકમોમાં સેવા આપશે અને સીયાચીન ગ્લેશિયરની બર્ફીલી ઊંચાઈએથી લઈને આંદામાનના ઊંડા સમુદ્રો સુધી કઠીન તથા સતત તણાવભરી પરિસ્થિતિઓમાં સેવા આપશે.

**ફલાઈટ એન્જિનિયર એટલે ?...**

ફલાઈટ એન્જિનિયર વિમાનના ફલાઈટ ક્રૂનો સભ્ય હોય છે અને વિમાનની સંકુલ અને જટિલ પ્રણાલીઓની સતત દેખરેખ અને સંચાલન માટે વિશેષ કૌશલ્યોની તેનામાં ભરપૂર આવશ્યકતા રહે છે. ફલાઈટ લેફ્ટેનન્ટ હિના જયસ્વાલ ચંદીગઢના રહેવાસી છે.

❖ **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રાષ્ટ્રીય કૃમિ મુકત અભિયાનના 8મા ચરણનો આરંભ કર્યો...**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 8 ફેબ્રુઆરી, 2019થી તેના રાષ્ટ્રીય કૃમિ મુકત અભિયાનના 8મા ચરણનો આરંભ કર્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ ધૂળ માટીના ચેપથી થનારા STH (સોઈલ ટ્રાન્સમિટેડ હેલ્મિંથ્સ) રોગો અર્થાત આંતરડામાં પરÖવી કૃમિને ખતમ કરવાનો છે. WHO અનુસાર, ભારતમાં 14 વર્ષની ઓછી વયનાં 64% બાળકોને કૃમિનાં ચેપનું જોખમ છે. કૃમિ મુકત અભિયાન 2015માં શરૂ કરાયું હતું.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ફેબ્રુઆરી, 2019 ના રોજ ભારતની પ્રથમ સેમિ હાઈઅ–સ્પીડ ટ્રેન 'વંદે ભારત એકસપ્રેસ'ને નવી દિલ્હી રેલવે સ્ટેશનથી લીલીઝંડી બતાવી રવાના કરી હતી.**

આ ટ્રેન નવી દિલ્હી–કાનપુર–અલ્લાહાબાદ–વારાણસી રૂટ પર દોડશે. 160 કિ.મી. પ્રતિ કલાકની મહત્તમ ઝડપે દોડતી વંદે ભારત એકસપ્રેસ 30 વર્ષ પુરાણી શતાબ્દી એકસપ્રેસનું સ્થાન લેશે.

❖ **કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયે 15 ફેબ્રુઆરી, 2019ના અસંગઠિત ક્ષેત્રના કામદારો માટેની એક મોટી પેન્શન યોજના પ્રધાનમંત્રી શ્રમ યોગી માન–ધન યોજના (PM-SYM) નો અમલ શરૂ કરી દીધો છે.**

15 ફેબ્રુઆરી, 2019થી લાગુ PM-SYM એક સ્વૈચ્છિક અને યોગદાન આધારિત પેન્શન યોજના છે જે અસંગઠિત ક્ષેત્રના 42 કરોડ કામદારોને આવરી લેશે.

**લાયકાત અથવા પાત્રતા...**

- પ્રતિ માસ રૂ.15,000 થી ઓછી આવક ધરાવતા તથા 18 થી 40 વર્ષના વય જૂથમાં આવતા અસંગઠિત ક્ષેત્રના કામદારો PM-SYM માટે યોગ્ય ગણાશે.
- જે કામદારો ન્યૂ પેન્શન સ્કીમ (NPS), એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC) યોજના અથવા એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO) અંતર્ગત આવતા ન હોય તેવા કામદારો.
- આવક વેરો ભરતાં ન હોય તેવા કામદારો.

**અસંગઠિત ક્ષેત્રના કામદારો...**

ઘર આધારિત કામદારો, ફેરિયા, મધ્યાહન ભોજનના કર્મચારીઓ, મજૂરો, ઈંટોની ભઠ્ઠીના કામદારો, મોચી, કચરો વીણનારાઓ, ઘર નોકર, ધોબી, રિક્ષાવાળા, જમીનવિહોણા મજૂરો, કૃષિ કામદારો, બાંધકામ ઉદ્યોગના કામદારો, બીડી બનાવતા લોકો, હાથસાળ કામદારો, ચામડાના કામદારો.

**PM-SYM યોજનાના લાભો...**

- લઘુત્તમ નિશ્ચિત પેન્શન : આ યોજનામાં જોડાનારા પ્રત્યેક વ્યકિતને તે 60 વર્ષનો થાય ત્યારે પ્રતિ માસ રૂ. 3,000નું લઘુત્તમ નિશ્ચિત પેન્શન મળશે.
- પેન્શન મેળવવા દરમિયાન નિધનના કિસ્સામાં : પેન્શન ચાલુ હોય તે દરમિયાન ખાતેદારનું નિધન થાય તો પતિ કે પત્નીને પારિવારિક પેન્શન તરીકે 50 ટકા રકમ મળશે. આ પારિવારિક પેન્શન પતિ કે પત્નીને જ મળશે.
- 60 વર્ષની ઉંમર પૂર્વે અવસાનના કિસ્સામાં : જો લાભાર્થીએ યોજનામાં નિયમિત યોગદાન આપ્યું હોય અને તેનું 60 વર્ષની વય પૂર્વે નિધન થાય તો પતિ કે પત્ની યોજનામાં નિયમિત યોગદાન વડે ચાલુ રહેવાના હકદાર ગણાશે તથા તેઓ ઈચ્છે તો યોજનામાંથી બહાર પણ નીકળી શકશે.

**PY-SYM માં યોગદાન...**

દા.ત. એક કામદાર આ યોજનામાં 18 વર્ષે જોડાય તો તેણે દર મહિને 55 રૂપિયાનું યોગદાન આપવાનું રહેશે. સામા પક્ષે રૂ.55નું યોગદાન કેન્દ્ર સરકાર આપશે. કોઈ કામદાર 29 વર્ષની વયે યોજનામાં જોડાય તો તેણે પ્રતિ માસ રૂ.100નું યોગદાન આપવાનું રહેશે જયારે રૂ.100 પ્રતિ માસનું યોગદાન કેન્દ્ર સરકાર આપશે. 60 વર્ષની વય સુધી કામદારે યોગદાન આપવાનું રહેશે.

## ગુજરાત

❖ **દાહોદના કારઠ–કંબોઈ ખાતે આદિવાસી ગુરુ ગોવિંદના સ્મારકનું શિલારોપણ...**

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ દાહોદ જિલ્લાના કારઠ–કંબોઈ ખાતે આદિવાસી ગુરુ અને સ્વાતંત્ર્ય સેનાની ગુરુ ગોવિંદના સ્મારકનું શિલારોપણ કર્યું હતું. જે સાથે પ્રવાસન ક્ષેત્રે દાહોદ જિલ્લાને આગળ ધપાવવા કેદારનાથ મહાદેવ મંદિરને વિકસાવવાનો નિર્ણય પણ થયો છે. ભીલોના ગુરુ ગોવિંદે ભકિત પ્રચાર કર્યો હતો અને માનગઢ પર્વત પર ધૂણી ધખાવી હતી. ગુરુ ગોવિંદની જાણ બહાર અમુક ભીલોએ સંતરામપુર રાજ્ય સામે બળવો કર્યો ત્યારે ગુરુ ગોવિંદને અંગ્રેજોએ કેદની સજા કરી હતી. પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે ગોવિંદ ગુરુ યુનિવર્સિટી પણ આવેલી છે.

❖ **દાહોદમાં યોજાયો પ્રથમ રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–2019**

પૂર્વ ગુજરાતના ગેટવે તરીકે ઓળખાતા દાહોદમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રથમ રાષ્ટ્રીય આદિવાસી કલા મહોત્સવ–2019નું ઉદ્દઘાટન કર્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા આદિવાસી બેલ્ટ તરીકે ઓળખાતા અંબાÖથી ઉમરગામ સુધીના વિસ્તારને વનબંધુ પ્રોજેકટ અંતર્ગત રૂ.82,000 કરોડથી વધુ રકમ ફાળવાયેલી છે.

❖ **દાંતીવાડા ખાતે યોજાયો રાષ્ટ્રીય કક્ષાનો એગ્રિ યુથ ફેસ્ટિવલ...**

બનાસકાંઠા જિલ્લાની દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 19મી ઓલ ઈન્ડિયા ઈન્ટર એગ્રીકલ્ચર યુનિવર્સિટીના રાષ્ટ્રીય કક્ષાના યુથ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો હતો. આ ફેસ્ટિવલમાં 70 જેટલી કૃષિ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન કૃષિ ક્ષેત્રે પણ ઈનોવેશન કરી સ્ટાર્ટ અપ કલ્ચર વિકસાવવાનું આહ્વાન થયું હતું.

❖ **હરીશ મીનાશ્રુ અને પારુલ ખખ્ખરને 'કાવ્યમુદ્રા' એવોર્ડ**

ગુજરાતી ભાષાના ઉત્તમ કવિ હરીશ મીનાશ્રુને કાવ્યમુદ્રા વિનોદ નિઓટિયા એવોર્ડ 2018 અને કવયિત્રી શ્રીમતી પારુલ ખખ્ખરને કાવ્યમુદ્રા પ્રતિભા એવોર્ડ 2018 એનાયત કરવામાં આવ્યો છે.

આ પારિતોષિક સ્વ.વિનોદ નિઓટિયાના નામે અપાય છે. બિનનફાકારક સંસ્થા 'કાવ્યમુદ્રા' ગુજરાતી, હિન્દી અને ઉર્દૂ સાહિત્યના કવિઓ અને લેખકોને સન્માનિત કરે છે.

❖ **ગુણવંત શાહના 'કાંતિપુરુષ ગાંધીÖ' ગ્રંથનું મોરારિબાપુના વરદ્ હસ્તે લોકાર્પણ કરાયું...**

અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં પૂજ્ય મોરારિબાપુની 824મી રામકથા 'માનસ નવÖવન'ના પાંચમા દિવસે મૂર્ધન્ય સાહિત્યકાર, ચિંતક,

વિચારક પદ્મશ્રી ગુણવંત શાહના 'ક્રાંતિપુરુષ ગાંધીÒ' ગ્રંથનું મોરારિબાપુના વરદ્ હસ્તે લોકાર્પણ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીÒની 150મી જયંતી અને કસ્તુરબાના સ્મરણાર્થે આ કથા યોજાઈ રહી છે.

❖ **'ચરગ બાજ' તરીકે ઓળખાતું રશિયન 'સેકર ફાલ્કન' પ્રથમ વખત ગુજરાતના કચ્છમાં દેખાયું છે.**

એકાદ સદી પૂર્વે શિકાર માટે પાળવામાં આવતું અને ગુજરાતની સ્થાનિક ભાષામાં 'ચરગ બાજ' તરીકે ઓળખાતું રશિયન 'સેકર ફાલ્કન' પ્રથમ વખત ગુજરાતના કચ્છમાં દેખાયું છે. 'સેકર ફાલ્કન' મૂળભૂત રીતે રશિયાના ઘાસિયા પ્રદેશનું વતની છે.

આજ સુધી એ ગુજરાતમાં કયારેય જોવા મળ્યું નથી. કચ્છના છારીઢંઢમાં એકાદ સપ્તાહ પહેલાં આ બાજ કેમેરામાં કેદ થયું છે. 47 થી 55 સે.મી. લંબાઈ અને 105 થી 129 સે.મી. પાંખોની પહોળાઈ ધરાવતું ચરગ બાજ હરણ જેવા મોટા પ્રાણીઓનો પણ શિકાર કરી શકે છે.

❖ **યાયાવર પ્રજાતિઓ અંગે ગુજરાતમાં આયોજિત COP-13 માટેનું પ્રતીક 'ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ'ને જાહેર કરાયું...**

કેન્દ્ર સરકારે ગુજરાતમાં ગાંધીનગર ખાતે આગામી વર્ષે 15 થી 22 ફેબ્રુઆરી 2020 સુધી યોજાનારી યાયાવર પક્ષીઓના સંરક્ષણ અંગેની સંયુકત રાષ્ટ્રની સમજૂતીની 13મી કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP) માટેના પ્રતીક તરીકે ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ (ઘોરાડ)ની પસંદગીની ઘોષણા કરી છે.

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન પ્રધાન ડૉ.હર્ષવર્ધને 13મી COP માટેનો લોગો, પ્રતીક અને વેબસાઈટનું લૉન્ચિંગ તાજેતરમાં કર્યું હતું. COP-13 માટેના પ્રતીક ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડને હૂલામણું નામ ' ગીબી' અપાયું છે.

CMS સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP) અંતર્ગતની એક આંતરરાષ્ટ્રીય સંધિ છે. તે બોન કન્વેન્શન (બોન સમજૂતી)ના નામે પણ ઓળખાય છે. CMSનો ઉદ્દેશ ભૂમિગત, દરિયાઈ અને આકાશી યાયાવર પ્રજાતિઓના સંવર્ધન અને સંરક્ષણનો છે. આ સમજૂતી પર જર્મનીના બોનમાં 1979માં દસ્તખત કરાયા હતા તેથી તે બોન સમજૂતીના નામે ઓળખાય છે. બોન સમજૂતી 1983થી અમલમાં આવી છે. આ સમજૂતીના આફ્રિકા, એશિયા, યુરોપ અને ઓશનિયા (પ્રશાંત મહાસાગર અને તેની આસપાસના ક્ષેત્રો)ના 120 સભ્ય દેશો છે. ભારત 1983થી CMSનું સભ્ય છે.

❖ **ગાંધીનગરમાં યોજાયેલી 8મી ઈન્ટરપા કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યું હતું.**

ગાંધીનગરમાં ઈન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોલીસ ઍકેડમી (ઈન્ટરપા) અને ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે 'સાયબર સિકયુરિટી એન્ડ કોમ્બેટિંગ સાયબર ક્રાઈમ' થીમ સાથે 11 થી 13 ફેબ્રુઆરી, 2019 દરમિયાન યોજાયેલી 8મી ઈન્ટરપા કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કર્યું હતું. આ પ્રસંગે ઈન્ટરપાના પ્રમુખ ચિલ્માઝ કોલકે ગુજરાત ફોરેન્સિક સાયન્સીઝ યુનિવર્સિટી (GFSU) ના ડાયરેકટર જનરલ ડૉ.જે.એમ.વ્યાસને લાઈફટાઈમ અચીવમેન્ટ એવૉર્ડ આપ્યો હતો.

❖ **અમદાવાદ પાસે વિશ્વના સૌથી મોટા ઉમિયા માતા મંદિરનું વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભૂમિપૂજન કરવામાં આવશે.**

અમદાવાદ પાસે વિશ્વના સૌથી મોટા ઉમિયા માતા મંદિરનું 4 માર્ચ, 2019ના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભૂમિપૂજન કરવામાં આવશે. આ પ્રસંગે 15 દેશના પ્રતિનિધિઓ અને 10 લાખ લોકો ઉપસ્થિત રહેશે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા જાસપુર ગામ ખાતે 100 વીઘા જમીનમાં 1,000 કરોડ રૂપિયાના ખર્ચે એમ્પાવરમેન્ટ હબ બનાવવાની તૈયારી શરૂ કરી દેવાના ભાગરૂપે બેઠક યોજાઈ હતી.

❖ **ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયાએ સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર કર્યા...**

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડયાએ સાહિત્ય ગૌરવ પુરસ્કાર જાહેર કર્યા હતા. વર્ષ 2018નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર મોહમ્મદ માંકડ અને 2019નો પુરસ્કાર ડૉ. મણિલાલ હ. પટેલને એનાયત થયો છે જ્યારે વર્ષ 2017નો યુવા ગૌરવ પુરસ્કાર જિગર જોશી અને 2018નો સાગર શાહને એનાયત થયો છે.

ગુજરાત સાહિત્ય અકાદમી પ્રતિવર્ષ મૂર્ધન્ય સાહિત્યકારોને 1 લાખ રૂપિયાના સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને રૂ.50,000ના યુવા ગૌરવ પુરસ્કાર અર્પણ કરે છે. મોહમ્મદ માંકડનો જન્મ પાળિયાદમાં થયો છે તેમજ તેમની કોલમ કેલિડોસ્કોપ ઘણી લોકપ્રિય છે.

❖ **સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર વ્યકિતઓના સમુદાયને ત્રીજા વર્ગ તરીકે ઓળખ આપી છે.**

સુપ્રીમ કોર્ટે એક ચુકાદા થકી ટ્રાન્સજેન્ડર વ્યકિતઓના સમુદાયને ત્રીજા વર્ગ તરીકે ઓળખ આપી છે. જેના અનુસંધાને હવે ગુજરાત સરકારે ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની રચના કરી છે. રાજયના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા રચાયેલા આ બોર્ડ થકી આ સમુદાયની સામાજિક સુરક્ષા સહિતના વિવિધ મુદ્દાઓ પર ખાસ ધ્યાન અપાશે. ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડના અધ્યક્ષ તરીકે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી જ્યારે અન્ય 16 સભ્યોને પણ બોર્ડમાં સામેલ કરાયા છે.

❖ **મોઢેરાના સૂર્યમંદિરના સાંનિધ્યમાં ઉત્તરાર્ધ મહોત્સવ યોજાયો...**

મોઢેરાના ઐતિહાસિક સૂર્યમંદિરના સાંનિધ્યમાં 2 - 3 ફેબ્રુઆરી, 2019ના બે દિવસીય ઉત્તરાર્ધ મહોત્સવ યોજાયો હતો.

❖ **વરસાદી જળનો સંચય કરવા માટે શરૂ કરવામાં આવેલા સુજલામ્ સુફલામ્ જળ અભિયાનની દ્વિતીય શ્રૃંખલાનો રાજ્યવ્યાપી પ્રારંભ...**

વરસાદી જળનો સંચય કરવા માટે ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા સુજલામ્ સુફલામ્ જળ અભિયાનની દ્વિતીય શ્રૃંખલાનો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 23 ફેબ્રુઆરી, 2019ના પાંચાળ ભૂમિ સુરેન્દ્રનગરના તરણેતર ખાતેથી રાજયવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

❖ **સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાંનિધ્યમાં રાજ્ય ચૂંટણી પંચોના કમિશનરોની 28મી અખિલ ભારતીય પરિષદનો પ્રારંભ...**

ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીએ કેવડિયામાં સરદાર વલ્લભભાઈ પેટલની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સાંનિધ્યમાં રમણીય ટેન્ટ સિટી ખાતે રાજ્ય ચૂંટણી પંચના યજમાનપદે આયોજિત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટણી પંચોના કમિશનરોની 28મી અખિલ ભારતીય પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો.

❖ **IPS અધિકારી જે.કે.ભટ્ટને નિવૃત્તિ બાદ ગુજરાત માનવ અધિકાર પંચના સભ્ય તરીકે નિમણૂક...**

1993ની બેચના IPS અધિકારી જે.કે.ભટ્ટને નિવૃત્તિના બીજા જ દિવસે ગુજરાત માનવ અધિકાર પંચના સભ્ય તરીકે નિમણૂક આપવામાં આવી છે. તેમની નિયુકિતને રાજયપાલ ઓ.પી.કોહલીએ પણ લીલીઝંડી આપી છે.

ગુજરાત માનવાધિકાર પંચ...

- અધ્યક્ષ : જસ્ટિસ (નિવૃત્ત) અભિલાષાકુમારી (મણિપુર હાઈકોર્ટના નિવૃત મુખ્ય ન્યાયમૂર્તિ)
- સભ્ય : એમ.એચ.શાહ (નિવૃત્ત જિલ્લા–સેશન્સ જજ)
- સભ્ય : જે.કે.ભટ્ટ (નિવૃત્ત IPS અધિકારી)

પસંદગી સમિતિના અધ્યક્ષ અને સદ્સ્યો...

- અધ્યક્ષ : મુખ્યમંત્રી
- સભ્ય : રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને ગૃહ રાજ્ય મંત્રી

❖ **ગુજરાતના ATSના DIG પખે હિમાંશુ શુકલા...**

ગુજરાતના ગૃહ વિભાગ દ્વારા એન્ટિ ટેરરિસ્ટ સ્કવોડ (ATS)માં SP તરીકે ફરજ બજાવતા હિમાંશુ શુકલાને DIG પદે પ્રમોશન આપી ATSમાં જ બદલી આપવામાં આવી છે.

## આંતરરાજય

❖ **અરુણાચલ પ્રદેશમાં વડાપ્રધાને 4,000 કરોડના વિકાસ કાર્યોનો પ્રારંભ કર્યો**

ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટનું કાયમી કેમ્પસ અરુણાચલ પ્રદેશના જોલાંગ રકાપ (જોટે), પાપુમ પારે ખાતે કરાશે. તે માહિતી અને પ્રસારણ મંત્રાલયની ત્રીÒ અને પૂર્વોતરમાં પ્રથમ ફિલ્મ અને ટેલિવિઝન ઈન્સ્ટિટયૂટ હશે (અન્ય બે આવી સંસ્થાઓ FTII પુણે અને SRFTI કોલકાતા છે.)
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેલા પાસ આરપાર સેલા ટનલ પ્રોજેકટ માટે શિલાન્યાસ કર્યો હતો. સેલા પાસ અરુણાચલ પ્રદેશના તવાંગ અને પશ્ચિમ કામેંગ જિલ્લાઓ વચ્ચેની સરહદે સ્થિત અત્યંત ઊંચાઈએ આવેલો પાસ (માર્ગ) છે, જે તવાંગને શેષ ભારત સાથે જોડે છે. આ સેલા પાસ ટનલ બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) દ્વારા બાંધવામાં આવશે. આ પ્રોજેકટ અંતર્ગત કુલ 12.06 કિ.મી.ના અંતરનો માર્ગ નિર્માણ કરાશે.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ત્રિપુરા મુલાકાત દરમિયાન વિકાસ કર્યોનું ઉદ્‌ઘાટન કર્યું હતું.**

- દક્ષિણ ત્રિપુરામાં 23.32 કિ.મી. લાંબો ગરÒ–બેલોનિયા ભાગ 400 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે અને તે 3,407 કરોડ રૂપિયાના ખર્ચે બનનાર 115 કિ.મી. લંબાઈના અગરતલા–સબરૂમ નેશનલ રેલવે પ્રોજેકટ કે જેનો ઉદ્દેશ દક્ષિણ ત્રિપુરાની સરહદના અંતિમ નગર સબરૂમને જોડવાનો છે તેનો ભાગ છે.
- નરસિંહગઢ ખાતે ત્રિપુરા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોÒ (TIT) નું નવું સંકુલ.
- અગરતલા એરપોર્ટ ખાતે ત્રિપુરાના અંતિમ શાસક મહારાજા બીર બિક્રમ કિશોર માણિકયની પ્રતિમાનું વિમોચન...

❖ **ભારતની પ્રથમ ડિસ્ટ્રિકટ કુલિંગ સિસ્ટમ આંધ્ર પ્રદેશના અમરાવતીમાં સ્થપાશે...**

ભારતની પ્રથમ ડિસ્ટ્રિકટ કુલિંગ સિસ્ટમ (જિલ્લા શીતપ્રણાલી) આંધ્ર પ્રદેશના પાટનગર અમરાવતીમાં સ્થપાશે. આંધ્ર પ્રદેશ સરકારે UAE (યુનાઈટેડ આરબ અમીરાત)ની ઈન્ટરનેશનલ કુલિંગ પ્રોવાઈડર 'નેશનલ સેન્ટ્રલ કૂલિંગ કંપની (તબરીદ)' સાથે 30 વર્ષનો કરાર કર્યો છે.

ડિસ્ટ્રિકટ કૂલિંગ સિસ્ટમ કેન્દ્રીય પ્લાન્ટમાં ઠંડુ પાણી, વરાળ અથવા ગરમ પાણી ઉત્પન્ન કરે છે અને તેની ઊર્જાને ભૂગર્ભ અથવા છત દ્વારા એર કન્ડિશનિંગ તથા સ્પેસ અથવા વોટર હીટિંગ માટે બિલ્ડિંગમાં પહોંચાડે છે, જેથી આ બિલ્ડિંગોને પોતાના શીતકો, એક કન્ડિશનર્સ, બોઈલર્સ અથવા ફર્નેસીસની જરૂર પડતી નથી. ડિસ્ટ્રિકટ કૂલિંગ સિસ્ટમ અન્ય કૂલિંગ સિસ્ટમની સરખામણીમાં શહેરી બિલ્ડિંગના કૂલિંગ માટે 50% ઊર્જાનો જ ઉપયોગ કરે છે. જેથી કાર્બન ઉત્સર્જનમાં પણ ઘટાડો થાય છે.

❖ **ઉત્તરાખંડમાં ભારતનો બીજો ટયૂલિપ ગાર્ડન બનાવાશે...**

ઉત્તરાખંડ સરકારે તાજેતરમાં રાજ્યના પિથોરાગઢ જિલ્લામાં ટયૂલિપ ગાર્ડનના નિર્માણ માટે અનુમતિ પ્રાપ્ત કરી છે. આ ટયૂલિપ ગાર્ડનનું નિર્માણ પિથોરાગઢ જિલ્લામાં વન્ય ભૂમિમાં 50 એકર વિસ્તારમાં રૂ.50 કરોડના ખર્ચે કરાશે. આ ભારતનો બીજો ટયૂલિપ ગાર્ડન હશે. દેશનો એકમાત્ર ટયૂલિપ ગાર્ડન જમ્મુ–કાશ્મીરના શ્રીનગરમાં આવેલો છે.

ઉત્તરાખંડ ટયૂલિપ ગાર્ડનનો વિકાસ જાહેર ક્ષેત્રની ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) કાર્યક્રમ અંતર્ગત કરશે. તેનો ઉદ્દેશ ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં સહેલાણીઓને આકર્ષવાનો છે.

❖ **સિંધુ નદીની ડોલ્ફિનને પંજાબનું રાજ્ય જળચર ઘોષિત કર્યું...**

પંજાબ સરકારે 1 ફેબ્રુઆરી, 2019ના રોજ સિંધુ નદીની ડોલ્ફિનને પંજાબનું રાજ્ય જળચળ ઘોષિત કર્યું છે. આ માછલીને 'ભુલન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

બોર્ડે કાંજલી આદ્રભૂમિ અને પવિત્ર કાલી બિનને વન્યÒવ સરંક્ષણ રિઝર્વ હેઠળ સમાવવાની પણ જાહેરાત કરી હતી. સિંધુ નદીની ડોલ્ફિન તાજા પાણીની ડોલ્ફિનોમાં બીÒ સૌથી સંકટગ્રસ્ત પ્રજાતિ છે. પાકિસ્તાન ખાતે સિંધુ નદીમાં તેની સંખ્યા 1,800 છે તથા બિયાસ નદીમાં તેની સંખ્યા માત્ર 8 થી 10 છે.

વિશ્વમાં નદી ડોલ્ફિનની માત્ર સાત પ્રજાતિ તથા ઉપપ્રજાતિ છે, જે પૈકી સિંધુ નદીની ડોલ્ફિન એક છે. આ માછલી વિશ્વની સૌથી વધુ દુર્લભ સ્તનધારી પ્રજાતિ પૈકીની એક છે. આ માછલી અંધ હોવાના કારણે આ પ્રજાતિ અંધ ડોલ્ફિન તરીકે પણ ઓળખાય છે. આ માછલીઓ ઉદ્‌ભવ પ્રાચીન ટેથિસ સાગરમાં થયો હોવાનું મનાય છે. આ માછલીનું વૈજ્ઞાનિક નામ ''પ્લૈટેનિસ્ટા માઈનર'' છે.

❖ **જમ્મુ અને કાશ્મીર સરકારે લદાખ ક્ષેત્રને વિભાગીય દરજ્જો આપ્યો...**

જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ મલિકે 8 ફેબ્રુઆરી, 2019ના રોજ જમીન મહેસૂલ ધારો, 1996ની કલમ 5 અંતર્ગત તેમને અપાયેલી સત્તાઓનો ઉપયોગ કરી લદાખ ક્ષેત્રને વિભાગીય દરજ્જો આપ્યો હતો. લદાખ ક્ષેત્રમાં લેહ અને કારગિલ જિલ્લાઓ તથા લેહ વડુમથક રહેશે.

અત્યારસુધી લદાખ ક્ષેત્ર જમ્મુ અને કાશ્મીર રાજ્યના કાશ્મીર ક્ષેત્રનો ભાગ હતું. રાજ્ય સરકારે ડિવિઝનલ કમિશનલ (લદાખ), લેહ અને ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ (લદાખ), લેહના પદોની રચનાને પણ મંજૂરી આપી હતી. આ અંગેની સૂચના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 3 ફેબ્રુઆરી, 2019ની લેહ મુલાકાત પછી તરત જ આપવામાં આવી હતી. રાજ્ય સરકાર અનુસાર, ઠંડીની ઋતુમાં લદાખ દેશના શેષ ભાગોથી વિખૂટું પડી જાય છે. દૂરસુદૂર તથા દુર્ગમ હોવાથી તેને નવા વિભાગનો દરજ્જો અપાયો છે.

❖ **કેન્દ્ર સરકારે દેશની 22મી AIIMS હરિયાણાના રેવાડી જિલ્લામાં બનશે...**

વર્ષ 2019ના વચગાળાના બજેટમાં કેન્દ્ર સરકારે દેશની 22મી AIIMS (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ)નું નિર્માણ હરિયાણા રાજ્યના રેવાડી જિલ્લાના મંથેલી ગામ ખાતે કરવાની જાહેરાત કરી હતી.

AIIMS સંસદના કાયદા દ્વારા બનાવાયેલી એક સ્વાયત્ત સંસ્થા છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ એકટ, 1956 અંતર્ગત AIIMS રાષ્ટ્રીય કક્ષાએ મહત્વની સંસ્થા છે.

❖ **કેન્દ્રીય પર્યાવરણ મંત્રી હર્ષવર્ધનની અધ્યક્ષતા હેઠળના નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફ (NBWL)એ જાન્યુઆરી 2019માં થાણે ક્રીક ફલેમિંગો અભ્યારણ્ય અને સંજય ગાંધી નેશનલ પાર્કમાંથી પસાર થતાં મુંબઈ–અમદાવાદ હાઈ–સ્પીડ રેલ પ્રોજેકટ (MAHSR)ને મંજૂરી આપી હતી.**

બુલેટ ટ્રેન તરીકે ઓળખાતી આ લાઈન ભારતની સૌપ્રથમ હાઈ–સ્પીડ રેલ લાઈન હશે. આ કોરિડોરનું ઉદ્દઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે દ્વારા સપ્ટેમ્બર 2017માં અમદાવાદ ખાતે થયું હતું. આ કોરિડોરનું કાર્ય વર્ષ 2022 સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડલાઈફ (NBWL)એ જંગલની જમીનને ઔદ્યોગિક વિકાસ માટેની જમીનમાં તબદીલ માટે પરવાનગી આપેલ છે.

❖ **મદ્રાસ હાઈકોર્ટે પોતાના એક ચુકાદામાં સ્પર્ધાત્મક પરીક્ષામાં અપાતા નેગેટિવ માર્કિંગને કાયદાની રીતે ખોટો ગણાવી તેને અયોગ્ય ઠેરવતો ચુકાદો આપ્યો હતો.**

IIT-JEE (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોÒ–જોઈન્ટ એન્ટ્રન્સ એકઝામ)ની મુખ્ય પરીક્ષામાં અસફળ રહેલા એક ઉમેદવારની અરÒની સુનવાણી વખતે મદ્રાસ હાઈકોર્ટે ખોટા ઉત્તરો માટે કપાતા માકર્સ કોઈપણ રીતે વિદ્યાર્થીની બુદ્ધિમતા અને જ્ઞાનના વિશ્લેષણમાં મદદ ન કરતા હોવાનું સ્વીકારી, આ પ્રથાને વિદ્યાર્થીના મગજના વિકાસમાં બાધારૂપ હોવાનું પણ કહ્યું હતું.

❖ **પ્રધાનમંત્રી જન આરોગ્ય (PM-JAY) યોજના અંતર્ગત રાજયને અમલીકરણ માટે 3 મોડલ પ્રસ્તાવિત કરાયા છે, જે નીચે મુજબ છે.**

- વીમા મોડેલ : આ મોડેલ હેઠળ વીમા કંપનીને પ્રીમિયમની ચૂકવણી કરાશે જે બાદમાં વળતર આપશે.
- ટ્રસ્ટ આધારિત મોડલ : આ મોડલ અંતર્ગત પ્રત્યેક રાજય પોતપોતાના સ્તરે યોજના માટે ટ્રસ્ટની રચના કરશે તથા વળતરની ચૂકવણી કેન્દ્ર તથા રાજય સરકારના યોગદાનથી નિર્મિત કોર્પસ (ભંડોળ) માંથી કરાશે.
- હાઈબ્રિડ મોડલ : આ મોડલને આધીન વળતરનો અમુક ભાગ વીમા મોડલ અંતર્ગત આવે છે, જ્યારે શેષ ભાગ ટ્રસ્ટ મોડલ અંતર્ગત જશે.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY-આયુષ્માન ભારત) એક સરકારી આરોગ્ય યોજના છે, તેની અંતર્ગત એક પરિવારને દર વર્ષે 5 લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે. PM-JAY નો લાભ કોઈ સરકારી કે અમુક ખાનગી હોસ્પિટલોમાં લઈ શકાશે. આ યોજનામાં સામાજિક આર્થિક વસ્તી ગણતરી 2011માં ઓળખાયેલા પરિવારોને સામેલ કરાશે. આ યોજના 32 રાજયો / કેન્દ્રશાસિત પ્રદેશોના 444 જિલ્લાઓમાં લાગુ થશે. આ યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 23 સપ્ટેમ્બર, 2018ના લોન્ચ કરી હતી.

❖ **સાંપ્રદાયિક હિંસાના પીડિતો માટે વિશેષ કાર્યશાળાનું આયોજન...**

નેશનલ ફાઉન્ડેશન ફોર કમ્યુનલ હાર્મની (NFCH) એ 4 ફેબ્રુઆરી, 2019ના રોજ બેંગ્લોર ખાતે સાંપ્રદાયિક હિંસાનો ભોગ બનેલા 42 પીડિતો માટે વિશેષ કાર્યશાળાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન 'નો માય ઈન્ડિયા પ્રોગ્રામ' (Know My India Programme) અંતર્ગત થયું હતું.

'નો માય ઈન્ડિયા પ્રોગ્રામ'નું આયોજન આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવે છે.

NFCH દ્વારા આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ આર્થિક સહાયતા પ્રાપ્ત કરતા ફાઉન્ડેશનના જુદા–જુદા રાજ્યોના બાળકોને એકસાથે લાવી તેમને બંધુત્વ અને રાષ્ટ્રીય સંકલન માટે પ્રોત્સાહન આપવાનો છે.

NFCH કેન્દ્રીય ગૃહ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરતી સ્વાયત્ત સંસ્થા છે. આ ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ સાંપ્રદાયિક, જાતીય, વંશીય કે આતંકી હિંસાનો ભોગ બનેલા બાળકો અને યુવાનોને સાંપ્રદાયિક સંવાદિતા અને રાષ્ટ્રીય સમન્વય દ્વારા પુનઃસ્થાપિત કરવાનો છે.

❖ **નવી દિલ્હીમાં 20મા ભારત રંગ મહોત્સવનું આયોજન...**

સંસ્કૃતિ રાજ્ય મંત્રી ડૉ. મહેશ શર્માએ નવી દિલ્હીમાં 21 દિવસ સુધી ચાલનારા રાષ્ટ્રવ્યાપી થિયેટર શૉ ભારત રંગ મહોત્સવનું ઉદ્દઘાટન કર્યું હતું. આ ભારતનો આંતરરાષ્ટ્રીય રંગમંચ ઉત્સવ છે. જેનું આયોજન રાષ્ટ્રીય નાટય વિદ્યાલય (નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા = NSD) દ્વારા કરવામાં આવે છે. NSD ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હસ્તકની એક સ્વાયત્ત સંસ્થા છે.

❖ **આઠમી સદીના હિમાલયના ઋષિ ગુરુ પદ્મસંભવ અંગેની આંતરાષ્ટ્રીય પરિષદનું આયોજન દિલ્હીમાં થયું હતું.**

ભારત અને ભૂટાન વચ્ચેના રાજદ્વારી સંબંધોની 50 વર્ષની યાદીરૂપે આ પરિષદનું આયોજન થયું હતું.

ગુરુ પદ્મસંભવનો જન્મ ભારતમાં થયો હતો. તેમણે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે આઠમી સદીમાં સમગ્ર હિમાલયની યાત્રા કરી હતી. ભૂટાનના દરેક ઘર અને મંદિરમાં ગુરુ પદ્મસંભવની તસવીર જોવા મળે છે. ગુરુ પદ્મસંભવને ગુરુ રિયોચ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેઓને તિબેટ, નેપાળ તથા ભારતમાં ''દ્વિતીય બુદ્ધ'' તરીકે પણ ઓળખવામાં આવે છે. તિબેટના ચાર પ્રાચીન ધાર્મિક સંપ્રદાયો પૈકીના સૌથી પ્રાચીન ધાર્મિક સંપ્રદાય એવા ન્યિંગ્મા સંપ્રદાયના સ્થાપક તરીકે ગુરુ પદ્મસંભવને માનવામાં આવે છે.

❖ **ગ્રામીણ મહિલાઓ દ્વારા નિભાવવામાં આવેલી નેતૃત્વકારી ભૂમિકા પર પ્રકાશ ફેંકવા ત્રીજું સ્વચ્છ શકિત–2019 સંમેલન....**

સ્વચ્છ શકિત–2019 એક રાષ્ટ્રીય આયોજન છે, જેનો ઉદ્દેશ સ્વચ્છ ભારત મિશનમાં ગ્રામીણ મહિલાઓ દ્વારા નિભાવવામાં આવેલી નેતૃત્વકારી ભૂમિકા પર પ્રકાશ ફેંકવાનો છે. સમગ્ર દેશના મહિલા સરપંચો આ કાર્યક્રમમાં સામેલ થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2017માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસર ગુજરાતના પાટનગર ગાંધીનગરથી સ્વચ્છ શકિત કાર્યક્રમનો આરંભ કર્યો હતો. બીજું સ્વચ્છ શકિત સંમેલન 2018માં ઉત્તર પ્રદેશના લખનઉમાં યોજાયું હતું. વડાપ્રધાને કુરુક્ષેત્રમાં સ્વચ્છ શકિત–2019 પુરસ્કાર પણ પ્રદાન કર્યા હતા.

❖ **ગોવાના ડેબોલિમ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં દેશા પ્રથમ GI સ્ટોરનો આરંભ...**

તાજેતરમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ગોવાના ડેબોલિમ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં દેશના પહેલાવહેલા GI (જ્યોગ્રાફિકલ ઈન્ડિકેશન) સ્ટોરનો આરંભ કર્યો છે. આ સ્ટોરમાં સ્થાનિક વિશિષ્ટ ઉત્પાદનોને ઉત્તેજન આપવામાં આવશે. આ સ્ટોરમાં જ ઉત્પાદનો રાખવામાં આવશે જેને GI (ભૌગોલિક સંકેત) ટેગ મળેલું છે.

GI ટેગ અથવા ઓળખ એ વસ્તુ અથાવ ઉત્પાદનને આપવામાં આવે છે જે કોઈ વિશિષ્ટ ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે છે, અથાવ કોઈ વિશેષ સ્થાન પર જ મળી આવે છે. GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રાકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓને તેમની વિશિષ્ટ ગુણવત્તા બદલ આપવામાં આવે છે. આ GI ટેગ 10 વર્ષ માટે માન્ય હોય છે. પછીથી તેને રિન્યૂ કરાવવું પડે છે.

❖ **<u>મેઘાલય સરકાર ડિક્કી બાન્ડી સ્ટેડિયમને પી.એ.સંગ્માનું નામ આપશે....</u>**

મેઘાલય સરકારે રાજ્યના ડિક્કી બાન્ડી સ્ટેડિયમને લોકસભાના પૂર્વ અધ્યક્ષ અને મેઘાલયના મુખ્યમંત્રી રહી ચૂકેલા પી.એ. સંગ્માનું નામ આપવાનો નિર્ણય કર્યો છે.

❖ **<u>ઉત્તર પ્રદેશ રાજ્ય કલ્યાણ પરિવાર વિભાગે પરિવાર નિયોજન અંગે જાગૃતિ ફેલાવવા માટે સારથિ સંદેશ વાહિની મિશનની શરૂઆત કરી.</u>**

ઉત્તર પ્રદેશ રાજ્ય પરિવાર કલ્યાણ વિભાગે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પરિવાર નિયોજન વિશે જાગૃતિ ફેલાવવા માટે સારથિ સંદેશ વાહિની મિશનની શરૂઆત કરી હતી. સારથિ સંદેશ વાહિની વાહનો દર્શકોને વિવિધ દસ્તાવેÖ ચિત્રો અને ફિલ્મો દ્વારા પરિવાર નિયોજન વિશે માહિતી આપશે.

ઉત્તર પ્રદેશ સરકારે બાળકો અને વૃદ્ધોમાં મોટાભાગે જોવા મળતા રોગ એન્સેફલાઈટિસને નાબૂદ કરવા માટે નવી પહેલ આરંભી છે. આ પહેલનો ઉદ્દેશ આ રોગ વિશે જાગૃતિ ફેલાવવાનો અને જરૂરતમંદ વ્યકિતને તબીબી સહાય પહોંચાડવાનો છે.

❖ **<u>ગોવાના કલા અને સંસ્કૃતિ મંત્રીએ 'ઘુમટ'ને ગોવાનું વિરાસત સંગીત વાદ્યતંત્ર જાહેર કર્યું.</u>**

ગોવાના કલા અને સંસ્કૃતિ મંત્રી ગોવિંદ ગૌડેએ સ્વદેશી માટીના ડ્રમ ' ઘુમટ'ને ગોવાનું વિરાસત સંગીત વાદ્યતંત્ર જાહેર કર્યું હતું. ઘુમટ સ્વદેશી માટીમાંથી નિર્મિત માટલું છે. ઘુમટ તબલાં જેવું વાદ્ય છે, જે મોટાભાગે ગણેશ ચતુર્થી દરમિયાન થતી આરતીઓમાં વગાડાય છે. ભૂતકાળની પોર્ટુગીઝ ગોવા સરકારે 2017માં પોર્ટુગીઝ વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટાને ઘુમટની ભેટ આપી હતી. પોર્ટુગીઝ વડાપ્રધાન એન્ટોનિયો કોસ્ટા મૂળ ગોવાના છે.

મોનિટર ગરોળીની ચામડી ઘુમટના મુખ્ય ઘટકો પૈકીની એક છે. મોનિટર ગરોળીને લુપ્તપ્રાયઃ વન્યÖવ પ્રજાતિ તરીકે વર્ગીકૃત કરાઈ છે અને તેને વન્યÖવ (સુરક્ષા) અધિનિયમ, 1972ની સૂચિ–1 હેઠળ સમાવાઈ છે આથી, ગોવાના વન ખાતા દ્વારા ઘુમટ પર પ્રતિબંધ મુકાયો છે. તાજેતરના વર્ષોમાં ગોવાના આ વિરાસત વાદ્યતંત્રને મોનિટર ગરોળીની ચામડીને બદલે બકરીની ચામડીનો ઉપયોગ કરીને પુનÖવિત કરવાના પ્રયાસો થયા હતા, આ પુનÖવને વાદ્યયંત્ર વિશેના રસમાં વધારો કર્યો છે.

❖ **<u>બિહારના મોતીહારીમાં ત્રિદિવસીય કૃષિ કુંભ...</u>**

બિહારના રાજ્યપાલ લાલÖ ટંડન અને કેન્દ્રીય કૃષિ મંત્રી રાધામોહનસિંઘે મોતીહારીમાં 9 ફેબ્રુઆરી, 2019ના રોજ ત્રિદિવસીય કૃષિ કુંભનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

❖ **<u>કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય રાજધાનીને ગાઝિયાબાદ મારફત મેરઠ સાથે જોડવા રૂ.30,274 કરોડની રિજનલ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (RRTS) ના નિર્માણને લીલીઝંડી આપી દીધી છે.</u>**

RRTS હેઠળ 82 કિલોમીટર લાંબા માર્ગને હાઈ–સ્પીડ અને ગ્રીન પબ્લિક ટ્રાન્ઝિટ વડે 60 મિનિટથી પણ ઓછા સમયમાં અંતર કાપી શકાય એ રીતે આવરી લેવાશે. પ્રોજેકટને સ્પેશિયલ પર્પઝ વેહિકલ નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (NCRTC) દ્વારા સમાન યોગદાન સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંયુકત માલિકી તરીકે હાથ ધરાશે.

રિજનલ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (RRTS) રેલ આધારિત હાઈ–સ્પીડ રિજનલ ટ્રાન્સિટ સિસ્ટમ છે. RRTSનો અમલ નવી દિલ્હી મેરઠ માર્ગ પર ભારતમાં સૌપ્રથમવાર કરવામાં આવશે. તેનો ઉદ્દેશ નેશનલ કેપિટલ રિજિયન (NCR) માં સૌથી ઝડપી, આરામદાયક અને સુરક્ષિત પરિવહન પ્રણાલી પૂરી પાડવાનો છે. કુલ 82.15 કિલોમીટરના માર્ગ પૈકી 68.03 કિ.મી. જમીનથી ઉપર હશે અને 14.12 કિ.મી ભૂગર્ભમાં હશે.

❖ **<u>ઉપરાષ્ટ્રપતિ વેન્કૈયા નાયડુએ તાજેતરમાં ચેન્નાઈ ખાતે દક્ષિણ–પૂર્વ એશિયાના પ્રથમ પ્રોટોન થેરાપી સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.</u>**

ભારતમાં મલ્ટિ–સ્પેશયાલિટી હોસ્પિટલો ચલાવનાર અપોલો હોસ્પિટલ એન્ટરપ્રાઈઝ લિ. દ્વારા એપોલો પ્રોટોન કેન્સર સેન્ટર (APCC) ની સ્થાપના કરવામાં આવી છે.

- APCCમાં પીડિતોને આધુનિક પેન્સિલ–બીમ સ્કેનિંગ ટેકનિક સાથે આધુનિક મલ્ટિ–રૂમ પ્રોટોન થેરાપી દ્વારા સારવાર અપાશે, જે દ્વારા ચોકસાઈ અને નિવારણની માત્રા સૌથી વધુ થશે.
- પરંપગરાગત રેડિયો થેરાપી કરતા પ્રોટોન થેરાપીના લાભ ઘણા વધારે છે, વિશ્વભરના 2,00,000 થી વધુ પીડિતોને તેના દ્વારા રાહત મળશે.
- પ્રોટોન બીમ થેરાપી દ્વારા કેન્સરનો ચોક્કસ જગ્યાએ ઈલાજ થાય છે, જેથી તંદુરસ્ત કોષોને ઓછું નુકસાન પહોંચે છે. તેના કારણે કેન્સરથી પીડિત વ્યકિત પણ આરામદાયક Öવન Öવી શકે છે. આ થેરાપીની આડઅસર ઓછી થાય છે.

❖ **<u>ભોપાલમાં 79મી ભારતીય ઈતિહાસ કોંગ્રેસનું આયોજન</u>**

79મી ભારતીય ઈતિહાસ કોંગ્રેસનું આયોજન 26 ફેબ્રુઆરી, 2019થી મધ્યપ્રદેશના પાટનગર ભોપાલની બરકતુલ્લાહ યુનિવર્સિટીમાં કરાયું હતું. અગાઉ 79મી ભારતીય ઈતિહાસ કોંગ્રેસનું આયોજન પુણેમાં કરવાનું હતું પરંતુ નાણાકીય સમસ્યાઓના કારણે તે શકય બન્યું ન હતું.

ભારતીય ઈતિહાસ કોંગ્રેસની સ્થાપના 1935માં કરાઈ હતી. તે ભારતીય ઈતિહાસકારો તથા શિક્ષણવિદ્દોનું સૌથી મોટું સંગઠન છે. તેમાં 10,000થી અધિક સભ્યો છે. ભારતીય ઈતિહાસ કોંગ્રેસનો ઉદ્દેશ ભારતીય ઈતિહાસના વૈજ્ઞાનિક અભ્યાસને પ્રોત્સાહન આપવાનો છે.

❖ **<u>16 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 112 હેલ્પલાઈનનો આરંભ...</u>**

અગાઉ માત્ર હિમાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં શરૂ કરાયેલા ઈમરજન્સી નંબર 112ને તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંઘે ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) અંતર્ગત દેશના 16 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોન્ચ કરાયો છે. 112 હેલ્પલાઈન નંબર જે 16 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોન્ચ કરાયો છે. સમગ્ર દેશમાં કોઈપણ આકસ્મિક / આપાતકાલિન સેવાઓ માટે હવે એક જ રાષ્ટ્રીય ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 ડાયલ કરવાનો રહેશે. ગુજરાતમાં પ્રથમ ચરણમાં નવરચિત 7 જિલ્લાઓમાં 112 હેલ્પલાઈનનો અમલ કરવામાં આવશે. ત્યારબાદ ટૂંક સમયમાં સમગ્ર ગુજરાતમાં આ હેલ્પલાઈનની સેવા શરૂ થઈ જશે. GVK EMRI ના હાલના માળખાનો ઉપયોગ કરીને 112 નંબર કાર્યરત કરાયો છે.

ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ (ERSS) એક જ હેલ્પલાઈન નંબર 112 માં પોલીસ (100), ફાયર (101) અને મહિલા હેલ્પલાઈન નંબર (1090)ને સંકલિત કરી દેશે. આરોગ્ય માટેના ઈમરજન્સી નબંર (108)ને સંકલિત કરવાની પ્રક્રિયા શરૂ છે.

**હવે આ સેવાઓ 112 પર મળશે...**

એમ્બ્યુલન્સ–108, પોલીસ–100, ફાયર–101, અભયમ્–181, ડિઝાસ્ટર કન્ટ્રોલ–1070, 1077, એનિમલ હેલ્પલાઈન–1962

❖ **<u>કલકત્તા હાઈકોર્ટની સર્કિટ બેન્ચ જલપાઈગુડી ખાતે બનશે....</u>**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ કેન્દ્રીય મંત્રીમંડળે 6 ફેબ્રુઆરી, 2019ના રોજ કલકત્તા હાઈકોર્ટની સર્કિટ બેન્ચ જલપાઈગુડી ખાતે બનાવવાની મંજૂરી આપી હતી. આ બેન્ચનું ન્યાયક્ષેત્ર દાર્જિલિંગ, કાલિમપોંગ, જલપાઈગુડી અને કૂચ બિહાર એમ 4 જિલ્લાઓ પૂરતું

રહેશે. આ નિર્ણય કલકત્તા હાઈકોર્ટની 1988ની સંપૂર્ણ કોર્ટ મીટિંગ, 16/6/2006ના રોજ કલકત્તાની જલપાઈગુડી ખાતે સર્કિટ બેન્ચની રચનાનો કેબિનેટ દ્વારા નિર્ણય અને કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની અધ્યક્ષતામાં જજોની ટીમની 30/8/2018ના રોજ સર્કિટ બેન્ચના સ્થળ પર સુવિધાઓની તપાસ અર્થે મુલાકાતના પગલે લેવાયો હતો.

❖ **મૈથિલી ભાષાના સંરક્ષણ માટે દરભંગામાં પાંડુલિપિ કેન્દ્રની સ્થાપના કરાશે....**

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા અપાયેલી માહિતી અનુસાર, મૈથિલી ભાષા અથવા મિથિલાક્ષરના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે દરભંગામાં પાંડુલિપિ કેન્દ્રની સ્થાપના કરાશે.

- મિથિલાક્ષરના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે બિહારના દરભંગામાં પાંડુલિપિ કેન્દ્રની સ્થાપના કરાશે.
- આ પાંડુલિપિ કેન્દ્ર લલિત નારાયણ મિથિલા યુનિવર્સિટી નવી દિલ્હી ખાતે અથવા કામેશ્વરસિંઘ દરભંગા સંસ્કૃત યુનિવર્સિટીમાંથી કોઈ એક પરિસરમાં સ્થપાશે.

❖ **સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો – 2019...**

સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળાનું દર વર્ષે આયોજન સૂરજકુંડ મેળા ઓથોરિટી અને હરિયાણા ટુરિઝમ દ્વારા કેન્દ્રીય પ્રવાસ મંત્રાલય, કાપડ મંત્રાલય, સંસ્કૃતિ મંત્રાલય અને વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવે છે.

સૂરજકુંડ આંતરરાષ્ટ્રીય હસ્તકલા મેળો–2019નું થીમ રાજ્ય મહારાષ્ટ્ર અને ભાગીદાર રાષ્ટ્ર–થાઈલેન્ડ છે. હરિયાણા રાજ્યના ફરીદાબાદ સૂરજકુંડ ખાતે પ્રતિવર્ષ આયોજિત થતાં આ મેળાના ઉદ્દેશો આ મુજબ છે.

- દેશભરની હસ્તકલા અને હાથવણાટકલાને પ્રોત્સાહન આપવું.
- ઓછી જાણીતી હસ્તકલાને હાથવણાટકલાને ઓળખી, તેને પુરસ્કાર પ્રદાન કરવો.
- હસ્તકલા અને હાથવણાટકલાના નિકાસને પ્રોત્સાહન આપી, તેની જવાબદારી લેવી.

  દરેક રાજ્યની હસ્તકલા અને પાકકલાને પ્રોત્સાહન આપવાના હેતુથી થીમ રાજ્યનો ખ્યાલ અમલમાં મૂકવામાં આવ્યો છે.

❖ **''ભારતને જાણો કાર્યક્રમ'' (Know India Programme) ની 53મી આવૃત્તિ....**

''ભારતને જાણો કાર્યક્રમ'' (Know India Programme) ની 53મી આવૃત્તિ નિમિત્તે 5 ફેબ્રુઆરી, 2019ના રોજ નવી દિલ્હી ખાતે 8 દેશોના ભારતીય મૂળના યુવાનો કેન્દ્રીય પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રી (સ્વતંત્ર હવાલો) ડૉ. જિતેન્દ્રસિંઘને મળ્યા હતા. અત્રે ફિÖ, ગુયાના, મોરેશિયસ, પોર્ટુગલ, દક્ષિણ આફ્રિકા, શ્રીલંકા, સુરીનામ તથા ટ્રિનિદાદ અને ટોબેગોના 24 યુવાનો તથા 16 યુવતીઓ સહિત કુલ 40 લોકોનો સમૂહ સમાવિષ્ટ હતો.

આ આવૃત્તિના ભાગીદાર રાજ્ય તરીકે મહારાષ્ટ્ર તથા દીવ અને દમણ છે. કેન્દ્રીય વિદેશ મંત્રાલય દ્વારા આયોજિત આ કાર્યક્રમનો હેતુ 18 થી 30 વર્ષની ઉંમરના ભારતીય મૂળના યુવાનોને ભારત દ્વારા કરાયેલા વિકાસ કાર્યો તથા યોગદાન સાથે પરિચિત કરી તેમના પૂર્વજોની ભૂમિથી વધુ નÖક લાવવાનો છે. 23 જાન્યુઆરીથી 16 ફેબ્રુઆરી સુધીના પ્રવાસ દરમિયાન આ યુવાનો ભારતના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત લેશે.

❖ **નોઈડાના ઈન્ડિયા એક્સ્પો સેન્ટર ખાતે 13મા આંતરાષ્ટ્રીય ઓઈલ એન્ડ ગેસ સંમેલન – પેટ્રોટેક–2019 સંમેલન યોજાયું...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 ફેબ્રુઆરી, 2019ના રોજ ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સ્પો સેન્ટર ખાતે 13મા આંતરાષ્ટ્રીય ઓઈલ એન્ડ ગેસ સંમેલન – 'પટ્રોટેક–2019' નું ઉદ્ઘાટન કર્યું હતું. ત્રિદિવસીય સંમેલન 'પેટ્રોટેક–2019' 10 થી 12 ફેબ્રુઆરી દરમિયાન યોજાયું હતું. જેની થીમ : શેપિંગ ધ ન્યૂ એનÖ વર્લ્ડ થ્રૂ ઈનોવેશન એન્ડ કોલાબોરેશન.

અત્રે વડાપ્રધાને જણાવ્યું હતું કે પૂર્વથી પશ્ચિમમાં ઊર્જા વપરાશમાં પરિવર્તન આવ્યું છે તથા શેલ ક્રાંતિ પછી અમેરિકા વિશ્વમાં ઓઈલ અને ગેસનું સૌથી મોટું ઉત્પાદક બન્યું છે. નવી ટેકનોલોÖ અને પ્રક્રિયાઓની સાથે ઈન્ડસ્ટ્રી 4.0એ ઉદ્યોગોને ચલાવવાની રીતને બદલી નાખશે તથા નવી કંપનીઓ કાર્યક્ષમતા અને સુરક્ષા વધારવા અને કિંમતો ઘટાડવા માટે નવી ટેકનોલોÖ અપનાવી રહી હોવાનું પણ વડાપ્રધાને કહ્યું હતું. વડાપ્રધાને LPGનો વપરાશ પાંચ વર્ષમાં 55 ટકાથી વધીને 90 ટકા થયાનું જણાવી ' બ્લૂ ફ્લેઈમ રિવોલ્યુશન' શરૂ હોવાનું કહ્યું હતું.

પેટ્રોટેક વિશે...

પેટ્રોટેક સંમેલન દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય ઓઈલ અને ગેસ સંમેલન છે. આ સંમેલન ઓઈલ અને ગેસ ઉદ્યોગ ક્ષેત્રના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોને વિચારોનો વિનિમય કરવાનું તથા જ્ઞાન, કુશળતા અને અનુભવને વહેંચવાનું મંચ પૂરું પાડે છે. આ સંમેલનનું આયોજન ભારત સરકારના ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિ. (ONGC) દ્વારા થયું હતું. જેમાં મેક ઈન ઈન્ડિયા અને રિન્યૂએબલ એનÖ થીમ પર વિશિષ્ટ વિષયો પણ સમાવિષ્ટ હતા.

❖ **જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક (સુધારા) વિધેયક–2018 લોકસભામાં પસાર થઈ ગયું છે.**

- અમૃતસરના જલિયાંવાલા બાગ ખાતે 13 એપ્રિલ, 1919ના રોજ માર્યા ગયેલા કે ઈજા પામેલા લોકોની યાદમાં રાષ્ટ્રીય સ્મારકની સ્થાપના માટે જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક વિધેયક–1951 પસાર કરવામાં આવ્યું હતું.
- 1951ના આ વિધેયક દ્વારા રાષ્ટ્રીય સ્મારકના વ્યવસ્થાપન માટે ટ્રસ્ટની રચના કરવાની પણ જોગવાઈ છે.
- 1951ના વિધેયક મુજબ ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે વડાપ્રધાન તથા ટ્રસ્ટી તરીકે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ, સંસ્કૃતિ મંત્રી, લોકસભામાં વિપક્ષના નેતા, પંજાબના રાજ્યપાલ, પંજાબના મુખ્યમંત્રી અને કેન્દ્ર સરકાર દ્વારા નિમાયેલા 3 નામાંકિત વ્યકિતઓનો સમાવેશ કરાયો હતો.
- 2018ના સુધારા વિધેયક દ્વારા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષને આ ટ્રસ્ટના ટ્રસ્ટી પદેથી દૂર કરાયા છે.
- વળી, આ વિધેયક દ્વારા સ્પષ્ટ કરાયું હતું કે જયારે લોકસભામાં વિપક્ષના નેતા ન હોય ત્યારે વિરોધ પક્ષમાંના સૌથી મોટા પક્ષના નેતા ટ્રસ્ટી રહેશે.
- 1951ના વિધેયક દ્વારા કેન્દ્ર સરકારને તેના દ્વારા નિમાયેલા ટ્રસ્ટીની મુદત પૂરી થાય તે પહેલાં કોઈપણ કારણ આપ્યા વિના તેમનો કાર્યકાળ પૂર્ણ કરવાની પરવાનગી આપતી કલમ પણ ઉમેરાઈ છે.

સરકારે દાવો કર્યો છે કે આ વિધેયક રાષ્ટ્રીય સ્મારકના વ્યવસ્થાપનમાં રહેલી ઉણપોને પહોંચી વળવા તથા તેનું ટ્રસ્ટ બિનરાજકીય સંસ્થા બની રહે તેની ખાતરી કરવા માટે લવાયું છે.

❖ **હરિયાણામાં PM દ્વારા નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યુટનું ઉદ્ઘાટન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિયાણાના ઝજ્જર જિલ્લામાં બધસા ખાતે નેશનલ કેન્સર ઈન્ટિટયૂટ (NIC) નું ઉદ્ઘાટન કર્યું હતું. ઉત્તર ભારતમાં તેમણે સૌપ્રથમ એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC) મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું પણ ફરીદાબાદમાં ઉદ્ઘાટન કર્યું હતું. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં સર્જિકલ ઓન્કોલોÖ, રેડિયેશન ઓન્કોલોÖ, મેડિકલ ઓન્કોલોÖ, એનેસ્થેસિયા, પોલિએટિવ કેર તથા પરમાણુ ઔષધિની સવલતો છે.

અન્ય વિકાસ કાર્યો...

- પંચકુલામાં રાષ્ટ્રીય આર્યુવેદ સંસ્થાનનો શિલાન્યાસ.

- શ્રીકૃષ્ણ આયુષ યુનિવર્સિટી, કુરુક્ષેત્રનો શિલાન્યાસ.
- પાનીપતમાં પાનીપત સંગ્રામ સંગ્રહાલયનો શિલાન્યાસ.
- પંડિત દિનદયાળ ઉપાધ્યાય સ્વાસ્થય વિજ્ઞાન યુનિવર્સિટી, કરનાલનો શિલાન્યાસ.

❖ **વિશ્વભરમાં આત્મહત્યાના કારણે થનારા મોતના કેસોમાં 1990 પછી લગભગ 1/3 અર્થાત 33% ઘટાડો નોંધાયો છે.**

આ દાવો 7 ફેબ્રુઆરી, 2019ના પ્રકાશિત એક અભ્યાસમાં કરાયો છે. અલબત્ત, ગ્લોબલ બર્ડન ઓફ ડીસીઝની ટીમ દ્વારા તૈયાર કરાયેલા ડેટા મૉડલ અનુસાર, અલગ અલગ દેશોમાં આત્મહત્યા કરવાના અલગ–અલગ કારણો મળી આવ્યા છે.

- 'ધ બીએમજે' પત્રિકા દ્વારા પ્રકાશિત આ અભ્યાસમાં એવું પણ માલૂમ પાડયું છે કે વર્ષ 2016માં આત્મહત્યા કરનારાઓમાંથી લગભગ 44.2% લોકો ભારત અને ચીનમાંથી હતા.
- ગ્લોબલ બર્ડન ઓફ ડીસીઝની ટીમને જણાયું કે ઉંમર અને વસતીના કદના આધારે જોઈએ તો આત્મહત્યાનો દર પ્રતિ 1,00,000 લોકોએ 16.6 ઘટીને 11.2 થઈ ગયો છે જે 32.7% ઓછો છે.

## આંતરરાષ્ટ્રીય

❖ **કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા બહાર પડાયેલા જાહેરનામામાં પાકિસ્તાનના કરતારપુર સાહિબ ગુરદ્વારાની મુલાકાત માટે આવવા તથા જવાના અધિકૃત ઈમિગ્રેશન ચેક પોઈન્ટ તરીકે પંજાબના ગુરદાસપુર જિલ્લામાં આવેલી ડેરા બાબા નાનક ભૂમિ ચોકીને જાહેર કરાઈ છે.**

કરતારપુર સાહિબ કોરિડોર પાકિસ્તાનના કરતારપુર ગુરદ્વારાને ભારતના ગુરદાસપુર જિલ્લાના ડેરા બાબા નાનક ગુરદ્વારા સાથે જોડે છે. કરતારપુર, સાહિબ કોરિડોર રાવી નદીના કિનારે પાકિસ્તાનમા સરહદથી 3-4 કિ.મી. દૂર છે. આ સૂચિત કોરિડોરની સ્થાપના ભારતના ડેરા બાબા નાનક ગુરદ્વારા અને પાકિસ્તાનના કરતારપુર ગુરદ્વારા વચ્ચે ભારતના શીખ યાત્રાળુઓને વિઝા વિના યાત્રા કરાવવા માટે થઈ હતી. મુલાકાતીઓએ શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક દેવે તેમના Ôવનના 18 કરતાં વધુ વર્ષો જ્યાં વીતાવ્યા હતા તેવા કરતારપુર સાહિબ ગુરદ્વારાની મુલાકાત માટે પરવાનગી લેવી પડશે. ગુરુ નાનક દેવ દ્વારા 1522માં ડેરા બાબા નાનક ગુરદ્વારાની સ્થાપના કરાઈ હતી.

❖ **અમેરિકા દ્વારા INF (ઈન્ટરમીડિએટ રેન્જ ન્યૂકિલયર ફોર્સીસ) સંધિને અટકાવવાની ઔપચારિક જાહેરાત થતા, રશિયાએ પણ આ સંધિને સ્થગિત કરવાની જાહેરાત કરી છે.**

આ સંધિનો રશિયા અને અમેરિકા દ્વારા ભંગ થતા બન્ને રાષ્ટ્રો હવે નાની અને મધ્યમ કક્ષાની મિસાઈલનું ઉત્પાદન કરશે. યુરોપિયન યુનિયન પણ ત્રીજા પક્ષ તરીકે હથિયારો બનાવવાની સ્પર્ધામાં જોડાઈ શકે છે.

ઈન્ટરમીડિએટ રેન્જ ન્યૂકિલયર ફોર્સીસ (INF સંધિ) વિશે...

અમેરિકાના રાષ્ટ્રપતિ રોનાલ્ડ રેગન અને સોવિયેત યુનિયનના જનરલ સેક્રેટરી મિખાઈલ ગોર્બાચેવ વચ્ચે ડિસેમ્બર 1987માં થયેલી ઈન્ટરમીડિએટ રેન્જ ન્યૂકિલયર ફોર્સીસ (INF) સંધિના મુખ્ય લક્ષણો આ મુજબ છે :

- આ સંધિ અંતર્ગત અમેરિકા અને સોવિયેત યુનિયન પર 500 થી 5,500 કિ.મી. રેન્જની જમીન પરથી છોડાતી ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલની માલિકી અને પરીક્ષણ પર પ્રતિબંધ હતો.
- આ સંધિ અંતર્ગત પરંપરાગત અને પરમાણુ યુદ્ધ સામગ્રી ધરાવતી દરેક પ્રકારની જમીન પરથી છોડાતી ક્રૂઝ અને બેલેસ્ટિક મિસાઈલ સમાવિષ્ટ હતી.
- આ સંધિ અંતર્ગત આટલી જ રેન્જની આકાશ અને દરિયામાંથી છોડાતી મિસાઈલને મુકિત અપાઈ હતી.
- આ સંધિ અંતર્ગત 1991માં અમેરિકા અને રશિયાએ અનુક્રમે 846 અને 1,846 મિસાઈલનો નાશ કર્યો હતો.

❖ **સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનનો ભારત પ્રવાસ**

સાઉદી અરબ ISA સમજૂતી પર હસ્તાક્ષર કરનારો 73 મો દેશ...

સાઉદી અરબ બે વર્ષમાં ભારતમાં 7 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સાઉદની ભારત યાત્રા દરમિયાન બન્ને દેશોએ દ્વિપક્ષીય બેઠક યોÔ હતી. બન્ને દેશોએ 20 ફેબ્રુઆરી, 2019ના પાંચ મહત્વની સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા હતા. દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં પ્રતિનિધિમંડળ સ્તરની મંત્રણાઓ યોજાઈ હતી અને ત્યારબાદ ભારત–સાઉદી અરેબિયાએ સંયુકત નિવેદન બહાર પાડયું હતું.

સાઉદી અરેબિયા વર્તમાનમાં ભારતનું ચોથું સૌથી મોટું વ્યાપાર ભાગીદાર છે. સાઉદી અરેબિયા ભારતની કુલ જરૂરિયાતનું 17% કાચું તેલ (ક્રૂડ ઓઈલ) અને 32% LPG પૂરું પાડી રહ્યું છે. સાઉદી અરેબિયા 20 ફેબ્રુઆરી, 2019ના આંતરાષ્ટ્રીય સોલર ગઠબંધન (ISA) ની ફ્રેમવર્ક સમજૂતી પર હસ્તાક્ષર કરનારો વિશ્વનો 73મો જયારે ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એકસ્પોર્ટિંગ કન્ટ્રીઝ (OPEC)નો સાતમો દેશ બન્યો છે.

**ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA)....**

તે 121 દેશોનું સંગઠન છે. જેમાના મોટાભાગના સૂર્યપ્રકાશ ધરાવતા દેશો છે. (સૂર્ય પ્રકાશ ધરાવતા એટલે એવા દેશો કે જે પૂર્ણ અથવા આંશિક રીતે કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે હોય) આ સંગઠનની સ્થાપના 2015માં પેરિસ ખાતે થઈ હતી અને તેની શરૂઆત ભારત દ્વારા થઈ હતી. હવે અમેરિકાના બધા દેશો સુધી આ સંગઠનની સદસ્યતા વિસ્તારમાં આવી છે.

❖ **નેપાળમાં એક મહિના સુધી ચાલનારા ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનો આરંભ થયો છે.**

નેપાળમાં ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનું આયોજન સ્વામી વિવેકાનંદ કલ્ચરલ સેન્ટર દ્વારા ભારતના સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી પાટનગર કાઠમંડુમાં ભારતીય દૂતાવાસમાં કરાયું છે.

❖ **કેરળ હાઈકોર્ટે કહ્યું કે ગ્રાહકોના ખાતામાંથી કરવામાં આવતા બિનઅધિકૃત ઉપાડના નુકસાન અંગેની જવાબદારીમાંથી બેંકો છટકી શકે નહિ.**

કરેળ હાઈકોર્ટે કહ્યું છે કે, બેંક દ્વારા અપાતા SMS એલર્ટનો ગ્રાહકે તાત્કાલિક જવાબ ન આપ્યો હોવાની ભૂમિકા પર તેના ખાતામાંથી કરવામાં આવતા બિનઅધિકૃત ઉપાડના નુકસાન અંગેની જવાબદારી માંથી બેંકો છટકી શકે નહિ.

- બેંકની તેના ગ્રાહકો પ્રત્યે તેમના ખાતામાંથી અનઅધિકૃત નાણાંઉપાડ ન થાય તે માટે જરૂરી પગલાં લેવાની જવાબદારી છે.
- તેથી જો ગ્રાહકે તેના દ્વારા અધિકૃત ન કરાયેલા નાણાં વ્યવહારને કારણે નુકસાન સહન કરવું પડે તો બેંક ગ્રાહકના નુકસાન માટે જવાબદાર રહેશે.
- બેંકોની જવાબદારી છે કે તે તમામ પ્રકારની ઉચાપત અને ઠગાઈનો સામનો કરી શકે તે પ્રકારનું સુરક્ષિત ઈલેકટ્રોનિક બેકિંગ વાતાવરણ ઊભું કરે.

❖ **દક્ષિણ એશિયામાં ''દક્ષિણ એશિયન નાઈટ્રોજન હબ'' ની જાહેરાત....**

બ્રિટનની સરકારે ભારત અને દક્ષિણ એશિયામાં નાઈટ્રોજનના પ્રદૂષણના અભ્યાસ માટે સંશોધન કાર્યક્રમ ''દક્ષિણ એશિયન નાઈટ્રોજન હબ''ની જાહેરાત કરી છે. બ્રિટનના સેન્ટર ફોર ઈકોલોÒ એન્ડ હાઈડ્રોલોÒ દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં બ્રિટન અને દક્ષિણ એશિયાની 50 સંસ્થાઓ જોડાશે. ભારતમાંથી આ કાર્યક્રમમાં જોડાનાર સંસ્થાઓ આ મુજબ છે.

- નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી
- ગુરુ ગોવિંદસિંઘ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી
- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રોપિકલ મીટિયરોલોÒ
- જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી
- અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી
- નેશનલ ફિઝિકસ લેબોરેટરી
- TERI યુનિવર્સિટી

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દક્ષિણ એશિયાના આઠ દેશો– ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, અફઘાનિસ્તાન, શ્રીલંકા, ભૂટાન અને માલદીવમાં ખેતીમાં નાઈટ્રોજનના ઉપયોગ પર સંશોધન કરવાનો છે.

❖ **અમેરિકામાં પોલર વોર્ટેકસનો હાહાકાર...**

અમેરિકામાં પોલર વોર્ટેકસ (ધ્રુવીય ચક્રવાત)ના કારણે પડેલી તીવ્ર ઠંડીમાં આઠ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. પોલર વોર્ટેકસને કારણે અમેરિકામાં ઘણી જગ્યાએ તાપમાનનો પારો માઈન્સ 50 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો.

પોલર વોર્ટેકસ વિશે...

- અમેરિકાની રાષ્ટ્રીય મોસમ સેવા મુજબ પૃથ્વીના બંને ધ્રુવો આસપાસ વિશાળ ક્ષેત્રમાં નીચા દબાણે અને ઠંડા પવનની સ્થિતિ એ પોલર વોર્ટેકસ છે. ધ્રુવો પાસે આ પરિસ્થિતિનું કાયમી નિર્માણ થયેલું હોય છે, જો કે ઉનાળામાં તેની અસર ઓછી તથા શિયાળામાં તેની અસર વધુ જોવા મળે છે.
- 'વોર્ટેકસ (ચક્રવાત)નો અર્થ ઘડિયાળની વિરુદ્ધ દિશામાં હવાનું વહેવું થાય છે, જેના દ્વારા ઠંડી હવા ધ્રુવો પાસે રહે છે.
- શિયાળાના સમયમાં ઉત્તર ગોળાર્ધમાં પોલર વોર્ટેકસનો વિસ્તાર વધે છે અને જેટ સ્ટ્રીમની મદદથી ઠંડી હવા દક્ષિણ દિશામાં વહે છે.
- શિયાળાના સમયમાં પોલર વોર્ટેકસની નિયમિત રીતે રચના થાય છે તથા અમેરિકામાં આર્કટિક પવનો પાછળ પોલર વોર્ટેકસ જવાબદાર છે.
- પોલર વોર્ટેકસની અસર ફકત અમેરિકા પૂરતી નથી, તેની અસર યુરોપ અને એશિયાના અમુક વિસ્તારોમાં પણ જોવા મળે છે.

ભારતને પણ પોલર વોર્ટેકસની અસર...

અમેરિકામાં થઈ રહેલા ઘાતકી હિમપ્રાતની ભારે અસર હવે ભારતને પણ થઈ છે. દેશના સાત રાજ્યોમાં હવામાનમાં મોટો પલટો અનુભવાઈ રહ્યો છે. અત્યારે ભારતમાં થઈ રહેલી ભારે બરફ વર્ષા અને હવામાનમાં થઈ રહેલા ચિંતાજનક ફેરફારનું કારણ પોલર વોર્ટેકસ (ધ્રુવીય પવનો)ની સીધી અસર છે. તેવી માહિતી સંયુકત રાષ્ટ્રની કલાઈમેટ સર્વિસીઝના વાઈસ ચેરમેન અને વિશ્વવિખ્યાત હવામાન શાસ્ત્રી ડૉ.લક્ષ્મણસિંહ રાઠોડે આપી હતી.

❖ **UAEના અબુધાબીમાં આયોજિત માનવ બંધુત્વના વૈશ્વિક સંમેલનમાં અનોખો ઈતિહાસ રચાયો...**

UAEની રાજધાની અબુધાબી ખાતે મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સ દ્વારા આયોજિત ગ્લોબલ કોન્ફરન્સ ઓફ હ્યુમન ફ્રેટર્નિટી (માનવ બંધુત્વ માટેનું વૈશ્વિ સંમેલન)માં એક અનોખો ઈતિહાસ રચાયો છે. જે અંતર્ગત સમગ્ર આરબ જગતના રાજાઓ જેમાં ઉપસ્થિત હતા એવા ઐતિહાસિક વૈશ્વિક સંમેલનનું આયોજન વિશ્વ પ્રસિદ્ધ મુસ્લિમ સંસ્થા મુસ્લિમ કાઉન્સિલ ઓફ એલ્ડર્સ દ્વારા કરાયું હતું અને ઉદ્દઘાટન સત્રનું મુખ્ય પ્રવચન હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત સાધુ બ્રહ્મવિહારીદાસÒએ પ્રભાવક રીતે આપ્યું હતું જ્યારે સમાપન સત્રનું મુખ્ય વકતવ્ય ખ્રિસ્તી ધર્મના વડા પોપ ફ્રાન્સિસે આપ્યું હતું. આ ત્રિવેણી સંગમ થકી વૈશ્વિક સંમેલન યથાર્થ રીતે જ માનવ બંધુત્વ માટે ખૂબ મહત્વનું અને ચિરસ્મરણીય બની રહ્યું.

સંયુકત આરબ અમીરાત UAE ની યાત્રાના બીજા દિવસે 5 ફેબ્રુઆરી, 2019ના ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ ગુરુ પોપ ફ્રાન્સિસ ઈસ્લામની ધરતી અબુધાબી પહોંચ્યા હતા. આ પ્રવાસ માટે ગત વર્ષે પોપ ફ્રાન્સિસને અબુધાબીના ક્રાઉન પ્રિન્સ શેખ મુહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન અને કેથોલિક સમુદાયે આમંત્રણ પાઠવ્યું હતું. કોઈપણ પોપ માટે આ પ્રથમ આરબ પ્રવાસ છે.

પોપ ફ્રન્સિસ સુન્ની ઈસ્લામના પ્રતિષ્ઠિત મદરેસા અલ–અઝહરના ઈમામ શેખ અહેમદ અલ–તૈયબને મળ્યા હતા. બન્ને ધાર્મિક નેતાઓએ ' વિશ્વ શાંતિ, માનવીય બંધુત્વને પ્રોત્સાહન' માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. દુનિયામાં સૌથી વધુ વસતી ધરાવતા બે ધર્મોની ધર્મગુરુઓની આ બેઠકને વિશ્વશાંતિ માટે સૂચક માનવામાં આવે છે.

❖ **પ્રથમ લોએશિયા માનવ અધિકાર સંમેલન–2019 નું આયોજન...**

પ્રથમ લોએશિયા (LAWASIA) માનવ અધિકાર સંમેલનનું આયોજન લૉએશિયા દ્વારા બાર એસોસિએશન ઓફ ઈન્ડિયાના સહયોગથી 9 અને 10 ફેબ્રુઆરીના રોજ નવી દિલ્હી ખાતે કરાયું હતું.

આ સંમેલનનો ઉદ્દેશ વકીલો અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલા વ્યાવસાયિકોને બધા માટે મહત્વપૂર્ણ વિષયો પર સમજ અને નિપુણતાના વિનિમય માટેની વિશિષ્ટ તક પૂરી પાડવાનો હતો. લૉએશિયા માનવ અધિકાર સંમેલન–2019ની થીમ 'સ્ટેટ પાવર, બિઝનેસ એન્ડ હ્યુમન રાઈટ્સ : કન્ટેમ્પરરી ચેલેન્Òસ' (રાજ્યોની સત્તા, વેપાર અને માનવ અધિકાર : સમકાલીન પડકારો) હતી.

લૉએશિયાએ વકીલો, ન્યાયાધીશો, ન્યાયવિદ્દો અને કાનૂની સંસ્થાઓનું ક્ષેત્રીય સંગઠન છે તથા તે એશિયા પ્રશાંત ક્ષેત્રના કાનૂની વ્યવસાયના હિતો અને ચિંતા માટે સમર્થન કરે છે.

❖ **મેસેડોનિયાએ NATOનું સભ્યપદ મેળવવાની દિશામાં મોટું પગલું ભર્યું છે.**

દેશના નામ અંગે ગ્રીસ સાથેનો મેસેડોનિયાનો વિવાદ તેના NATO સભ્યપદ માટે અડચણરૂપ હતો. પ્રેસ્પા કરાર પર હસ્તાક્ષર થતાં જ ગ્રીસ સાથેના તે વિવાદનો તાર્કિક અંત આવતા મેસેડોનિયાએ NATO સાથે પ્રવેશ દસ્તાવેજો પર હસ્તાક્ષર કર્યા છે. નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO) ના મહામંત્રી જેન્સ સ્ટોલનબર્ગે કરેલી જાહેરાત મુજબ 6 ફેબ્રુઆરી, 2019ના રોજ ઉત્તર મેસેડોનિયા NATO સંગઠનનું 30મું સભ્ય બન્યું છે.

**નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (NATO) વિશે...**

- ઉત્તર અમેરિકા અને યુરોપના 29 રાષ્ટ્રોના બનેલા નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશનની સ્થાપના 4 એપ્રિલ, 1949ના રોજ ઉત્તર એટલાન્ટિક સંધિના ધ્યેયો સિદ્ધ કરવા માટે થઈ હતી.
- આ સંધિ અંતર્ગત NATO સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સંગઠનના સભ્ય દેશોના રાજનૈતિક અને સૈન્ય ઉદ્દેશો દ્વારા સ્વતંત્રતા અને સુરક્ષા જાળવવાનો છે.
- નાટોનું વડુમથક બેલ્જિયમના બ્રસેલ્સમાં બુલેવાર્ડ લિઓપાર્ડ–3 ખાતે છે.

પ્રેસ્પા કરાર વિશે...

12 જૂન, 2018ના રોજ ગ્રીસ અને મેસેડોનિયા પ્રજાસત્તાક વચ્ચે સંયુકત રાષ્ટ્ર (UN)ના ઉપક્રમે પ્રેસ્પા કરાર થતાં, મેસેડોનિયાના નામ અંગે બંને રાષ્ટ્રો વચ્ચે લાંબા સમયથી ચાલતા વિવાદનો અંત આવ્યો છે. પ્રેસ્પા કરાર પ્રેસ્પેસ કરાર તથા પ્રેસ્પાની સંધિ તરીકે પણ ઓળખાય છે.

❖ **જળવાયુ અને સતત વિકાસ માટેના આફ્રિકા કેન્દ્રનું ઉદ્ઘાટન....**

જળવાયુ અને સતત વિકાસ માટેના આફ્રિકા કેન્દ્રનું ઉદ્ઘાટન ઈટાલીના પાટનગર રોમ ખાતે ઈટાલીના વડાપ્રધાન ગ્યુસેપ કોન્તે કર્યું હતું. આ કેન્દ્રને ઈટાલીની સરકારે સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ = UNDP) અન ખાદ્ય અને કૃષિ સંસ્થા (ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ ઓર્ગેનાઈઝેશન)ના સહયોગથી ખોલ્યું હતું.

આફ્રિકા કેન્દ્ર વિશે...

- આ કેન્દ્રના પ્રયત્નો G7 દેશોના પર્યાવરણ મંત્રીઓની વર્ષ 2017ની બેઠકમાં જોવા મળ્યા હતા. આ કેન્દ્ર પેરિસ સંધિ અને 2030 એજન્ડા દ્વારા નક્કી કરવામાં આવેલા ધ્યેયો પ્રાપ્ત કરવા માટે આફ્રિકામાં G7 અને આફ્રિકન દેશો વચ્ચે સમન્વય સરળ બનાવશે.
- આ કેન્દ્ર આફ્રિકન દેશોને જળવાયુ પરિવર્તન, ખાદ્ય સુરક્ષા, પાણીનો હક, સ્વચ્છ ઊર્જા અને ટકાઉ વિકાસ લક્ષ્યો (Sustainable Development Goals = SDGS) માટે જરૂરી સ્ત્રોતોને ઝડપી પૂરાં પાડશે.

❖ **અમેરિકા પ્રજ્ઞાચક્ષુઓના પ્રકાશન માટેની મર્રાકેશ સંધિનું 50મું સભ્ય બન્યું...**

અમેરિકા ફેબ્રુઆરી 2019માં વર્લ્ડ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO)ની મર્રાકેશ સંધિનું 50મું સભ્ય બન્યું છે. આ સંગઠન અંગ્રેÒ ભાષાના પુસ્તકોના સૌથી મોટા પ્રકાશકો પૈકીના એક અમેરિકાના જોડાવાથી આ સંધિને વધુ બળ મળશે.

મર્રાકેશ સંધિ વિશે...

- મર્રાકેશ સંધિ મર્રાકેશ VIP (વિઝયુઅલી ઈમ્પેર્ડ પર્સન્સ) સંધિ તરીકે પણ ઓળખાય છે.
- મર્રાકેશ સંધિનો મુખ્ય લક્ષ્યાંક નેત્રહીનો, દ્રષ્ટિબાધિત લોકોના લાભાર્થે અનિવાર્ય મર્યાદાઓ અને અપવાદોના એક સંકલનનું નિર્માણ કરવાનો છે. તે કરારબદ્ધ પક્ષકારો દ્વારા રાષ્ટ્રીય કાનૂની જોગવાઈઓના પાલનથી બ્રેઈલ જેવા સ્વીકૃત સ્વરૂપોમાં પ્રકાશિત કૃતિઓના પુનઃનિર્માણ, વિતરણ તથા પ્રાપ્યતા સુનિશ્ચિત કરાવવા મારફત પુસ્તકોની કારમી તંગીની સમસ્યા દૂર કરવામાં સહાયરૂપ બનશે.
- આ સંધિ પર મોરોક્કોના મર્રાકેશ ખાતે 27 જૂન, 2003ના રોજ હસ્તાક્ષર થયા હતા તથા 20 દેશોની મંજૂરી સાથે 30 સપ્ટેમ્બર, 2016ના રોજ આ સંધિ અમલમાં આવી હતી.
- ભારત આ સંધિને સમર્થન આપનારું પ્રથમ ટ્રસ્ટ હતું. ભારતે 30 જૂન, 2014ના રોજ આ સંધિને સમર્થન આપ્યું હતું. ભારતીય કોપીરાઈટ (સુધારો) એકટ, 2012 મર્રાકેશ સંધિને અનુરૂપ છે.

❖ **UAE તથા સાઉદી અરેબિયાએ સંયુકત ડિજિટલ કરન્સી 'અબેર' લૉન્ચ કરી...**

સંયુકત આરબ અમીરાત (UAE) અને સાઉદી અરેબિયાએ તાજેતરમાં સંયુકત ડિજિટલ કરન્સી 'અબેર' (ABER) લૉન્ચ કરી છે. આ સહિયારી ડિજિટલ કરન્સી (ચલણ)નો ઉપયોગ બન્ને દેશો વચ્ચે બ્લોક ચેઈન તથા ડિસ્ટ્રિબ્યુટેડ લેઝર ટેકનોલોÒ વચ્ચે નાણાકીય ચૂકવણી માટે કરાશે. આ ડિજિટલ મુદ્રા (ચલણ) દ્વારા નાણાકીય વિનિમય માટે એક વધુ વિકલ્પ ઉપલબ્ધ થશે.

❖ **સંયુકત રાષ્ટ્ર સલામતી સમિતિએ સર્વાનુમતે ઠરાવ–2454 પસાર કર્યો છે.**

સંયુકત રાષ્ટ્ર સલામતી સમિતિ (યુનાઈટેડ નેશન્સ સિકયુરિટી કાઉન્સિલ = UNSC) એ સર્વાનુમતે ઠરાવ–2454 પસાર કર્યો છે. ઠરાવ–2454ના લક્ષણો આ મુજબ છે.

- સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક (CAR) પરના પ્રતિબંધોને એક વર્ષ માટે લંબાવવા.
- આ ઠરાવ દ્વારા હથિયારો અને યાત્રા પર પ્રતિબંધ અને કિંમતી વસ્તુઓની જપ્તીને 31 જાન્યુઆરી, 2020 સુધી ચાલુ રખાયા છે.

❖ **ચીન પરમાણુ હથિયારનો પ્રયોગ ન કરવાની 55 વર્ષ જૂની નીતિ બદલશે....**

ચીનના અખબાર 'સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ' એ તાજેતરમાં દાવો કર્યો છે કે ચીન પરમાણુ શસ્ત્રોના સંદર્ભમાં તેની 55 વર્ષ જૂની 'નો ફર્સ્ટ યુઝ પોલિસી' બદલવાનો વિચાર કરી રહ્યું છે. પરમાણુ હથિયારો ધરાવતા દેશો 'નો ફર્સ્ટ યુઝ પોલિસી' સંધિ પર સહી કરતા હોય છે. જે અનુસાર, કોઈ દેશ પરમાણુ હથિયારનો પહેલાં ઉપયોગ નહીં કરે. શત્રુ દેશ તેનો પ્રયોગ કરે પછી જ કરશે. ચીને 1964માં પહેલો પરમાણુ બોમ્બ બનાવ્યો એ પછી તરત જ 'નો ફર્સ્ટ યુઝ પોલિસી' પર હસ્તાક્ષર કર્યા હતા.

❖ **દુનિયાના સૌથી મોટા પેસેન્જર વિમાન A380નું ઉત્પાદન બંધ કરવામાં આવશે.**

યુરોપિયન કંપની એરબસે અત્યાર સુધીમાં આવા માત્ર 17 વિમાન બનાવ્યા છે, જેમાં 14 અમીરાત એરલાઈન પાસે તથા 3 જાપાનની ANA એરલાઈન પાસે છે. A380 ની આખરી ડિલિવરી 2021માં થશે. A380ની કિંમત ખૂબ વધુ હોવાથી એરબસને તેના ઓર્ડર મળી રહ્યા નથી.

❖ **અમેરિકાના ઈરાન પરના પ્રતિબંધોથી બચવા માટે યુરોપિયન દેશોએ INSTEX ની રચના કરી.**

અમેરિકાના ઈરાન પરના પ્રતિબંધોથી બચવા માટે બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીએ INSTEX (ઈન્સ્ટ્રુમેન્ટ ઈન સપોર્ટ ઓફ ટ્રેડ એકસચેન્Òસ)ની રચના કરી છે. યુરોપિયન યુનિયનની કંપનીઓ સાથે ઈરાનના પાટનગર તેહરાન તથા અન્ય શહેરોનો વેપાર ટકાવી રાખવા તથા ઈરાન પરમાણુ સંધિને બચાવવા માટે વિશેષ ચૂકવણી પદ્ધતિ તરીકે INSTEX ની શરૂઆત કરવામાં આવી છે. INSTEXની નોંધણી પ્રારંભિક 3,000 યુરો સાથે પેરિસમાં કરવામાં આવી છે. INSTEXના સુપરવાઈઝરી બોર્ડમાં બ્રિટનના અધ્યક્ષસ્થાને ફ્રાન્સ અને જર્મનીના સભ્યોનો સમાવેશ કરાયો છે. ઈરાન સાથે વેપાર કરવા માંગતી કંપનીઓએ INSTEXમાં ચૂકવણી કરવાની રહેશે.

❖ **પાકિસ્તાન અને રશિયા વચ્ચે ગેસ પાઈપલાઈન માટે 10 અબજ ડોલરના કરાર...**

પાકિસ્તાન અને રશિયા વચ્ચે 10 અબજ ડોલરના ખર્ચે થનાર ઓફશોર ગેસ પાઈપલાઈનને અમલમાં મૂકવા માટે MoU (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કરાયા હતા. રશિયાની અગ્રણી ઊર્જા કંપની ગેઝપ્રોમ અને પાકિસ્તાન સરકાર દ્વારા સંચાલિત ઈન્ટર સ્ટેટ ગેસ સિસ્ટમ (ISGS) વચ્ચે આ ગેસ પાઈપલાઈન પ્રોજેકટ માટે MoU થયા હતા.

❖ **450થી વધુ ભારતીયોને યુનાઈટેડ કિંગ્ડમે વિંડરશ યોજના હેઠળ બ્રિટિશ નાગરિકતા પ્રદાન કરી છે.**

બ્રિટનના ગૃહ મંત્રી સાજિદ જાવિદે આ ઘોષણા બ્રિટિશ સંસદમાં કરી હતી. જે 455 ભારતીયોને બ્રિટિશ નાગરિકતા પ્રદાન કરવામાં આવી છે તેમાંથી 367 ભારતીયો 1973 પૂર્વે બ્રિટન ગયેલા હતા જયારે શેષ ભારતીયો પછીથી ત્યાં ગયા હતા.

વિંડરશ પેઢી કોને કહેવાય ?

બ્રિટિશ સરકાર અનુસાર, એ પેઢીઓને વિંડરશ પેઢી કહેવાય છે જે 1973 પૂર્વે બ્રિટનમાં વસી ગઈ હોય. 1971ના પ્રવાસી કાનૂન અન્વયે કોમનવેલ્થ દેશોના એવા નાગરિકોને સુરક્ષા આપવામાં આવી છે જે 5 વર્ષથી બ્રિટનમાં વસેલા હોય અને તેઓ 1973 પહેલાં બ્રિટનમાં આવીને વસ્યા હોય.

❖ **અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા–મેકિસકો સરહદી દીવાલ નિર્માણને ભંડોળ પૂરું પાડવા 15 ફેબ્રુઆરી, 2019ના અમેરિકી કોંગ્રેસની મંજૂરી વગર દેશમાં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી દીધી છે.**

પ્રમુખના આ પગલાંને ડેમોક્રેટ્સ સાંસદોએ ગેરબંધારણીય ગણાવી અદાલતમાં પડકાર્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં પત્રકારોને જણાવ્યું હતું કે કટોકટીની ઘોષણાનું પગલું ગેરકાયદે વસાહતીઓ, ગુનેગારો તથા માદક પદાર્થોના તસ્કરોથી અમેરિકાને બચાવવા માટે જરૂરી હતું.

**શું છે અમેરિકામાં રાષ્ટ્રીય કટોકટી...**

અમેરિકામાં 30 પ્રકારની રાષ્ટ્રીય કટોકટી જાહેર કરવાની જોગવાઈ છે અને તેને વિવિધ કારણોસર લાગુ કરી શકાય છે. નેશનલ ઈમરજન્સીઝ એકટ (NEA),1976 અંતર્ગત રાષ્ટ્ર પ્રમુખને કટોકટી જાહેર કરવાની સત્તા અપાઈ છે. NEA પ્રમુખને કટોકટી દરમિયાન વિશેષ સત્તાઓ સક્રિય કરવાની સત્તા આપે છે પરંતુ આવી સત્તાઓ લાગુ કરતી વખતે અમુક પ્રક્રિયાગત ઔપચારિકતાઓ લાદે છે.

**શા માટે પ્રમુખ ટ્રમ્પે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી ?...**

- ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી વખતે પ્રચાર દરમિયાન વચન આપ્યું હતું કે પોતે સત્તામાં આવશે તો મેકિસકોમાંથી અમેરિકામાં ગેરકાયદે થતી ઘૂસણખોરી અટકાવવા અમેરિકા–મેકિસકો સરહદે દીવાલ બંધાવશે.
- આ દિવાલ 322 કિલોમીટર લાંબી છે અને તેનો નિર્માણ ખર્ચ 5.7 અબજ ડોલર છે.
- પ્રમુખ ટ્રમ્પની આ દરખાસ્ત અમેરિકી કોંગ્રેસે ઠુકરાવી દીધી છે પરિણામે તાજેતરમાં 35 દિવસનું સરકારી શટડાઉન થયું હતું.
- જો કે, કોંગ્રેસે એમરિકા અને મેકિસકોની સરહદે 90 કિ.મી.ના બેરિયર માટે માત્ર 1.4 અબજ ડોલરનું એક કોમ્પ્રોમાઈઝ બિલ પસાર કર્યું છે. જેનાથી ટ્રમ્પ ભારે નાખુશ હતા.
- પ્રમુખ ટ્રમ્પ દ્વારા રાષ્ટ્રીય કટોકટી જાહેર કરાયા બાદ હવે તેઓ સરહદે દીવાલ બનાવવા માટે અમેરિકી સૈન્ય માટેના ભંડોળ સહિત સંઘીય બજેટમાંથી નાણાંનો ઉપયોગ કરી શકશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો બે દિવસીય દક્ષિણ કોરિયા પ્રવાસ**

કૂટનીતિક સંબંધોને મજબૂત બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 21-22 ફેબ્રુઆરી, 2019ના દક્ષિણ કોરિયાના બે દિવસીય પ્રવાસે ગયા હતા. વડાપ્રધાનનું 'ધ બ્લૂ હાઉસ' માં સત્તાવાર સ્વાગત કરાયું હતું. 'ધ બ્લૂ હાઉસ' સિયોલમાં દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ મૂન–જે–ઈનનું કાર્યકારી કાર્યાલય તથા સત્તાવાર આવાસ છે.

**મુખ્ય સમજૂતીઓ અને MoUની યાદી...**

- અયોધ્યાના દંતકથારૂપ રાજકુમારી સુરિરત્નાની સ્મૃતિમાં સંયુકત ટપાલ ટિકિટ બહાર પાડવા એક સંયુકત સમજૂતી પર દસ્તખત.
- ભારતમાં કોરિયન કંપનીઓના મૂડીરોકાણને સવલત કરી આપતા કોરિયા પ્લસ સંગઠનની કામગીરી ચાલુ રાખવા સમજૂતી પર સહીસિક્કા.
- દક્ષિણ કોરિયામાં DD ઈન્ડિયા ચેનલ અને ભારતમાં KBS વર્લ્ડ ચેનલના પ્રસારણની સવલત માટે પ્રસાર ભારતી અને કોરિયન બ્રોડકાસ્ટિંગ સિસ્ટમ (KBS) વચ્ચે સમજૂતી.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સિયોલ શાંતિ પુરસ્કાર...**

બીઠવાર દક્ષિણ કોરિયાના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્યાંના પ્રતિષ્ઠિત સિયોલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. આતંરાષ્ટ્રીય સહયોગ, વૈશ્વિક વિકાસ અને માનવ વિકાસના ક્ષેત્રમાં તેમની સેવાની કદરરૂપે દક્ષિણ કોરિયન સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સિયોલ શાંતિ પુરસ્કાર પ્રદાન કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એવોર્ડ ભારતના લોકોને સમર્પિત કર્યો હતો અને પુરસ્કારમાં મળનારી રકમ નમામિ ગંગે પ્રોજેકટને અર્પણ કરી છે. વડાપ્રધાન મોદી સિયોલ શાંતિ પુરસ્કાર મેળવનારા 14મા મહાનુભાવ છે.

સિયોલ પીસ પ્રાઈઝ સિયોલ પીસ પ્રાઈઝ ફાઉન્ડેશન દ્વારા પ્રાયોજિત છે. સિયોલમાં આયોજિત 24મી ઓલિમ્પિક ગેમ્સની સફળતાની સ્મૃતિરૂપે 1990માં સિયોલ શાંતિ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી છે. પુરસ્કાર પ્રાપ્તકર્તાને એક ડિપ્લોમા, એક સ્મૃતિચિહ્ન અને 2,00,000 અમેરિકી ડોલરની રકમ આપવામાં આવે છે. સિયોલ પીસ પ્રાઈઝ કોરિયન લોકોની આકાંક્ષાઓ તથા પૃથ્વી પર સદૈવ શાંતિ સ્થપાય રહે તે માટેની તેઓની મહેચ્છાને પ્રતિબિંબિત કરે છે.

દક્ષિણ કોરિયાના બે દિવસના પ્રવાસે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ત્યાંની પ્રીમિયર યોન્સેઈ યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી કહેતા હતા કે પરમાત્માએ માનવીને જરૂરિયાત માટે બધુ જ આપ્યું છે પણ માનવીની લાલચ સામે આ સઘળું ઓછું પડશે. મોદીએ ઉમેર્યુ હતું કે પૂજ્ય બાપુના વિચારો અને આદર્શોમાં આતંકવાદ અને જળવાયુ પરિવર્તન અંગેના વિશ્વના બે સૌથી મોટા પડકારોનો ઉકેલ લાવવાની તાકાત છે.

❖ **ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC)ના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભારત સૌપ્રથમવાર ઉપસ્થિત રહ્યું હતું.**

અબુધાબીમાં 1-2 માર્ચ, 2019ના યોજાનારી OICની કાઉન્સિલ ઓફ ફોરેન મિનિસ્ટર્સના 46મા સત્રમાં ભારત ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઉપસ્થિત રહ્યું હતું.

**શા માટે આમંત્રણ મહત્વનું ?...**

વર્તમાન સમયમાં આ આમંત્રણ ખૂબ જ મહત્વનું અને સૂચક બની રહ્યું છે કેમકે, પુલવામાં આતંકી હુમલામાં કથિત ભૂમિકા બદલ ભારત પાકિસ્તાન વિરુદ્ધ બધા જ આતંરાષ્ટ્રીય મંચો પર લડી રહ્યું છે ત્યારે પાકિસ્તાનના સૌથી મોટા સમર્થક એવા OIC દ્વારા જ ભારતને આ આમંત્રણ અપાયું છે.

**ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન (OIC) અંગે...**

1969માં સ્થાપિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો–ઓપરેશનનો ઉદ્દેશ મુસ્લિમ વિશ્વને સામૂહિક અવાજ પૂરો પાડવાનો તથા આંતરાષ્ટ્રીય શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવાની સાથે મુસ્લિમ વિશ્વના હિતોનું રક્ષણ કરવાનો છે. સાઉદી અરેબિયાના જેદાહમાં વડુમથક ધરાવતા OICનું સંયુકત રાષ્ટ્ર અને યુરોપિયન યુનિયનમાં કાયમી પ્રતિનિધિમંડળ છે. વિશ્વની કુલ મુસ્લિમ વસતીના 12% ભારતમાં રહે છે પણ OIC માં ભારતના પ્રવેશને પાકિસ્તાને અવરોધ્યો છે. OICની નીતિઓ મોટાભાગે પાકિસ્તાન તરફી છે અને કાશ્મીરને તે ભારતને કબજે કરેલા ભાગ તરીકે જુએ છે.



Available Now...
અગ્રણી બુક સ્ટોર પર ઉપલબ્ધ
amazon
Flipkart
ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓના બદલાતા અભિગમ આધારિત તૈયાર કરાયેલું અત્યંત ઉપયોગી પુસ્તક...
સામાન્ય જ્ઞાન
One Liner સ્વરૂપે
16000 થી વધુ પ્રશ્નોનો સંગ્રહ...
26 થી વધુ પરીક્ષાલક્ષી વિષયોનો સમાવેશ....
• ગુજરાતની ભૂગોળ
• ભારતની ભૂગોળ
• ગુજરાતનો ઈતિહાસ
• ભારતનો ઈતિહાસ
• ભારતનું બંધારણ
• ગુજરાતી સાહિત્ય
• ભારતની સંસ્કૃતિ
• ગુજરાતની સંસ્કૃતિ
• જાહેર વહીવટ
• સાયન્સ અને ટેકનોલોજી
• મહત્વની યોજનાઓ
• ગુજરાતી વ્યાકરણ
• પંચાયતી રાજ
• અર્થશાસ્ત્ર
• પર્યાવરણ
• કમ્પ્યુટર
• સામાન્ય જ્ઞાન : રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ - પુરસ્કારો - રમત ગમત - મહત્વના દિવસો - વ્યક્તિ વિશેષ
• સવિશેષ માહિતી (ગુજરાત / ભારત / વિશ્વ - સૌથી મોટું / સૌથી નાનું / સૌપ્રથમ / સૌથી ઊંચું વગેરે)
પુસ્તકની વિશેષતાઓ
અગાઉની પરીક્ષામાં પૂછાયેલા દરેક વિષયના પ્રશ્નો આધારિત Oneliner
તમામ વિષયોના Chapter આધારિત પ્રશ્નોનું વિસ્તૃત સંકલન
સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે,
GPSC - 1/2 | PI | PSI | ASI
નાયબ મામલતદાર | Dy. SO | રે. તલાટી
નાયબ ચીટનીસ | CTO | કોન્સ્ટેબલ
ગ્રામ પંચાયત મંત્રી | બિન સચિવાલય ક્લાર્ક
હાઈકોર્ટ ક્લાર્ક | જુનિ. - સિનિયર ક્લાર્ક | TET / TAT
માટે અત્યંત ઉપયોગી...
Banking Academy™ Publications
:: સંપાદક ::
ચેતન ભીમાણી

## અર્થતંત્ર

❖ **રિઝર્વ બેંકના નવા ગર્વનર શકિતકાન્ત દાસે પોતાની પ્રથમ નાણાકીય સમીક્ષામાં 19 મહિના પછી રેપો રેટમાં ઘટાડો કર્યો.**

RBIના પોલિસી સ્ટેટમેન્ટની મહત્વની બાબતો...

- માર્ચના ત્રિમાસિકમાં ફુગાવાનો દર 2.8% રહેવાનો અંદાજ
- ફુગાવાનો દર નવા નાણાકીય વર્ષના પ્રથમ 6 મહિનામાં 3.2-3.4% અને ત્રીજા ત્રિમાસિકમાં 3.9% રહેવાનો અંદાજ.
- નવા વર્ષ 2019-20 માં GDP વૃદ્ધિ દર 7.4% રહેવાનો અંદાજ.
- NBFC અર્થાત નોન–બેકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓની મહત્વની કેટેગરી સંબંધિત માર્ગદર્શિકા જાહેર કરાશે.
- રૂપિયાના મૂલ્યમાં સ્થિરતા લાવવા ઓફશોર રૂપી માર્કેટ્સ અંગે ટાસ્ક ફોર્સ રચાશે.
- રેપો રેટ 6.25%
- રિવર્સ રેપો રેટ 6.00%
- બેંક રેટ 6.50%
- કેશ રિઝર્વ રેશિયો (CRR) 4.00%
- માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી (MSF) રેટ 6.25%
- સ્ટેચ્યુટરી લિકિવડિટી રેશિયો (SLR) 19.25%
- કોર્પોરેટ ડેબ્ટ માર્કેટમાં મૂડીરોકાણ કરનારા ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ પરના પ્રતિબંધો દૂર કરાયા.
- ગેરેન્ટી વગર અપાતી કૃષિ લોનની મહત્તમ મર્યાદા 1 લાખથી વધારી 1.60 લાખ કરવામાં આવી.
- કૃષિ લોનની સમીક્ષા માટે વર્કિંગ ગ્રૂપની રચના કરાશે.

**MPCના અધ્યક્ષ અને સદ્સ્યો...**

અધ્યક્ષ : શકિતકાન્ત દાસ
સદ્સ્યો : વિરલ વી. આચાર્ય, માઈકલ પાત્રા, ચેતન ઘાટે, પ્રો.પમી દુઆ, ડો.રવીન્દ્ર એચ. ધોળકિયા

❖ **નોટબંધી પછીના નાણાકીય વર્ષ 2017-18માં ભારતમાં બેરોજગારીનો દર 6.1% થઈ ગયો છે.**

નોટબંધી પછીના નાણાકીય વર્ષ 2017-18માં ભારતમાં બેરોજગારીનો દર 6.1% થઈ ગયો છે. જે 45 વર્ષનો સૌથી વધુ છે. આ પૂર્વે 1972-73માં બેરોજગારીનો દર આટલો ઊંચો હતો. એક અંગ્રેÒ અખબારે 31 જાન્યુઆરી, 2019ના રોજ નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO) ના પીરિયોડિક લેબર ફોર્સ સર્વેમાં આ ઘટસ્ફોટ થયાનું જણાવ્યું હતું.

અખબારના દાવા અનુસાર, શહેરી ક્ષેત્રોમાં બેકારીની સમસ્યા ઘણી ગંભીર છે. શહેરી વિસ્તારોમાં બેરોજગારી દર 7.8% અને ગ્રામીણ ક્ષેત્રોમાં 5.3% રહેવા પામ્યો છે. વર્ષ 2011-12 માં બેરોજગારીનો દર 2.2% હતો.

❖ **કેન્દ્ર સરકાર સ્ટાર્ટઅપ્સ પર લગાવવામાં આવતા એન્જલ ટેકસના મુદ્દાના નિરાકરણ માટે એક સમિતિ રચશે.**

50 જેટલા આંત્રપ્રિન્યોર, સ્ટાર્ટઅપ્સ તથા રોકાણકારોએ એન્જલ ટેકસ અંગે અવાજ ઉઠાવ્યો હતો. સ્ટાર્ટઅપ્સ માટે એન્જલ ટેકસ સૌથી મોટી સમસ્યા છે. 500થી અધિક સ્ટાર્ટઅપ કંપનીઓએ એન્જલ ટેકસની પરેશાની અંગે સરકારને જાણકારી આપ્યા બાદ સમિતિ રચવાનો નિર્ણય લેવાયો હતો.

શું છે એન્જલ ટેકસ ?...

- એન્જલ ટેકસ શબ્દનો ઉપયોગ અનલિસ્ટેડ કંપનીઓ દ્વારા શેર જારી કરીને ઊભી કરાયેલી મૂડી જેમાં વેચાયેલા શેરનું વાજબી બજાર મૂલ્ય શેરની કિંમતથી વધુ દર્શાવ્યું હોય ત્યારે તેના પર ચૂકવવાપાત્ર આવક વેરાના સંદર્ભમાં થાય છે.
- વર્ષ 2012માં તત્કાલીન નાણાં મંત્રી પ્રણવ મુખરÒએ ભંડોળનું લોન્ડરિંગ અટકાવવા કેન્દ્રીય બજેટમાં એન્જલ ટેકસ દાખલ કર્યો હતો.
- સ્ટાર્ટઅપ્સમાં એન્જલ ઈન્વેસ્ટમેન્ટ્સને તે મોટાભાગે અસર કરતો હોવાથી તેને એન્જલ ટેકસ કહેવાય છે.

❖ **ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ દ્વારા જારી કરાયેલા વૈશ્વિક ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંકમાં ભારતને 78મા સ્થાને રખાયું છે.**

એશિયા પ્રશાંત ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર અને અખબારી સ્વતંત્રતાના મામલે ભારતને સૌથી ખરાબ સ્થિતિ ધરાવતા દેશોમાં સામેલ કરાયો છે.

ભ્રષ્ટાચાર ધારણા સૂચકાંક 2018માં સૌથી ઓછો ભ્રષ્ટાચાર ધરાવતા દેશોમાં ડેન્માર્ક પ્રથમ ક્રમાંક પર છે.

ઈન્ડેકસ અનુસાર, સૌથી ભ્રષ્ટ દેશોમાં સોમાલિયા, દક્ષિણ સુદાન અને સીરિયા છે.

❖ **આંતરાષ્ટ્રીય ઈન્ટેલેકચ્યુઅલ ઈન્ડેકસમાં ભારત 8 ક્રમની છલાંગ સાથે 36 મા સ્થાને પહોંચી ગયું છે.**

આંતરાષ્ટ્રીય ઈન્ટેલેકચ્યુઅલ ઈન્ડેકસ(IP ઈન્ડેકસ બૌદ્ધિક સંપદા સૂચકાંક) માં ભારત 8 ક્રમની છલાંગ સાથે 36 મા સ્થાને પહોંચી ગયું છે. આ સૂચકાંકમાં આ વર્ષે 50 વૈશ્વિક અર્થવ્યવસ્થાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. અમેરિકી ચેમ્બર ઓફ કોમર્સના ગ્લોબલ ઈન્ટેલેકચ્યેઅલ પ્રોપર્ટી સેન્ટર (GIPC) દ્વારા તૈયાર કરાયેલા સૂચકાંકમાં ભારત વર્ષ 2018ના 44મા સ્થાનેથી 2019માં 36મા સ્થાને પહોંચ્યું હતું.

આ સૂચકાંકમાં સમાવિષ્ટ કુલ 50 દેશો પૈકી ભારતના સ્થાનમાં સૌથી વધુ સુધારો જોવા મળ્યો હતો. સૂચકાંકમાં અમેરિકા પ્રથમ, બ્રિટન દ્વિતીય, સ્વીડન તૃતીય સ્થાને રહ્યું છે. પાકિસ્તાન આ સૂચકાંકમાં 47મા તથા વેનેઝુએલા અંતિમ સ્થાને છે. આ સૂચકાંક માટે GIPCએ 45 સાંકેતકોનો ઉપયોગ કર્યો હતો. જેમાં પેટન્ટ, કોપીરાઈટ અને વેપારની ગોપનીયતા વગેરે સમાવિષ્ટ છે.

❖ **RBIએ ત્રણ બેંકો પરથી PCA ફ્રેમવર્ક અંકુશો હટાવ્યા...**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ત્રણ બેંકો – બેંક ઓફ ઈન્ડિયા (BOI), બેંક ઓફ મહારાષ્ટ્ર (BOM) અને ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ (OBC) પરથી પ્રોમ્પ્ટ કરેકિટવ એકસન (PCA) ફ્રેમવર્ક અંકુશો હટાવ્યા છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા બેંકોનું આર્થિક સ્વાસ્થય જાળવી રાખવા માટે PCA ફ્રેમવર્ક અમલમાં મૂકવામાં આવે છે. જ્યારે કોઈપણ બેંક નીચેના ત્રણ પૈકી કોઈપણનું લક્ષ્ય ચૂકે છે ત્યારે RBI દ્વારા PCA અંતર્ગત આયોજનબદ્ધ પગલાંઓ લેવામાં આવે છે.

- કેપિટલથી રિસ્ક વેઈટેડ એસેટ્સનો ગુણોત્તર
- નોન–પરફોર્મિંગ એસેટ્સ (NPA)
- એસેટ્સ પર વળતર

❖ **ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગનું પુનઃનામકરણ ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન માટેનો વિભાગ કરાયું...**

ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ (ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશન = DIPP)નું પુનઃનામકરણ ઉદ્યોગ અને આંતરીક વેપાર પ્રોત્સાહન માટેનો વિભાગ (ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ) કરાયું છે. પુનઃ નામાંકિત આ વિભાગ કેન્દ્રના વાણિજ્ય મંત્રાલય હેઠળ કાર્ય કરશે. રાષ્ટ્રપતિ દ્વારા

અપાયેલા આ અંગેના આદેશ મુજબ આ વિભાગ સ્ટાર્ટ–અપ તથા ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની સહાયતા અંગેની બાબતો માટે કાર્ય કરશે.

આંતરિક વેપાર અંગેની બાબતો કે જે પહેલાં ગ્રાહક બાબતોના મંત્રાલય હેઠળ હતી, તે હવે આ વિભાગ હેઠળ ફેરવાઈ છે. આ આદેશ દ્વારા આંતરિક વેપાર અને બાહ્ય વેપાર બન્ને એક જ મંત્રાલય – ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રાલય હેઠળ આવશે. આથી આ આદેશ દ્વારા બન્ને ક્ષેત્રોના સાથ અને સહકાર દ્વારા ઝડપી વિકાસ થશે.

❖ **અમેરિકાની તેની વ્યાપાર નીતિ 'પ્રાથમિકતાની સામાન્ય શ્રેણી' યાદીમાંથી ભારતનું નામ દૂર કરવાની વિચારણા...**

અમેરિકા તેની વ્યાપાર નીતિ 'પ્રાથમિકતાની સામાન્ય શ્રેણી' (જનરલાઈઝડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝ – GSP) યાદીમાંથી ભારતનું નામ દૂર કરવાની વિચારણા કરી રહ્યું છે.

આ પ્રણાલી અંતર્ગત અમેરિકામાં ભારત લગભગ 5.6 અબજ ડોલરની નિકાસ શૂન્ય જકાત દરે કરે છે. પ્રાથમિકતાની સામાન્ય શ્રેણી 1970ના દશકથી અસ્તિત્વમાં છે અને ભારત આ યોજનાનો સૌથી મોટો લાભાર્થી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા દ્વારા આ પગલું ભારતે અમેરિકાની એમેઝોન તથા વોલમાર્ટ જેવી મહાકાય કંપનીઓ પર ઈ–કોમર્સનો વ્યવસાય કરવાની રીતસરમો અંગે મૂકેલા અમુક પ્રતિબંધો બાદ ભરવામાં આવી શકે છે.

**શું છે જનરલાઈઝડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝ ?...**

જનરલાઈઝડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સીઝ અમેરિકાનો વ્યાપાર કાર્યક્રમ છે જે અંતર્ગત વિશ્વના 129 વિકાસશીલ દેશોના 4,800 ઉત્પાદકોને અમેરિકામાં જકાત મુકત પ્રવેશ આપવામાં આવે છે. તેનો ઉદ્દેશ વિશ્વના ગરીબ દેશોને વિકાસ માટે આર્થિક સહાયતા પૂરી પાડવાનો છે. GSPની સ્થાપના ટ્રેડ એક્ટ, 1974 અંતર્ગત 1 જાન્યુઆરી, 1976ના કરાઈ હતી.

❖ **વિશ્વની પ્રખ્યાત IT કંપની માઈક્રોસોફટે 5 ફેબ્રુઆરી, 2019 – 'સેફર ઈન્ટરનેટ ડે'ના રોજ તૃતીય ડિજિટલ સિવિલિટી ઈન્ડેકસ જાહેર કર્યો હતો.**

આ રિપોર્ટમાં માઈક્રોસોફટે ભારતમાં ઓનલાઈન શિષ્ટાચાર (સિવિલિટી)ના સ્તરમાં વધારો થયો હોવાનું કહ્યું હતું. આ ઈન્ડેકસ મુજબ ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઈન્ટરનેટ પર લોકોનું વર્તન વધુ શિષ્ટ બન્યું છે. કુલ 22 દેશના 18 થી 34 વર્ષની ઉંમરના લોકો પર કરાયેલા આ સર્વેમાં ભારતને 7મું સ્થાન અપાયું હતું.

❖ **સરકાર IFSCની કંપનીઓનું નિયમન કરવા એકીકૃત સત્તામંડળની રચના કરશે....**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળના કેન્દ્રીય મંત્રીમંડળે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ (IFSCs) ની બધી નાણાકીય સેવાઓનું નિયમન કરવા માટે એકીકૃત સત્તામંડળની રચનાને મંજૂરી આપી હતી. સરકારે એકીકૃત સત્તામંડળની રચના માટેના વિધેયકને પણ મંજૂરી આપી હતી.

ભારતમાં પ્રથમ IFSCની રચના ગુજરાતના ગાંધીનગરમાં GIFT સિટી ખાતે થઈ છે.

IFSCની રચના ભારતીય સહકારી કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓ (ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટયૂટશન્સ–FIs)ની વિદેશી બ્રાન્ચો અથવા પેટાકંપનીઓ દ્વારા વિદેશી નાણાકીય કેન્દ્રોમાં હાલમાં કરાતા વ્યવહારો અને નાણાકીય સેવાઓને પાછી લાવવા માટે થઈ છે. હાલમાં બેન્કિંગ, મૂડીબજાર અને વીમા ક્ષેત્રમાં IFSCનું નિયમન અનુક્રમે RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા), SEBI (સિકયુરિટીઝ એન્ડ એકસચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા) અને IRDAI (ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) જેવા બહુવિધ નિયમનકારો દ્વારા થઈ રહ્યું છે. એકીકૃત નિયમનકારી રચના માટે, કેન્દ્રીય મંત્રીમંડળે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી બિલ, 2019ને મંજૂરી આપી છે.

❖ **GeM અને CCI એ e-માર્કેટપ્લેસમાં ન્યાયી અને સ્પર્ધાત્મક વાતાવરણને સક્ષમ બનાવવા MoU પર હસ્તાક્ષર કર્યા...**

ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (GeM) અને કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ e-માર્કેટપ્લેસમાં ન્યાયી અને સ્પર્ધાત્મક વાતાવરણને સક્ષમ બનાવવા બિનતંદુરસ્ત પદ્ધતિઓની ઓળખ માટેના વિશ્લેષક સાધનો અને પ્રક્રિયાને આગળ ધપાવવા CCI અને GeM બન્ને સરખું મહત્વ ધરાવે છે. GeM વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનું અત્યાધુનિક રાષ્ટ્રીય જાહેર ખરીદી મંચ છે જ્યારે કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા સમગ્ર દેશમાં કોમ્પિટિશન એકટ, 2002ના પાલન માટે જવાબદાર ભારત સરકારની વૈજ્ઞાનિક સંસ્થા છે.

❖ **સર્જિંગ સિલ્ક એકમ્પિશમેન્ટ એન્ડ વે ફોરવર્ડ કાર્યક્રમનું નવી દિલ્હીમાં આયોજન...**

ભારતમાં હાલના 32,000 ટનની સિલ્ક ઉત્પાદન ક્ષમતા સામે વર્ષ 2020 સુધીમાં આ ક્ષમતા 38,500 ટન થવાની સંભાવના છે. વધી રહેલું ઉત્પાદન ભારતની આયાતને ઘટાડવામાં મદદ કરશે, કારણકે ભારત સિલ્કનું સૌથી મોટું ગ્રાહક રાષ્ટ્ર અને ચીન પછી બીજું સૌથી મોટું સિલ્કનું ઉત્પાદક રાષ્ટ્ર છે. આથી રેશમના કીડાના બીજ ક્ષેત્રમાં સિલ્કની ગુણવત્તાની ખાતરી કરવા માટે કાપડ મંત્રાલયે 'ઈ–કોકૂન' નામની મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી છે.

❖ **વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન – 2019...**

ઉપરાષ્ટ્રપતિ વેન્કૈયા નાયડુએ ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટ (TERI) દ્વારા નવી દિલ્હીમાં આયોજિત વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન (વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિતિ) 2019નું ઉદ્ઘાટન કર્યું હતું.

વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટનો મુખ્ય વાર્ષિક કાર્યક્રમ છે. આ સંમેલન વિકાસશીલ દુનિયાના વૈશ્વિક મુદ્દાઓ પર આયોજિત થતું એકમાત્ર સંમેલન છે. આ સંમેલન વૈશ્વિક નેતાઓને સાર્વત્રિક રીતે મહત્વની પર્યાવરણીય સમસ્યાઓ અંગે ચર્ચા અને સૂચન કરવાનું મંચ પૂરું પાડે છે.

વિશ્વ સતત વિકાસ શિખર સંમેલન 2001 માં વૈશ્વિક સ્તરે સ્વીકૃત ધ્યેય, 'સતત વિકાસ' માટે શરૂ થયેલા દિલ્હી સતત વિકાસ શિખર સંમેલન (દિલ્હી સસ્ટેનેબલે ડેવલપમેન્ટ સમિટ–DSDS)નો વારસો જાળવી રહ્યું છે.

**ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્સ્ટિટયૂટ (TERI) વિશે...**

પહેલાં ટાટા એનર્જી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ તરીકે ઓળખાતા ધ એનર્જી એન્ડ રિસોર્સીસ ઈન્ટિટયૂટની સ્થાપના 1974માં ટાટા કેમિકલ્સ લિ. ના બિલ્ડર દરબારી એસ. સેઠ દ્વારા થઈ હતી તથા 2003માં તેના નામમાં ફેરફાર કરાયો હતો. તેમણે TERIના ભંડોળની સ્થાપના માટે યોગ્ય રકમ પ્રદાન કરી ઈન્સ્ટિટયૂટના વડા અને કર્મચારીઓને કામગીરીના નિર્ણયો લેવામાં હસ્તક્ષેપ કર્યા વિના પ્રોત્સાહન, પ્રેરણા અને નૈતિક ટેકો પૂરો પાડયો હતો.

❖ **દ્વિતીય એશિયા LPG સંમેલન...**

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એશિયા LPG (લિકિવફાઈડ પેટ્રોલિયમ ગેસ) સંમેલનની દ્વિતીય આવૃત્તિનું નવી દિલ્હી ખાતે ઉદ્ઘાટન કર્યુ હતું. બે દિવસીય આ સંમેલનની થીમ ''LPG–એનર્જી ફોર લાઈફ'' હતી. આ સંમેલનમાં સ્વચ્છ રસોઈ ઈંધણ આપવા માટે પ્રયત્ન કરી રહેલા રાષ્ટ્રો માટે ભારતની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના કેવી રીતે આદર્શ મોડલ બની શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ સંમેલનનું આયોજન ભારતની ઈન્ડિયન ઓઈલ, હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ વર્લ્ડ LPG એસોસિએસન (WLPGA) ના સહયોગથી કર્યું હતું.

વર્લ્ડ LPG એસોસિએશન (WLPGA) વૈશ્વિક LPG કંપનીઓનો અધિકૃત અવાજ છે. WLPGAની સ્થાપના 1987માં કરવામાં આવી હતી તથા સંયુક્ત રાષ્ટ્ર આર્થિક અને સામાજિક પરિષદ (યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ)ના વિશેષ સલાહકારનું પદ 1989માં મળ્યું હતું.

ભારત દુનિયાનો બીજો સૌથી મોટો **LPG** વપરાશકાર અને આયાતકાર

એશિયા LPG સંમેલનને સંબોધન આપતી વખતે પેટ્રોલિયમ સચિવ એમ.એમ.કુટ્ટીએ ભારત 2.25 કરોડ ટન LPG (રસોઈ ગેસ)ના ઉપયોગ સાથે દુનિયાનો બીજો સૌથી મોટો LPG વપરાશકાર દેશ બન્યો હોવાનું કહ્યું હતું. તેમણે LPGના વપરાશકારોમાં પ્રતિવર્ષ 15 ટકાના દરે વૃદ્ધિ થઈ રહી હોવાનું પણ કહ્યું હતું. LPG વપરાશકાર દેશોમાં ચીન પ્રથમ સ્થાને છે. LPG આયાતકાર દેશોમાં જાપાનને પાછળ છોડીને ભારત દ્વિતીય ક્રમે પહોંચ્યું છે. LPG આયાતકાર દેશોમાં પણ ચીન પ્રથમ સ્થાને છે.

❖ **યુનિસેફ દ્વારા 'બાલ વિવાહ–2019 ફેક્ટશીટ' નામનો અહેવાલ જારી...**

તાજેતરમાં યુનિસેફ (યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ફંડ) એ બાલ વિવાહ–2019 ફેક્ટશીટ (ફેક્ટશીટ ચાઈલ્ડ મેરેÖસ 2019) નામનો અહેવાલ જારી કર્યો છે જેમાં જણાવાયું છે કે ભારતના કેટલાક વિસ્તારોમાં હજુ પણ બાળ લગ્નો થઈ રહ્યા છે. અહેવાલમાં કહેવાયું છે કે છેલ્લા અમુક દશકોમાં ભારતમાં બાળ લગ્નના દરમાં ઘટાડો નોંધાયો છે પણ બિહાર, બંગાળ અને રાજસ્થાનમાં આ પ્રથા હજુ ચાલુ છે.

❖ **અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રી ઈવાન્કા ટ્રમ્પે ''વુમન્સ ગ્લોબલ ડેવલપમેન્ટ એન્ડ પ્રોસ્પેરિટી ઈનિશિયેટિવ'' નો શુભારંભ કરાવ્યો.**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્રી તથા વરિષ્ઠ વ્હાઈટ હાઉસ સલાહકાર ઈવાન્કા ટ્રમ્પે 7 ફેબ્રુઆરી, 2019ના રોજ વોશિંગ્ટનમાં '' વુમન્સ ગ્લોબલ ડેવલપમેન્ટ એન્ડ પ્રોસ્પેરિટી ઈનિશિએટિવ'' (W-GDP) નો શુભારંભ કરાવ્યો હતો. આ પહેલની શરૂઆત વ્હાઈટ હાઉસ દ્વારા કરવામાં આવી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિશ્વના વિકાસશીલ દેશોની 5 કરોડ મહિલાઓને આગામી છ વર્ષમાં એટલે કે 2025 સુધીમાં આર્થિક રીતે સશક્ત કરવાનો છે.

આ પહેલ માટે અમેરિકાની યે.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) 5 કરોડ ડોલર પૂરા પાડશે, UPS અને પેપ્સી જેવી ખાનગી કંપનીઓ પણ આ માટે સહાય પૂરી પાડે તેવી સંભાવના છે.

❖ **દ્વિતીય આસિયાન–ભારત યુવા સંમેલન...**

કેન્દ્રીય પ્રવાસન મંત્રી કે.જે. આલ્ફોન્સે દ્વિતીય આસિયાન–ભારત યુવા સંમેલનના ઉદ્‌ઘાટનના અવસરે આપેલા સંબોધનમાં ભારતના GDP (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)માં પ્રવાસન ક્ષેત્રના યોગદાન અંગે નીચે મુજબ વાત કરી હતી.

- ભારતના પ્રવાસન ક્ષેત્રે વર્ષ–2018માં 234 અબજ ડોલરનો નફો મેળવ્યો તથા પ્રવાસન ક્ષેત્રે 19 ટકા જેટલો વિકાસ કર્યો.
- વૈશ્વિક ક્ષેત્રે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ દર 5 ટકા હતો, જયારે ભારતનો પ્રવાસન ક્ષેત્રનો વિકાસ દર 19.4 ટકા રહ્યો.
- વર્લ્ડ ટ્રાવેલ એન્ડ ટુરિઝમ કાઉન્સિલ (WTTC) ના 2018ના અહેવાલ મુજબ, ભારતે પ્રવાસન ક્ષેત્રમાં તૃતીય ક્રમ મેળવ્યો.
- કુલ નફા પૈકી 87 ટકા યોગદાન ઘરેલું પ્રવાસીઓ દ્વારા તથા 13 ટકા યોગદાન વિદેશી પ્રવાસીઓ દ્વારા પ્રાપ્ત થયું.
- વૈશ્વિક ક્ષેત્રે વિદેશી પ્રવાસીઓના 7 ટકાના વિકાસ દર સામે ભારતમાં વિદેશી પ્રવાસીઓનો 14 ટકાના દરે વધારો થયો.
- કુલ ઘરેલુ પ્રવાસીઓ પૈકી 60 થી 70 ટકા પ્રવાસીઓ ધાર્મિક પ્રવાસીઓ હતા.

આસિયાન–ભારત યુવા સંમેલનનું આયોજન ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા આસિયાન સચિવાલય અને ભારત સરકારના વિદેશ મંત્રાલયના સહયોગથી કરવામાં આવે છે. વર્ષ 2017માં આયોજિત પ્રથમ આસિયાન–ભારત યુવા સંમેલનની થીમ – ''શેર્ડ વેલ્યૂસ, કોમન ડેસ્ટિની'' હતી. આ વર્ષે ગુવાહાટી ખાતે યોજાયેલા દ્વિતીય આસિયાન–ભારત યુવા સંમેલનની થીમ ''કનેક્ટિવિટી : પાથવે ટુ શેર્ડ પ્રોસ્પેરિટી'' હતી.

આસિયાનનું પૂરું નામ એસોસિએશન ઓફ સાઉથ–ઈસ્ટ એશિયન નેશન્સ (ASEAN) છે. આસિયાન દક્ષિણપૂર્વના 10 રાષ્ટ્રોનું સંગઠન છે. તેની સ્થાપના 6 ઓગસ્ટ, 1967ના રોજ થઈ હતી. તેનું વડુમથક ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે છે. 10 સભ્ય રાષ્ટ્રો ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપુર, થાઈલેન્ડ, બ્રુનેઈ, કંબોડિયા, લાઓસ, મ્યાનમાર અને વિયેતનામ છે.

❖ **ઈતિહાસમાં પહેલી વખત ભારતની અડધી વસતી પાસે કોઈ કામ રહ્યું નથી : NSSO...**

નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO)ના એક નવા સર્વેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે દેશના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે ભારતની અડધી કામકાÖ વસતી (15 વર્ષ અને તેનાથી વધુ) 2017-18માં કોઈપણ આર્થિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપતી નથી.

એક અંગ્રેÖ અખબારના હેવાલ મુજબ 2017-18માં લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (LFPR) 2011-12ના 55.9% ની સરખામણીએ ઘટીને 49.8% થયો છે. LFPR વર્તમાનમાં અર્થતંત્રમાં કાર્યરત અથવા રોજગારીની શોધમાં 16-64ના વય જૂથમાં કામકાÖ વસતીનો ભાગ છે. જે લોકો હજુ પણ અભ્યાસ કરી રહ્યા છે અથવા ગૃહિણીઓ તથા 64 વર્ષથી વધુ વયના વ્યક્તિઓને શ્રમ બળમાં સામેલ કરવામાં આવતા નથી.

❖ **કેન્દ્રીય શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી સંતોષકુમાર ગંગવારે ILOની શતાબ્દી ઉજવણીનો આરંભ કરાવ્યો...**

ભારતમાં ILO (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન)ની શતાબ્દી ઉજવણીનો કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી (સ્વતંત્ર હવાલો) સંતોષકુમાર ગંગવારે નોઈડાની વી.વી. ગિરિ નેશનલ લેબર ઈન્સ્ટિટ્યૂટ ખાતેથી આરંભ કરાવ્યો હતો. ભારતે આ સંસ્થાના સ્થાપક સભ્ય તરીકે તેના દરેક ક્ષેત્રમાં સક્રિય ભાગ ભજવ્યો છે.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (ILO) ત્રિપક્ષીય સંસ્થા છે, જેમાં સરકાર, નોકરીદાતા અને કર્મચારીઓના પ્રતિનિધિઓ ચર્ચા કરે છે અને શ્રમ ધોરણો બનાવે છે. ILO વર્ષ 2019માં તેની 100મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે.

❖ **અનૂપ સતપથી સમિતિ દ્વારા 375 રૂપિયા દૈનિક રાષ્ટ્રીય લઘુત્તમ મજૂરીની ભલામણ....**

શ્રમ અને રોજગાર મંત્રાલયે રાષ્ટ્રીય લઘુત્તમ મજૂરી નક્કી કરવા અંગે સમીક્ષા તથા તેની પદ્ધતિ સૂચવવા 17 જાન્યુઆરી, 2017ના વી.વી.ગિરિ રાષ્ટ્રીય શ્રમ સંસ્થાનના ફેલો ડૉ.અનૂપ સતપથીની અધ્યક્ષતામાં રચેલી એક વિશેષજ્ઞ સમિતિએ 14 ફેબ્રુઆરી, 2019ના તેનો અહેવાલ શ્રમ અને રોજગાર મંત્રાલયને સોંપી દીધો છે.

જેમાં તેણે જરૂરિયાત આધારિત રાષ્ટ્રીય લઘુત્તમ મજૂરી 375 રૂપિયા પ્રતિ દિન (9,750 રૂપિયા પ્રતિ માસ) નક્કી કરવાનું સૂચન કર્યું છે. સમિતિએ એકલ રાષ્ટ્રીય લઘુત્તમ મજૂરીની ભલામણ કરી છે. જે અંતર્ગત ગુજરાત માટે 414 રૂપિયા પ્રતિ દિન અને 10,764 રૂપિયા પ્રતિ માસની ભલામણ કરી છે.

❖ **આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનએ વાર્ષિક વિશ્વ રોજગાર અને સામાજિક દ્રષ્ટિકોણ વલણ–2019 જાહેર કર્યું....**

આંતરાષ્ટ્રીય મજૂર સંગઠન (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનઈઝેશન–ILO )એ વાર્ષિક વિશ્વ રોજગાર અને સામાજિક દ્રષ્ટિકોણ વલણ–2019 (વર્લ્ડ એમ્પ્લોયમેન્ટ એન્ડ સોશિયલ આઉટલુક ટ્રેન્ડ્સ) જાહેર કર્યું છે.

- 2019માં બેરોજગારીનો દર 4.9 ટકા રહેવાની અપેક્ષા રખાઈ છે અને 2020માં પણ આ દર જળવાઈ રહે તેવી શકયતા છે.
- આ રિપોર્ટમાં કર્મચારીઓ પૈકી મહિલાઓની ભાગીદારીના દર અંગે ચિંતા વ્યકત કરાઈ છે. કુલ પુરુષો પૈકી 75% જેટલા પુરુષોની ભાગીદારીના દર સામે મહિલાઓનો આ અંગેનો દર કુલ મહિલાઓ પૈકી 48% નો હતો, જેથી વૈશ્વિક મજૂર બળમાં કુલ 3.5 અબજ લોકોમાં દરેક 5 માંથી 3 પુરુષો હતા.
- વૈશ્વિક મજૂર બળમાં સમાવિષ્ટ કુલ 3.5 અબજ લોકો પૈકી 2 અબજ લોકો અનૌપચારિક રોજગારના ક્ષેત્રોમાં છે, તેમની આર્થિક સુરક્ષાને જોખમમાં મૂકે છે. 15 થી 24 વર્ષના યુવાન લોકોમાં બેરોજગારીનો દર 11.8% રહ્યો, જે અન્ય વયજૂથના લોકોના બેરોજગારીના દર કરતાં વધુ હતો.

## સાયન્સ અને ટેક્નોલોજી

❖ **વાર્ષિક બહુરાષ્ટ્રીય દરિયાઈ કવાયત કટલેસ એકસપ્રેસ જિબુતી અને સેશેલ્સ પાસેના સમુદ્રમાં યોજાઈ હતી.**

વાર્ષિક બહુરાષ્ટ્રીય દરિયાઈ કવાયત કટલેસ એકસપ્રેસ 27 જાન્યુઆરીથી 6 ફેબ્રુઆરી દરમિયાન જિબુતી અને સેશેલ્સ પાસેના સમુદ્રમાં યોજાઈ હતી. આ યુદ્ધાભ્યાસનો ઉદ્દેશ કાયદા અમલીકરણ ક્ષમતામાં વધારો કરવો, ક્ષેત્રીય સુરક્ષાને પ્રોત્સાહન આપવું અને પશ્ચિમ હિન્દ મહાસાગરમાં ગેરકાયદેસર દરિયાઈ પ્રવૃત્તિઓ પર મનાઈ ફરમાવવાના હેતુ માટે ભાગીદાર રાષ્ટ્રોના સશસ્ત્ર દળો વચ્ચે ઈન્ટર ઓપરેબિલિટી વિકસાવવાનો છે. વાર્ષિક યુદ્ધાભ્યાસ કટલેસ એકસપ્રેસ યુ.એસ.આફ્રિકા કમાન્ડ (USAFRICOM) દ્વારા પ્રાયોજિત અને નેવલ ફોર્સીસ આફ્રિકા (NAVAF) દ્વારા સંચાલિત છે. કટલેસ એકસપ્રેસ કવાયત–2019એ આ વાર્ષિક બહુરાષ્ટ્રીય દરિયાઈ કવાયતની આઠમી આવૃત્તિ છે અને તે મોઝામ્બિક, જિબુતી અને સેશેલ્સ યોજાઈ હતી.

ભારતીય નૌકાદળે આ યુદ્ધાભ્યાસમાં INS ત્રિકંદ દ્વારા પ્રતિનિધિત્વ કર્યું હતું. આ કવાયત દરમિયાન લોકોને ઈન્ટરનેશનલ મરીન ઓર્ગેનાઈઝેશન (IMO), કમ્બાઈન્ડ મેરીટાઈમ ફોર્સ (CMF) અને યુરોપિયન નેવલ ફોર્સીસ (EUNAVFOR) જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોના સહયોગ હેઠળ સંયુકત રીતે પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા.

❖ **સંરક્ષણ મંત્રાલયે એન્ટિ–ટેન્ક મિસાઈલ મિલન–2T ની ખરીદીને મંજૂરી આપી...**

સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતા હેઠળની ડિફેન્સ એકિવઝિશન કાઉનિસિલ (DAC) એ 1,200 કરોડ રૂપિયાની મિલન–2T એન્ટિ ટેન્ક મિસાઈલની ખરીદીને મંજૂરી આપી છે. 70,000 જેટલી એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM) અને 850 જેટલા લોન્ચરની જરૂરિયાત સામે DACએ 5,000 મિલન–2T એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલની ખરીદીને મંજૂરી આપી છે.

સરંક્ષણના ક્ષેત્રમાં યોગ્ય ખરીદી માટે કેન્દ્રીય સરંક્ષણ મંત્રીની અધ્યક્ષતામાં ડિફેન્સ એકિવઝિશન કાઉન્સિલ (DAC) ની રચના કરવામાં આવી છે. કાઉન્સિલનો ઉદ્દેશ પ્રાપ્ય ભંડોળ દ્વારા સશસ્ત્ર દળોની જરૂરિયાતના હથિયારોની ઝડપી ખરીદીનો છે. DACના મુખ્ય કાર્યો આ મુજબ છે :

- સંરક્ષણ દળના 15 વર્ષ જેટલા લાંબા સમયની યથાર્થ યોજનાને મંજૂરી આપતી મુખ્ય સંસ્થા તરીકેનું કાર્ય.
- ખરીદીના પ્રસ્તાવોનું 'બાય' (ખરીદો), 'બાય એન્ડ મેક' (ખરીદો અને બનાવો), 'મેક' (બનાવો) વચ્ચે વર્ગીકરણ.
- એક વિક્રેતાને મંજૂરીને લગતા પ્રશ્નોનું નિરાકરણ.
- 300 કરોડ રૂપિયા કરતા વધુ રકમના હથિયારોની ખરીદીને મંજૂરી.
- 'બાય' એન્ડ મેક' (ખરીદો અને બનાવો) કેટેગરી અંતર્ગત ખરીદી માટે ટેકનોલોO હસ્તાંતરણનો નિર્ણય.
- પરીક્ષણોનું મૂલ્યાંકન.

આ એન્ટિ ટેન્ક મિસાઈલનું મુખ્ય લક્ષ્ય મોટા પ્રમાણમાં હથિયારોથી ભરેલા વાહનોનો નાશ કરવાનું છે. આ મિસાઈલના મુખ્ય લક્ષણો આ મુજબ છે.

- મિલન મધ્યમ કક્ષાની પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે, તેનું ઉત્પાદન ફ્રાન્સના ફોન્ટનેય–ઓકસ–રોસીસ ખાતેની યુરો મિસાઈલ કંપની દ્વારા થયું છે.
- મિલન મિસાઈલને વોટરપ્રૂફ લોન્ચ ટયૂબમાં રાખવામાં આવે છે.
- મિલન–2 મજબૂત અને સુદ્રઢ ટેન્કની સામે ઉપયોગમાં લેવા માટેની મિસાઈલ છે, જયારે મિલન–2T એ રિએકિટવ ટેન્કની સામે ઉપયોગ માટે ટેન્ડમ ચાર્જથી સુસજ્જિત મિસાઈલ છે.

  ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા નાગ મિસાઈલના વિકાસનું કાર્ય થઈ રહ્યું છે ત્યારે DAC એ મિલન–2T ની ખરીદીને મંજૂરી આપી છે.

❖ **ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI)એ રાષ્ટ્રીય જળમાર્ગનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે LADIS-લીસ્ટ અવેલેબલ ડેપ્થ ટૂ એઈડ (least Available Depth to Aid) પોર્ટલ લોન્ચ કર્યું છે.**

જહાજોના અડચણરહિત પરિવહન માટે જળમાર્ગની યોગ્ય ઊંડાઈ હોવી જરૂરી છે. આ પોર્ટલ શિપ અને કાર્ગો માલિકોને સૌથી ઓછી ઊંડાઈની વાસ્તવિક સમયની માહિતી આપશે, જેથી તેઓ જળમાર્ગ પર વધુ આયોજિત રીતે પરિવહન કરી શકે. વિવિધ જળમાર્ગોના પ્રવાહની વાસ્તવિક સમયની માહિતી પરિવહનકારોને પરિવહનના સમયની યોગ્યતા પર માર્ગદર્શન આપીને મદદ કરશે.

LADIS પોર્ટલ IWAIની વેબસાઈટ પર મૂકવામાં આવ્યું છે અને તેને IWAI દ્વારા બનાવવામાં આવ્યું છે. શરૂઆતમાં આ માહિતી NW (નેશનલ વોટર વેઝ – રાષ્ટ્રીય જળમાર્ગ)–1, NW-2, NW-3 અને ઈન્ડો–બાંગ્લાદેશ પ્રોટોકોલ રૂટ માટે પ્રાપ્ય હશે તથા પછીથી આ માહિતી અન્ય રાષ્ટ્રીય જળમાર્ગો માટે પણ ઉપલબ્ધ બનાવાશે.

❖ **ભારતે ઓડિશાના તટેથી QRSAM મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું...**

ભારતે 26 ફેબ્રુઆરી, 2019ના ભૂમિથી હવામાં પ્રહાર કરનારી કિવક રિએકશન સરફેસ–ટુ–એર મિસાઈલ (QRSAM) નું ઓડિશાના તટેથી સફળ પરીક્ષણ કર્યું છે. DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) એ સૈન્ય માટે વિકસાવાઈ રહેલી આ બે QRSAM મિસાઈલોનું પરીક્ષણ કર્યું છે. DRDO એ આ મિસાઈલનું નિર્માણ ભારત ઈલેકટ્રોનિક લિ. અને ભારત ડાયનેમિક લિ. સાથે મળીને કર્યું છે. દરેક ૠતુમાં કામ આપતી આ મિસાઈલની રેન્જ 25 થી 30 કિ.મી. છે. તે ત્વરિત ગતિએ લક્ષ્યાંકને ધ્વસ્ત કરી શકે છે.

❖ **હેલિકોપ્ટરમાંથી છોડી શકાય તેવી એન્ટિ ટેન્ક મિસાઈલ હેલિનાનું ઓડિશાના બાલાસોર જિલ્લાના ચાંદીપુર ખાતેની ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જમાંથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.**

એન્ટિ ટેન્ક મિસાઈલ હેલિનાની લાક્ષણિકતાઓ...

- હેલિના સ્વદેશમાં ડિઝાઈન કરાયેલી અને નિર્મિત મિસાઈલ છે.
- હેલિના નાગ મિસાઈલની હવામાંથી છોડાતી આવૃત્તિ છે, નાગ ફાયર એન્ડ–ફરગેટ સિદ્ધાંત પર કામ કરતી ATGM (એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ) છે કે જેની અંદાજિત રેન્જ 4 કિ.મી. છે.

- હેલિનાની અંદાજિત રેન્જ 7 થી 8 કિ.મી. છે.
- હેલિનાને લોક–ઓન બિફોર–લૉન્ચ મોડમાં ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર (UR) દ્વારા માર્ગદર્શન મળશે અને તે દેશની સુરક્ષા ક્ષમતાને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે.
- ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર (UR) ટેકનોલોÒ પણ સ્વદેશમાં વિકસિત છે અને NAG એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલમાં પણ તેનું પ્રદર્શન કરવામાં આવ્યું છે.
- હેલિનાને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) ના લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર્સ (LCH) અને ધ્રુવ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર્સ (ALH) ના બોર્ડ પર ટ્વિન–ટયૂર સ્ટબ વિન્ગ–માઉન્ટેડ લૉન્ચરથી લૉન્ચ કરવામાં આવે છે.
  હેલિના દુનિયાના સૌથી એડવાન્સ્ડ એન્ટિ ટેન્ક શસ્ત્રો પૈકીનું એક છે. હેલિના મિસાઈલનું ઉત્પાદન અને સમાવેશ 2019માં થાય તેવી શકયતા છે.

❖ **અમેરિકા પાસેથી 73,000 સિગ સોવર એસોલ્ટ રાઈફલ ખરીદવા સરકારની મંજૂરી....**

ભારતીય સેનાના આધુનિકીકરણના ભાગરૂપે સંરક્ષણ મંત્રાલયે સરહદે તૈનાત જવાનોને નવી એસોલ્ટ રાઈફલ આપવાનો નિર્ણય કર્યો છે. સંરક્ષણ મંત્રાલયે અમેરિકા પાસેથી 73,000 સિગ સોવર એસોલ્ટ રાઈફલ ખરીદવા માટેના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ તમામ રાઈફલો ચીન સાથે ભારતની લગભગ 3,400 કિ.મી. લાંબી સરહદે તૈનાત સૈનિકોને અપાશે. આ સિગ સોવર એસોલ્ટ રાઈફલો ઈન્સાસ રાઈફલોનું સ્થાન લેશે.

❖ **ઈરાને હોવેઈઝેહ ક્રૂઝ મિસાઈલનું કર્યું સફળ પરીક્ષણ**

ઈરાને 1979ની ઈસ્લામિક ક્રાંતિની 40મી વર્ષગાંઠ નિમિત્તે 2 ફેબ્રુઆરી, 2019ના રોજ લાંબી રેન્જની હોવેઈઝેહ ક્રૂઝ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું હોવાનું જાહેર કર્યું હતું. હોવેઈઝેહ ક્રૂઝ મિસાઈલ સૌમાર પરિવારની ક્રૂઝ મિસાઈલનો ભાગ છે, તેની રેન્જ 1,350 કિ.મી. (840 માઈલ) કરતાં વધુ છે. તેનો ઉપયોગ જમીન પરના લક્ષ્યને વેધવા માટે થશે. હોવેઈઝેહ મિસાઈલ ઓછી ઊંચાઈએ ઉડી શકે છે તથા તેની સજ્જતા માટે ખૂબ ટૂંકા સમયની જરૂર રહે છે. આ મિસાઈલનું ઉત્પાદન ઈરાનના એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ ઓર્ગેનાઈઝેશન દ્વારા થયું છે.

❖ **ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝે ભારતીય નૌકાદળ સાથે 9.30 કરોડ ડોલરના નેવલ MRSAM સોદા પર હસ્તાક્ષર કર્યા...**

ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝે તાજેતરમાં ભારતીય નૌકાદળ સાથે નેવલ MRSAM (મધ્યમ અંતરની ભૂમિથી આકાશમાં પ્રહાર કરી શકતી મિસાઈલ) માટે 9.30 કરોડ ડોલરની ઋણ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ સોદો ઈઝરાયેલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભારતીય નૌકાદળ તથા કોચીન શિપયાર્ડ સાથે કરાયો છે. મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) સિસ્ટમનો ઉપયોગ ઈઝરાયેલના નૌકાદળ દ્વારા કરવામાં આવે છે.

આ મિસાઈલ વડે આકાશી, સમુદ્રી તથા ભૂમિ પરથી ઊભાં થતાં જોખમને આસાનીથી પહોંચી વળી શકાય છે. મિસાઈલ પ્રણાલીમાં ડિજિટલ રડાર, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ, લૉન્ચર તથા ઈન્ટરસેપ્ટર હોય છે. તેનું નિર્માણ ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલય, ભારતના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO), રાફેલ તથા એલ્ટા સિસ્ટમ્સ વચ્ચેના સહયોગથી કરાયું છે.

❖ **નાસાએ મંગળ પરનું તેનું મિશન ઓપચ્યુનિટી નિષ્ક્રિય થયાનું સ્વીકાર્યું...**

નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન–NASA) એ તાજેતરમાં મંગળ પરનું તેનું મિશન ઓપચ્યુનિટી નિષ્ક્રિય થયાનું સ્વીકાર્યું હતું. નાસાનું આ રોવર મંગળ ગ્રહ પર સૌથી વધુ ચાલનારું રોવર હતું.

મંગળ ગ્રહ પર પરસેવરેંસ વેલીમાં સૂર્ય ઊર્જા સંચાલિત ઓપ્પ્યુનિટી રોવર જે સ્થળે રોકાયેલું હતું ત્યાં ધૂળ છવાઈ જવાથી રોવરને સૂર્ય ઊર્જા મળી ન હતી, જેથી તેની બેટરી ચાર્જ ન થઈ શકી. ઓપ્પ્યુનિટી રોવર સાથે વૈજ્ઞાનિકોનો અંતિમ સંપર્ક 10 જૂન, 2018ના રોજ થયો હતો.

❖ **નાસાએ બ્રહ્માંડની ઉત્પત્તિ અંગે સંશોધન કરવા SPHEREx મિશન લૉન્ચ કર્યું...**

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ બ્રહ્માંડની ઉત્પત્તિ અંગે સંશોધન કરવા SPHEREx મિશન લૉન્ચ કર્યું છે. SPHEREx નું આખું નામ સ્પેક્ટ્રો–ફોટોમીટર ફોર ધ હિસ્ટ્રી ઓફ યુનિવર્સ, ઈપોક ઓફ રિઆયોનાઈઝેશન એન્ડ આઈસીસ એક્સપ્લોરર છે. આ અંતરિક્ષયાન બ્રહ્માંડના નિર્માણનો અભ્યાસ કરશે. તે દર 6 માસે આકાશનો નકશો તૈયાર કરશે.

❖ **ભારતના સુપરકમ્પ્યૂટર સાયન્ટિસ્ટ ડૉ.વિજય ભાટકરે કહ્યું કે ભારતે પણ એડવાન્સ્ડ સુપરકમ્પ્યૂટર બનાવવાનું મિશન શરૂ કરી દીધું છે...**

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (GTU)ના 8માં કોન્વોકેશન સમારોહના અવસરે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ભારતના સુપરકમ્પ્યૂટર સાયન્ટિસ્ટ ડૉ.વિજય ભાટકરે કહ્યું હતું કે ચીન અને અમેરિકા સહિતના કેટલાક દેશો હાલ એકઝા સ્કેલ એડવાન્સ્ડ સુપરકમ્પ્યૂટર બનાવવા માટે મથી રહ્યા છે ત્યારે ભારતે પણ એડવાન્સ્ડ સુપરકમ્પ્યૂટર બનાવવાનું મિશન શરૂ કરી દીધું છે અને ભારત પણ અમેરિકા અને ચીન સાથેની સ્પર્ધામાં 2022 સુધીમાં એકઝા સ્કેલ સુપરકમ્પ્યૂટર બનાવી લેશે.

ભારતમાં 1991માં દેશનું પ્રથમ સુપરકમ્પ્યૂટર તૈયાર કરનાર ડૉ.વિજય ભાટકરે કહ્યું હતું કે ભારતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સુપરકમ્પ્યૂટર, સાયબર સુરક્ષા અને રોબોટિકસ જેવા ક્ષેત્રે રિસર્ચ વધારવું પડશે. ડૉ.વિજય ભાટકર નાલંદા યુનિવર્સિટીના ચાન્સેલર અને ભારતમાં સુપર કમ્પ્યૂટિંગની પહેલના સ્થપતિ તરીકે ઓળખાય છે.

❖ **ઉત્તરાખંડના ટેહરી જિલ્લામાં એક હિમાલયન કલાઉડ વેધશાળાની સ્થાપના કરવામાં આવી...**

ઉત્તરાખંડના ટેહરી જિલ્લામાં એક હિમાલયન કલાઉડ વેધશાળાની સ્થાપના કરવામાં આવી છે. જેનો ઉદ્દેશ હિમાલય ક્ષેત્રમાં વાદળ ફાટવાની ઘટનાઓનું પૂર્વાનુમાન કરવાનો છે.

વેધશાળા SRT પરિસર બાદશાહીથૌલમાં સ્થાપવામાં આવી છે. આ વેધશાળા ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોÒ વિભાગ તથા ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોÒ, કાનપુર દ્વારા વાદળોની ગતિવિધિઓની દેખરેખ રાખનારી દેશની બીÒ વેધશાળા છે જે અત્યંત ઊંચાઈએ કાર્ય કરી શકે છે.

❖ **ઈસરોના હ્યુમન સ્પેસ ફલાઈટ સેન્ટરનું બેંગ્લોર ખાતે ઉદ્‌ઘાટન....**

ઈસરોના ભવિષ્યના સમાનવ અવકાશ યાત્રા મિશનના મુખ્ય કેન્દ્ર એવા હ્યુમન સ્પેસ ઈલાઈટ સેન્ટર (HSFC)નું ઈસરોના વડામથક બેંગ્લોર ખાતે ઉદ્‌ઘાટન કરાયું હતું. HSFC ગગનયાન મિશનની પ્રથમ ઉડાન માટેનું કાર્ય સંભાળશે. HSFC મિશનના આયોજન, અવકાશયાત્રીઓનાં આકાશમાં અસ્તિત્વ માટે એન્જિનિયરિંગ પદ્ધતિનો વિકાસ તથા સમાનવ અંતરિક્ષ મિશન માટે તાલીમનું કાર્ય સંભાળશે.

મિશન ગગનયાન...

ઈસરોનું સૌથી વધુ પ્રાથમિકતાયુકત એવું ભારતનું પ્રથમ સમાનવ અંતરિક્ષ મિશન–ગગનયાન છે, કે જેનું પ્રથમ અને દ્વિતીય માનવરહિત અવકાશ યાત્રાનું લક્ષ્ય અનુક્રમે ડિસેમ્બર 2020 તથા જુલાઈ 2021 છે.

સમાનવ અવકાશયાત્રા મિશનને ડિસેમ્બર 2021માં અંજામ આપવામાં આવશે.

મિશન ગગનયાનના વડા ડૉ.આર.હટ્ટન છે, કે જેઓ પોલર સેટેલાઈટ લૉન્ચ વેહિકલ (PSLV)ના ડાયરેક્ટર પણ રહી ચૂકયા છે. મિશન ગગનયાન અંતર્ગત ત્રણ ભારતીય અવકાશયાત્રીઓને પૃથ્વીની સપાટીથી 350 થી 400 કિમીની ઊંચાઈએ અંદાજે એક અઠવાડિયા માટે લઈ જવાશે, જ્યાં અવકાશયાત્રીઓ અવકાશમાં પ્રયોગ કરશે.

❖ **ભારતમાં પ્રથમવાર વાયુમંડળના ભેજમાંથી પાણી બનાવનારું વોટર જનરેટર લૉન્ચ કરાયું....**

સંરક્ષણ અંગેની જાહેર ક્ષેત્રની કંપની ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.(BEL) એ એરો ઈન્ડિયા 2019 ખાતે એક નવા ઉત્પાદન એટમોસ્ફેરિક વોટર જનરેટર (AWG) નું 24 ફેબ્રુઆરી, 2019ના લૉન્ચિંગ કર્યું હતું. આ નવું ઉત્પાદન વિશ્વમાં વધતી જતી પીવાના પાણીની જરૂરિયાતો પૂરી કરવા માટે એક નવાચાર સમાધાન પૂરું પાડશે. ભારતીય સૈન્યના વડા જનરલ બિપિન રાવતે એટમોસ્ફેરિક વોટર જનરેટરનું ઉદ્ઘાટન કર્યું હતું. આ વોટર જનરેટરની મદદથી વાયુમંડળમં રહેલા ભેજમાંથી પાણી બનાવી શકાશે. આ વોટર જનરેટરની ક્ષમતા 30 લીટર, 100 લીટર, 500 લીટર અને 1,000 લીટર પ્રતિ દિનની છે.

❖ **લિથિયમ–આયન સેલ ટેકનોલોÒ ટ્રાન્સફર...**

ઈસરોએ લિથિયમ–આયન સેલ ટેકનોલોÒ ટ્રાન્સફર માટે 10 કંપનીઓની પસંદગી કરી છે જેમાં ગુજરાતની પણ 1 કંપની છે.

- જ્યોતિ CNC ઓટોમેશન લિમિટેડ, રાજકોટ

લિથિયમ–આયન સેલ ટેકનોલોÒનો વિકાસ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) દ્વારા કરવામાં આવ્યો છે. ઈસરોના ઘણા મિશનમાં સ્વદેશી બનાવટની લિથિયમ–આયન સેલ બેટરીના સફળ પ્રયોગ બાદ, VSSC હવે આ ટેકનોલોÒનો ઉપરોકત કંપનીઓને પણ ટ્રાન્સફર કરશે, જેથી સમગ્ર ભારતની ઊર્જા સંગ્રહ ક્ષમતાને પહોંચી વળવા યોગ્ય આ બેટરીનું ઉત્પાદન થઈ શકે. લિથિયમ–આયન સેલ બેટરી ટેકનોલોÒ તેના ઉચ્ચ વૉલ્ટેજ, ઉચ્ચ ઊર્જા ઘનતા, લાંબી આવરદા તથા ઉચ્ચ સંગ્રહ ક્ષમતાને કારણે ઈલેકિટ્રક વાહનો તથા ઈલેક્ટ્રોનિક ગેજેટના ક્ષેત્રમાં ઊર્જાના શ્રેષ્ઠ સ્ત્રોત તરીકે પ્રસ્થાપિત થઈ છે.

❖ **કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયને રાજ્યના પોલીસ વડામથકમાં હ્યુમનોઈડ પોલીસ રોબોટને લૉન્ચ કર્યો...**

કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયને રાજ્યના પોલીસ વડામથકમાં હ્યુમનોઈડ પોલીસ રોબોટને લૉન્ચ કર્યો હતો. રોબોટને 'કેપી બૉટ' નામ અપાયું છે અને તેને સબ ઈન્સ્પેક્ટર તરીકે પેશ કરાયો છે. આ સાથે કેરળ પોલીસ વડુમથક દેશમાં પોલીસના કામકાજ માટે રોબોટનો ઉપયોગ કરનારૂ પ્રથમ પોલીસ સ્ટેશન બની ગયું છે. કેરળના પોલીસ વડા (DGP) લોકનાથ બોહરાએ જણાવ્યું હતું કે આ કેપી–બૉનો ઉદ્દેશ ટેકનોલોÒને પોલીસ કાર્યોમાં ઉપયોગી બનાવવાનો છે.

❖ **નાસાના અંતરિક્ષ ટેલિસ્કોપ હબલ દ્વારા વધુ એક આકાશગંગાની શોધ કરવામાં આવી....**

નાસાના અંતરિક્ષ ટેલિસ્કોપ હબલ દ્વારા તાજેતરમાં બ્રહ્માંડમાં વધુ એક આકાશગંગાની શોધ કરવામાં આવી છે. પરંતુ નાસાનું કહેવું છે કે આ આકાશગંગા આપણી વર્તમાન આકાશગંગાની તુલનામાં વામન કદ ધરાવે છે. હબલ દૂરબીન દ્વારા આ આકાશગંગાનો અભ્યાસ કરાયા બાદ તેને વામન કહેવામાં આવી છે. નવી આકાશગંગાને બેદિન–1 નામ અપાયું છે.

❖ **ચુંબકીય ઉત્તર ધ્રુવ તેની જગ્યાએથી ખસી રહ્યો હોવાનું જાણવા મળ્યું.**

વૈજ્ઞાનિકો દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલ જાણકારી મુજબ ચુંબકીય ઉત્તર ધ્રુવ તેની જગ્યાએથી ખસી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. પૃથ્વીની ઉત્તર દિશા અને ચુંબકીય ઉત્તર ધ્રુવ એટલી ઝડપથી આગળ ખસી રહ્યા છે કે ભૂતકાળમાં વૈજ્ઞાનિકોના અનુમાન હવે જહાજોના પરિવહન માટે યોગ્ય નથી રહ્યાં.

ચુંબકીય ઉત્તર ધ્રુવ દર વર્ષે આશરે 55 કિ.મી. જેટલું તેની જગ્યાએથી ખસી રહ્યો છે. વર્ષ 2017માં ઉત્તર ધ્રુવે ઈન્ટરનેશનલ ડેટ લાઈન (IDL)ને પાર કરી લીધી હતી અને હવે તે સાઈબીરિયા તરફ આગળ વધતા હાલ કેનેડિયન આર્કટિકથી આગળ વધી રહ્યો છે.

કોલારાડો યુનિવર્સિટીના જિઓફિઝિસિસ્ટ અને નવા વર્લ્ડ મેગ્નેટિક મૉડલના પ્રમુખ શોધકર્તા આર્નોડ યુલિયટે ઉત્તર ધ્રુવના બદલાતા સ્થાનને કારણે સ્માર્ટફોન અને ઈલેકટ્રોનિક હોકાયંત્રોમાં મુશ્કેલી આવવાનું કહ્યું હતું તથા GPS સિસ્ટમ ઉપગ્રહ આધારિત હોવાથી તેને મુશ્કેલી ન પડવાનું કહ્યું હતું. મેરીલેન્ડ યુનિવર્સિટીના જિઓફિઝિસિસ્ટ ડેનિયન લેથ્રોપે પૃથ્વીની બહારના આવરણમાં થઈ રહેલી હલચલને આ ઘટનાનું કારણ ગણાવી હતી તથા દક્ષિણ ધ્રુવ ઉત્તર ધ્રુવની તુલનામાં ખૂબ ધીમી ગતિથી સ્થાન બદલતો હોવાનું કહ્યું હતું.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પરમ શિવાય સુપરકમ્પ્યૂટર લૉન્ચ કર્યું છે.**

તેને IIT-BHU (બનારસ હિન્દુ યુનિવર્સિટી)માં લૉન્ચ કરાયું છે. ભારતનું પ્રથમ સુપરકમ્પ્યૂટર પરમ 8000 હતું, જેને 1991માં લૉન્ચ કરાયું હતું. વર્તમાનમાં ભારતીય ઉષ્ણકટિબંધીય મોસમ વિજ્ઞાન સંસ્થાનમાં ' પ્રત્યુષ', રાષ્ટ્રીય મધ્યમ શ્રેણી મોસમ પૂર્વાનુમાન કેન્દ્ર પાસે 'મિહિર' તથા IISc પાસે 'SERC-Cray' નામનું સુપરકમ્પ્યૂટર છે.

પરમ શિવાય અંગે ખાસ...

- આ સુપરકમ્પ્યૂટરની ક્ષમતા 833 ટેરાફ્લોપ છે.
- આ સુપરકમ્પ્યૂટરનો ઉપયોગ સિંચાઈ યોજનાઓ, ટ્રાફિક પ્રબંધન, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં કરાશે.
- આ સુપરકમ્પ્યૂટરનું નિર્માણ ફ્રાન્સની કંપની ATOSએ કર્યું છે.

❖ **ચીને વિશ્વની પ્રથમ AI મહિલા ન્યૂઝ એન્કર રજૂ કરી**

ચીને વિશ્વની પહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI અર્થાત કૃત્રિમ બુદ્ધિ) આધારિત મહિલા ન્યૂઝ એન્કર રજૂ કરી છે. ચીનની સરકારી ટી.વી. ચેનલ શિન્હુઆ દ્વારા પેશ કરાયેલી આ AI આધારિત ન્યૂઝ એન્કર (સમાચાર વાચક)નું નામ શિન શિયાઓમેંગ છે. આ કૃત્રિમ બુદ્ધિમતા ધરાવતી ન્યૂઝ એન્કર શિન શિયાઓમેંગ સમાચાર વાચન દરમિયાન Òવિત માનવની માફક જ ચહેરાના હાવભાવ અને અભિવ્યકિતઓની આબેહૂબ નકલ કરી શકે છે.

❖ **ઈઝરાયેલની કંપનીએ વિશ્વનું પ્રથમ ખાનગી ભંડોળથી સમર્થિત મિશન ચંદ્ર પર મોકલ્યું...**

એલમ મસ્કની કંપની સ્પેસએકસના ફાલ્કન 9 રોકેટે ઈઝરાયેલની કંપની સ્પેસILના લૂનાર લેન્ડર સાથે ફ્લોરિડાથી ઉડાન ભરી છે. જો મિશન સફળ રહ્યું તો ઈઝરાયેલ રશિયા, ચીન અને અમેરિકા જેવા એ દેશોની કલબમાં સામેલ થઈ જશે જેણે ચંદ્રની સપાટી પર સફળ નિયંત્રિત લેન્ડિંગ કર્યું છે.

જે સાથે આ વિશ્વનું એવું પ્રથમ ખાનગી લૂનાર લેન્ડર મિશન છે જેને દાનમાં પ્રાપ્ત નાણાંથી હાથ ધરાયું છે. આ ચંદ્ર મિશનનો કુલ ખર્ચ લગભગ 700 કરોડ રૂપિયા છે. સ્પેસક્રાફ્ટ (અંતરિક્ષયાન)નું નામ બેરેશીટ રખાયું છે. તેનું વજન 585 કિલોગ્રામ છે.

❖ **ભારતીય સેનાએ વાર્ષિક કવાયત 'તોપચી' યોÒ...**

ભારતીય સેનાએ 12 ફેબ્રુઆરી, 2019ના રોજ નાસિક નÒકના દેવલાલી કેમ્પ ખાતે યોજાયેલી વાર્ષિક કવાયત તોપચી દરમિયાન અલ્ટ્રા લાઈટ હોવિત્ઝર તોપ અને સ્વદેશ નિર્મિત શસ્ત્ર શોધક રડાર સ્વાતિ દ્વારા પોતાના શસ્ત્ર સરંજામનું પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન ઉડ્ડયન અને દેખરેખ ક્ષમતાઓનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

દેવલાલી મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલું નાનકડું હિલ સ્ટેશન છે. તે ભારતના સૌથી જૂના સૈન્ય કેન્દ્રો પૈકીનું એક છે. તેની સ્થાપના 1869માં કરવામાં આવી હતી તથા તે દારણા નદીના કિનારે છે. પ્રખ્યાત સ્કૂલ ઓફ આર્ટિલરી પણ દેવલાલી ખાતે આવેલી છે.

❖ **ભારતીય વાયુસેના એ પોખરણમાં યુદ્ધ વિમાનો અને એટેક હેલિકોપ્ટર્સ વડે કવાયત વાયુ શકિત–2019 યોÔ હતી.**

ભારતીય વાયુસેના (ઈન્ડિયન એર ફોર્સ–IAF)એ પાકિસ્તાનની સરહદ નÔક રાજસ્થાનમાં પોખરણ ખાતે તેની પ્રચંડ તાકાતનો શત્રુઓને પરચો બતાવવા 137 યુદ્ધ વિમાનો અને એટેક હેલિકોપ્ટર્સ વડે કવાયત વાયુ શકિત – 2019 યોÔ હતી. આ મહાકવાયતમાં ભારતીય વાયુ દળની અપાર શકિતનું પ્રદર્શન કરાયું હતું. IAFએ એકસરસાઈઝ વાયુ શકિત–2019માં હળવા યુદ્ધ વિમાન (LCA) તેજસ, હેલિકોપ્ટર્સ તેમજ ભૂમિથી આકાશમાં ત્રાટકતી આકાશ મિસાઈલ અને હવાથી હવામાં પ્રહાર કરતી અસ્ત્ર મિસાઈલની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

વાયુ શકિત અને ગગન શકિત ઈન્ડિયન એર ફોર્સ દ્વારા યોજાતા બે મહત્વના યુદ્ધાભ્યાસો છે. કવાયત વાયુ શકિતમાં શત્રુ દેશના કાફલા તથા રણગાડીઓ, રડાર સ્ટેશનો, રેલવે યાર્ડ્સ અને સૈન્ય વડામથકો જેવા ભૂમિ પરના લક્ષ્યાંકોને નિશાન બનાવવાની IAFની ક્ષમતા પ્રદર્શિત કરવામાં આવે છે, જ્યારે ગગન શકિતમાં IAFની હવાઈ તાકાત, હવાથી હવામાં યુદ્ધ વગેરે જેવી મહત્વની તાકાતનું પ્રદર્શન કરવામાં આવે છે.

❖ **કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંઘે તાજેતરમાં નેશનલ સાયબર ફોરેન્સિક લેબ અને સાયબર પ્રિવેન્શન, અવેરનેસ & ડિટેકશન સેન્ટર (CyPAD)નું ઉદ્દઘાટન કર્યું હતું.**

નેશનલ સાયબર ફોરેન્સિક લેબ (NCFL) ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) પહેલનો એક ભાગ છે જ્યારે CyPAD દિલ્હી પોલીસનું સાયબર ક્રાઈમ યુનિટ છે.

CyPAD નાગરિકો તથા દિલ્હીના પોલીસ એકમો અને એજન્સીઓને, ફોરેન્સિક, સાયબર સુરક્ષા અને સલામતી સંબંધી સેવાઓ પૂરી પાડશે. CyPAD ક્રિપ્ટો–કરન્સીની છેતરપિંડીઓ, આંતરાષ્ટ્રીય ટેકનોલોÔ સમર્થિત ઠગાઈઓ અને અન્ય સાયબર ગુનાઓ સાથે કામ લેશે.

નેશનલ સાયબર ફોરેન્સિક લેબ (NCFL) કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)નો ભાગ છે.

❖ **યુનેસ્કોએ રાસાયણિક તત્વોના આવર્ત કોષ્ટકની 150મી વર્ષગાંઠ નિમિત્તે વર્ષ 2019ને આવર્ત કોષ્ટકનું આતંરરાષ્ટ્રીય વર્ષ જાહેર કર્યું છે.**

રશિયાના વૈજ્ઞાનિક દમિત્રી મેન્ડેલિફ દ્વારા 1869માં સૌપ્રથમવાર આવર્ત કોષ્ટક પ્રકાશિત કરાયું હતું.

આવર્ત કોષ્ટકની મહત્વની લાક્ષણિકતાઓ આ મુજબ છે.

- કોષ્ટકની સાત હરોળોને આવર્ત કહે છે, જેમાં સામાન્ય રીતે ડાબી બાજુ ધાતુ તથા જમણી બાજુ અધાતુ હોય છે.
- કોષ્ટકની કોલમને સમૂહ કહે છે તથા સામાન્ય રીતે કોલમમાં સમાન રાસાયણિક લાક્ષણિકતાયુકત તત્વો હોય છે.
- અણુ ક્રમાંક 1 (હાઈડ્રોજન)થી અણુ ક્રમાંક 118 (ઓગનસન) ધરાવતા તત્વોની શોધ કુદરતી રીતે અથવા પ્રયોગશાળામાં થઈ છે.
- આવર્ત કોષ્ટકના પ્રથમ 98 તત્વો કુદરતી રીતે મળી આવે છે, જયારે 99 થી 118 પરમાણુ ક્રમાંક ધરાવતા તત્વો પ્રયોગશાળા અથવા પરમાણુ રિએકટરમાં શોધવામાં આવ્યા છે.
- ઉચ્ચ અણુ ક્રમાંક ધરાવતા તત્વો પર પ્રયત્નો શરૂ છે તથા આ તત્વો આઠમી હરોળથી શરૂ કરાશે અને આ માટે સંભવિત તત્વોની પસંદગીનું કાર્ય શરૂ કરવામાં આવ્યું છે.

❖ **વર્ષ 2018માં ધરતીની સપાટીનું વૈશ્વિક તાપમાન 1880 પછીનું અત્યારસુધીનું ચોથું સૌથી વધુ તાપમાન હતું.**

વર્ષ 2018માં ધરતીની સપાટીનું વૈશ્વિક તાપમાન 1880 પછીનું અત્યારસુધીનું ચોથું સૌથી વધુ તાપમાન હતું. NASA (નેશનલ એરોનોટિકસ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન) અને NOAA (નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન) ના સ્વતંત્ર વિશ્લેષણોમાં આ બાબત જાણવા મળી હતી.

NASA ની ગોડાર્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ સ્પેસ સ્ટડીઝ (GISS) અનુસાર, 2018માં વૈશ્વિક તાપમાન 1951થી 1980 સુધીના સરેરાશ તાપમાનથી 0.83 ડિગ્રી સેલ્સિયસ વધુ હતું.

❖ **અમેરિકન એરોસ્પેસ કંપની બોઈંગ દ્વારા નિર્મિત ચિનૂક હેલિકોપ્ટરના પ્રથમ બેચના 4 હેલિકોપ્ટર ગુજરાતના મુંદ્રા બંદરે આવી પહોંચ્યા હતા.**

આ પ્રથમ બેચ ને ચંદીગઢ ખાતે લઈ જવામાં આવશે, જયાં તેમને પછીથી 2019માં જ વિધિવત્ રીતે ચંદીગઢ ખાતે ભારતીય વાયુસેનામાં સામેલ કરાય તેવી શકયતા છે. આથી તેનો ઉપયોગ લદ્દાખ અને સિયાચીન જેવા ક્ષેત્રોમાં કરવામાં આવશે. બોઈંગ કંપનીએ જણાવ્યું હતું કે (CH-47F(1)) ચિનૂક હેલિકોપ્ટરને મુંદ્રાથી ચંદીગઢ લઈ જવાશે.

અમેરિકન સેના લાંબા સમયથી અપાચે અને ચિનૂકનો ઉપયોગ કરી રહી છે, જયારે ભારતીય હવાઈ દળ મોટાભાગે રશિયન બનાવટના Mi-17 જેવા મધ્યમ વર્ગના લિફટ હેલિકોપ્ટરોનો ઉપયોગ કરી રહ્યું છે.

**ચિનૂક હેલિકોપ્ટર વિશે વિશેષ માહિતી...**

ચિનૂક એ બહુવિધ ભૂમિકા ભજવતું વર્ટિકલ લિફટ હેલિકોપ્ટર છે, જેનો ઉપયોગ લશ્કર, શસ્ત્ર સરંજામ અને ઈંધણના પરિવહન માટે થઈ શકે છે. ચિનૂકને માનવીય અને આપત્તિ રાહતની કામગીરી તથા રાહત પુરવઠાના પરિવહન અને શરણાર્થીઓને લઈ જવા માટે ઉપયોગમાં લેવાશે. આ હેલિકોપ્ટર ઊંચા પર્વતીય ક્ષેત્રોમાં હોવિત્ઝર તોપોની સામગ્રી પહોંચાડવામાં મદદરૂપ થશે.

આ હેલિકોપ્ટર 9.6 ટન વજન ઊંચકી શકે છે જેથી તે ભારે મશીન, તોપ અને રણગાડીઓને લઈ જવા માટે સક્ષમ છે. અપાચેને દુનિયાના શ્રેષ્ઠ યુદ્ધ હેલિકોપ્ટરો પૈકી એક ગણવામાં આવે છે તથા ભારત અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર 14મો તથા ચિનૂક હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર 19મો દેશ બનશે.

❖ **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના પ્રથમ ડીઝલમાંથી ઈલેકિટ્રકમાં પરિવર્તિત રેલવે એન્જિનને લીલીઝંડી આપી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 19 ફેબ્રુઆરી, 2019ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસીમાં ડીઝલ લોકોમોટિવ વકર્સ (DLW) ખાતે વિશ્વના પ્રથમ ડીઝલમાંથી ઈલેકટ્રિકમાં પરિવર્તિત કરાયેલા રેલવે એન્જિનને લીલીઝંડી આપી હતી.

- 10,000 હોર્સપાવરના માલગાડીના એન્જિનને સ્વદેશી ટેકનોલોÔનો ઉપયોગ કરીને 2,600-2,600 હોર્સપાવરના બે જૂના ડીઝલ એન્જિનમાંથી પરિવર્તિત કરાયું છે.
- રિસર્ચ ડિઝાઈન્સ એન્ડ સ્ટાન્ડડર્સ ઓર્ગેનાઈઝેશન (RDSO), ચિત્તરંજન લોકોમોટિવ વકર્સ (CLW) અને ભેલના એન્જિનિયરોની મદદ વડે ડિઝલ એન્જિનને ઈલેકિટ્રક એન્જિનમાં પરિવર્તિત કરવાનું કામ માત્ર 69 દિવસના વિક્રમી સમયમાં પૂરું કરાયું છે.
- ઈલેકિટ્રક એન્જિન પર્યાવરણ સાનુકૂળ પણ છે અને માલગાડીની સરેરાશ ઝડપને તે બમણી કરી દેશે.

❖ **રાજસ્થાનના જયપુર, કોટા અને અલવરમાં 'કવાયત રાહત' યોજાઈ...**

આપદા રાહત કવાયત 'એકસરસાઈઝ રાહત' 11 અને 12 ફેબ્રુઆરી, 2019 સુધી રાજસ્થાનના પાટનગર જયપુર, કોટા અને અલવરમાં યોજાઈ હતી. જેમાં ભારતીય સૈન્ય વતી જયપુર સ્થિત સપ્ત શકિત કમાન્ડે સંયુકત માનવીય સહાય અને આપદા રાહત કવાયત હાથ ધરી હતી. જયપુરમાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે 'કવાયત રાહત' અંતર્ગત આપદા વ્યવસ્થાપન કવાયત નિહાળી હતી. માનવીય સહાયતા તથા આપદા રાહત

Banking Academy

કાર્યવાહીઓ માટેના પ્રયાસોમાં સંકલન સાધવા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) ના સહયોગમાં 'એકસરસાઈઝ રાહત' યોજવામાં આવી હતી. આ કવાયત દરમિયાન અલવરમાં ભૂકંપ જેવી સ્થિત સર્જવામાં આવી હતી. સંયુકત કવાયતમાં સશસ્ત્ર દળો, નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ રિસ્પોન્સ મિકેનિઝમ (NDMRM), સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને જિલ્લાની એજન્સીઓએ ભાગ લીધો હતો.

❖ **ઈન્વેસ્ટિગેશન ટ્રેકિંગ સિસ્ટમ ફોર સેકસ્યુઅલ ઓફેન્સીસ (ITSSO) અને સેફ સિટી ઈમ્પ્લીમેન્ટેશન મોનિટરિંગ પોર્ટલ લોન્ચ...**

કેન્દ્રીય ગૃહ પ્રધાન રાજનાથસિંઘ અને મહિલા તથા બાળ વિકાસ મંત્રી શ્રીમતી મેનકા સંજય ગાંધીએ મહિલાઓની સુરક્ષા પહેલોના ભાગરૂપે ઈન્વેસ્ટિગેશન ટ્રેકિંગ સિસ્ટમ ફોર સેકસ્યુઅલ ઓફેન્સીસ (ITSSO) અને સેફ સિટી ઈમ્પ્લીમેન્ટેશન મોનિટરિંગ પોર્ટલ લોન્ચ કર્યું છે. ITSSO એક ઓનલાઈન મોડયુલ છે, જે રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા અને પોલીસ સ્ટેશન એમ દરેક સ્તરે કાયદાની પાલનકર્તા સંસ્થાઓ માટે ઉપલબ્ધ છે.

સરકારે ભારતના આઠ શહેરો અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, કોલકાતા, લખનૌ અને મુંબઈમાં દાખલ કરેલા સેફ સિટી પ્રોજેકટની દેખરેખ માટે સૈફ સિટી ઈમ્પ્લીમેન્ટેશન મોનિટરિંગ પોર્ટલ લોન્ચ કર્યું છે.

❖ **પર્યાવરણ મંત્રાલયે 'ઈન્ડિયા–સ્પીઅરહેડિંગ કલાઈમેટ સોલ્યુશન' અહેવાલ પ્રકાશિત કર્યો...**

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે 'ઈન્ડિયા–સ્પીઅરહેડિંગ કલાઈમેટ સોલ્યુશન્સ' શીર્ષક ધરાવતા અહેવાલને 12 ફેબ્રુઆરી, 2019ના રોજ પ્રકાશિત કર્યો હતો. આ અહેવાલમાં ભારતે જળવાયુ પરિવર્તનનો સામનો કરવા અને તેને સાનુકૂળ થવા લીધેલા ચાવીરૂપ પગલાંઓ દર્શાવવામાં આવ્યા છે.

ભારતના નેશનલ એકશન પ્લાન ઓન કલાઈમેટ ચેન્જ (NAPCC) ના મુખ્ય આઠ મિશનો–સૌર ઊર્જા, ઉન્નત ઊર્જા કાર્યક્ષમતા, ટકાઉ રહેઠાણ, જળ, હિમાલયન પર્યાવરણને ટકાવવું, ગ્રીન ઈન્ડિયા, ટકાઉ કૃષિ અને જળવાયુ પરિવર્તનનું વ્યૂહાત્મક જ્ઞાન છે.

❖ **આયુષ રાજ્ય મંત્રી શ્રીપાદ યેસો નાયકે ઈ–ઔષધિ પોર્ટલ લોન્ચ કર્યું....**

આયુષ રાજ્ય મંત્રી શ્રીપાદ યેસો નાયકે આયુર્વેદિક, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી દવાઓના ઓનલાઈન લાયસન્સ માટે ઈ–ઔષધિ પોર્ટલ લૉન્ચ કર્યું હતું.

નવું ઈ–પોર્ટલ ઈ–ઔષધિ નું પૂરું નામ આયુર્વેદિક, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી ઓટોમેટેડ ડ્રગ્સ હેલ્પ ઈનિશિયેટીવ છે.

- આ પોર્ટલનો ઉદ્દેશ આયુર્વેદિક, સિદ્ધ, યુનાની અને હોમિયોપેથી દવા ઓના લાઈસન્સિંગમાં વિશ્વાસ વધારવાનો, પારદર્શકતા વધારવાનો, માહિતી વ્યવસ્થાપન સુવિધા વધારવાનો અને માહિતી ઉપયોગિતા સુધારવાનો છે.
- આ પોર્ટલ દ્વારા અરÒની કાર્યવાહી માટેનો સમય નક્કી કરાશે તથા દરેક તબક્કે SMS અને ઈ–મેઈલ દ્વારા અપડેટ કરવામાં આવશે.

❖ **વૈજ્ઞાનિકો દ્વારા હિમાલયના ગ્લેશિયર (હિમનદીઓ) ઓગળવાની ચેતવણી આપવામાં આવી....**

તાજેતરમાં વૈજ્ઞાનિકો દ્વારા હાથ ધરાયેલા એક સંશોધન પર આધારિત અહેવાલમાં હિમાલયના ગ્લેશિયર (હિમનદીઓ) ઓગળવાની ચેતવણી આપવામાં આવી છે. હિન્દુ–કુશ હિમાલય ગ્લેશિયર પર આધારિત આ અહેવાલમાં જણાવાયું છે કે જો વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વોર્મિંગ) ઘટશે નહીં તો દુનિયાના ત્રીજા ધ્રુવ ગણાતા હિમાલય ગ્લેશિયરનો 2/3 ભાગ વર્ષ 2100 સુધી ઓગળી જઈ શકે છે.

હિન્દુ–કુશ હિમાલય એસેસમેન્ટ નામનો આ નવો અભ્યાસ 4 ફેબ્રુઆરી, 2019ના પ્રકાશિત કરાયો હતો. આ અભ્યાસ અનુસાર, જો ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રી સેલ્સિયસ સુધી સિમિત કરનારી પેરિસ સંધિનો લક્ષ્યાંક હાંસલ થઈ જાય તો પણ 1/3 ગ્લેશિયર ઓગળવાનું નિશ્ચિત છે.

**ગ્લોબલ વોર્મિંગથી બદલાઈ રહ્યા છે સમુદ્રોના રંગ : WEF અહેવાલ...**

અમેરિકાની મેસાશ્યુસેટ્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોÒ (MIT) એ હાથ ધરેલા અભ્યાસ તથા વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા પ્રકાશિત અહેવાલ અનુસાર, ગ્લોબલ વોર્મિંગના કારણે વિશ્વભરમાં સમુદ્રોના રંગ બદલાઈ રહ્યા છે. અભ્યાસના તારણ મુજબ, ગ્લોબલ વોર્મિંગના કારણે 21મી સદીના અંત સુધીમાં વિશ્વના 50%થી અધિક સમુદ્રોના રંગ બદલાઈ જશે. MITના પ્રો.સ્ટેફની અનુસાર, ઉષ્ણકટિબંધીય (સબ ટ્રોપિકસ) જેવા વિસ્તારોમાં આવતા સમુદ્રોના રંગ ઘટ્ટ વાદળી અને ધ્રુવીય સમુદ્રોના રંગ ઘટ્ટ લીલા થઈ જશે. અલબત્ત, આ પરિવર્તનો નરી આંખે જોવામાં ખૂબ મુશ્કેલી સર્જાશે.

❖ **વાઘ સંરક્ષણ અંગે તૃતીય આંતરરાષ્ટ્રીય સમીક્ષા સંમેલન**

કેન્દ્રીય પર્યાવરણ, વન તથા જળવાયુ પરિવર્તન મંત્રી અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટીના અધ્યક્ષ ડૉ.હર્ષવર્ધને 28 જાન્યુઆરી, 2019ના રોજ નવી દિલ્હીમાં વાઘ સંરક્ષણ અંગે તૃતીય આંતરરાષ્ટ્રીય સમીક્ષા સંમેલનનું ઉદ્ઘાટન કર્યું હતું. આ તૃતીય સમીક્ષા સંમેલન 2012 બાદ ભારતમાં આયોજિત બીજું સંમેલન હતું. આ સંમેલનમાં વાઘ રેન્જના 13 દેશો વચ્ચે વૈશ્વિક વાઘ પુનઃ પ્રાપ્તિ કાર્યક્રમ (ગ્લોબલ ટાઈગર રિકવરી પ્રોગ્રામ–GTRP) અંગે લાંબી ચર્ચા થઈ હતી. ડૉ.હર્ષવર્ધને પોતાના સંબોધનમાં 2010માં વાઘ રેન્જના દેશો દ્વારા રશિયાના સેન્ટ પીટર્સબર્ગ ખાતે નક્કી કરાયેલા વાઘ સંરક્ષણ અંગેના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવાનું જણાવ્યું હતું.

વાઘ રેન્જના દેશોએ 2010માં રશિયાના સેન્ટ પીટર્સબર્ગ ખાતે કરેલી ઘોષણામાં 2022 સુધી પોતાની રેન્જમાં વાઘોની સંખ્યા બમણી કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. આ ઘોષણા સમયે ભારતમાં વાઘની સંખ્યા 1,411 હતી, જયારે 2014ના ત્રીજા માસિક દરમિયાન ભારતમાં વાઘની સંખ્યા લગભગ દોઢ ગણી એટલે કે 2,226 થઈ ગઈ હતી.

❖ **ભારતનો 40મો સંચાર ઉપગ્રહ GSAT–31 ફ્રેન્ચ ગુયાનાથી સફળતાથી પ્રક્ષેપિત**

**35,850** કિ.મી. ઊંચી કક્ષામાં ગોઠવાયેલો **GSAT-31** ઈન્સેટ–**4** નું સ્થાન લેશે. ભારતે ફ્રેન્ચ ગુયાનાના અંતરિક્ષ કેન્દ્ર (સ્પેસપોર્ટ) પરથી 6 ફેબ્રુઆરી,2019ના પોતાનો 40મો સંદેશાવ્યવહાર ઉપગ્રહ GSAT-31 સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં તરતો મૂકી દીધો હતો. ઉપગ્રહ માટેના લોન્ચ વેહિકલ એરિયન–5 VA247ને ફ્રેન્ચ ગુયાનાના કૌરુ બેઝથી ભારતીય સમય અનુસાર મધરાતે 2.31 કલાકે લોન્ચ કરાયું હતું. GSAT-31ની સાથે જ સાઉદી જિયોસ્ટેશનરી સેટેલાઈટ 1/હેલાસ સેટ 4ને પણ અંતરિક્ષમાં લઈ જવાયો હતો.

**શા માટે એરિયન–5 રોકેટનો ઉપયોગ કરાયો ?....**

ભારતનું GSLV-Mk3 રોકેટ ભારે ઉપગ્રહોને 36,000 કિ.મી. ઊંચે આવેલી ભૂસ્થિર કક્ષામાં ગોઠવવા માટે પૂરતું સક્ષમ છે. પરંતુ GSLV-Mk3 હવે આગામી મહત્વપૂર્ણ મિશન ચંદ્રયાન–2 તથા ગગનયાન જેવા અન્ય મિશન માટે તૈયાર થઈ રહ્યું છે. રોકેટ દ્વારા એક વખત લોન્ચિંગ થયા પછી ફરી તેને લોન્ચિંગ માટે તૈયાર કરવામાં કેટલાક મહિનાઓ લાગે છે. માટે વચ્ચેના સમયમાં ઉપગ્રહ લોન્ચ કરવાનો થાય તો અન્ય રોકેટનો સહારો લેવો પડે છે.

**GSAT-31ની બાયોગ્રાફી અને લાભ...**

- વજન 2,536 કિલોગ્રામ
- આવરદા 15 વર્ષ
- સ્પેસક્રાફટ પાવર : 4.7 Kw

- પેલોડ : Ku-બેન્ડ ટ્રાન્સપોન્ડર્સ
- ISRO નો 40મો સંચાર ઉપગ્રહ છે.
- ભૂસ્થિર કક્ષામાં Ku-બેન્ડ ટ્રાન્સપોન્ડર્સની ક્ષમતા વધારશે.
- VSAT (વેરી સ્મોલ એપર્ચર ટર્મિનલ) નેટવર્ક, ટેલિવિઝન અપલિંક્સ, ડિજિટલ ઉપગ્રહ સમાચાર એકત્રીકરણ, DTH ટી.વી. સેવાઓ, સેલ્યુલર બેકહૌલ સંપર્ક તથા આ પ્રકારના કેટલાય કાર્યોમાં GSAT-31 ઉપયોગી થઈ પડશે.
- ટેલિફોન તથા ઈન્ટરનેટ સેવા વધુ બહેતર થશે.
- યુરોપ અને દક્ષિણ આફ્રિકાના લોકોને પણ GSAT-31થી લાભ થશે.

## નિમણૂક, વ્યકિત વિશેષ અને રમત–જગત

❖ **રાÒવ નયન ચૌબેએ UPSCના સભ્ય તરીકે પદ અને ગોપનીયતાના શપથ લીધા.**

તાજેતરમાં રાÒવ નયન ચૌબેએ UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)ના સભ્ય તરીકે પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. તેઓ તમિલનાડું કેડરના 1981ની બેચના IAS ઓફિસર છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 316 અંતગર્ત રાષ્ટ્રપતિ દ્વારા UPSC ના સભ્ય અને અધ્યક્ષની નિમણૂક કરવામાં આવે છે. જો UPSCના અધ્યક્ષનું પદ ખાલી હોય તો રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા UPSCના કોઈપણ સભ્ય આ પદ સંભાળી શકે છે. UPSCના સભ્યનો કાર્યકાળ 6 વર્ષ અથવા 65 વર્ષની ઉંમર બેમાંથી જે વહેલું બને ત્યાં સુધીનો હોય છે.

**UPSC વિશે...**

UPSC એક બંધારણીય સંસ્થા છે, જે IAS (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ), IPS (ઈન્ડિયન પોલીસ સર્વિસ), IFS (ઈન્ડિયન ફોરેન સર્વિસ) તથા અન્ય સિવિલ સેવાઓની પરીક્ષાનું આયોજન કરે છે. UPSCની સ્થાપના બંધારણના અનુચ્છેદ–315 દ્વારા થઈ હતી. UPSCમાં એક અધ્યક્ષ અને 10 સભ્યો હોય છે, અનુચ્છેદ–316 સભ્યોની નિમણૂક અને કાર્યકાળ સાથે સંબંધિત છે.

❖ **અમેરિકાના લોસ એન્જલસના સ્ટેપલ્સ સેન્ટરમાં 10 ફેબ્રુઆરી, 2019ના 61મા ગ્રેમી એવોર્ડ્સ સમારોહનું ઝાકઝમાળભર્યું આયોજન કરાયું હતું.**

અમેરિકાની રેપર કાર્ડી બીએ ગ્રેમી એવોર્ડ્સ–2019માં બેસ્ટ રેપ આલ્બમ એવોર્ડ Òતનારી પ્રથમ સોલો (એકલ) મહિલા બનીને ઈતિહાસ રચ્યો છે. તો મોટી ચારેય શ્રેણીઓમાં વિજેતા બનનારી મહિલાઓ જ છે. અમેરિકન સિંગર કેસી મુસ્ગ્રેવે આલ્બમ ઓફ ધ યર એવોર્ડ સહિત કુલ 4 ગ્રેમી પોતાના નામે કર્યા હતા.

- ક્વિન્સી જોન્સ : અમેરિકાના સંગીતકાર તથા રેકોર્ડ પ્રોડ્યુસર ક્વિન્સી જોન્સે 28મો ગ્રેમી એવોર્ડ Òતીને ઈતિહાસ રચ્યો છે. તેઓ સૌથી વધુ ગ્રેમી એવોર્ડ Òતનારા વ્યક્તિ બની ગયા છે.
- ચાઈલ્ડિશ ગેમ્બિનો : ચાઈલ્ડિશ ગેમ્બિનોએ 61મા ગ્રેમી એવોર્ડ્સમાં પોતાના પોલિટિકલ અન્થમ 'ધિસ ઈઝ અમેરિકા' બદલ રેકોર્ડ ઓફ ધ યરનો એવોર્ડ Òત્યો. આ સન્માન મેળવનારા પ્રથમ રેપ ગીત બનીને 'ધિસ ઈઝ અમેરિકા'એ પણ ઈતિહાસ રચ્યો છે.
- દક્ષિણ કોરિયાનું બોય બેન્ડ BTS : દક્ષિણ કોરિયન બોય બેન્ડ BTSએ એવોર્ડ પ્રેઝન્ટ કરીને ઈતિહાસ રચ્યો છે. આમ કરનારૂં તે પહેલું કોરિયન પોપ ગ્રૂપ છે.

ગ્રેમી એવોર્ડ્સ વિશે...

ગ્રેમી એવોર્ડ્સ મુખ્યત્વે અંગ્રેÒ ભાષામાં સંગીત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ આપવામાં આવે છે. ગ્રેમી એવોર્ડ્સ સંગીતના ક્ષેત્રમાં અપાતું સર્વોચ્ચ સન્માન છે. પહેલો ગ્રેમી એવોર્ડ સમારોહ 4 મે, 1959 ના રોજ યોજાયો હતો. ફાલુ શાહના સ્ટેજ નામે ઓળખાતા ફાલ્ગુની શાહ આ વર્ષે ગ્રેમી એવોર્ડ્સ માટે ચિલ્ડ્રન્સ મ્યુઝિક કેટેગરીમાં નોમિનેટ થનારા એકમાત્ર ભારતીય મહિલા બન્યા હતા પરંતુ તેઓ પ્રતિષ્ઠિત પુરસ્કાર Òતી શકયા ન હતા. ગાયિકા ફાલ્ગુની શાહે વિશેષકરીને બાળકો માટે 'ફાલુસ બઝાર' નામનું પ્રથમ જ આલ્બમ તૈયાર કર્યું છે.

❖ **રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે દેશના વિખ્યાત 42 કલાકારોને વર્ષ 2017ના સંગીત નાટક અકાદમી પુરસ્કારની ઘોષણા કરી છે.**

આ પુરસ્કારો રાષ્ટ્રપતિ ભવનમાં વિશેષ અલંકરણ સમારોહમાં પ્રદાન કરવામાં આવ્યા. આ કલાકારોને પુરસ્કાર સ્વરૂપે એક લાખ રૂપિયાનો ચેક; પ્રશસ્તિપત્ર તથા પ્રતીક ચિહ્ન અર્પણ કરવામાં આવ્યા.

વિશ્વપ્રસિદ્ધ ગુજરાતી ગાયક અને સંગીત નિયોજક આશિત દેસાઈને ભારતીય સંગીતમાં તેમના અસાધારણ પ્રદાન બદલ સંગીત નાટક અકાદમી એવોર્ડ 2017થી નવાજવામાં આવ્યા છે. બરોડામાં જન્મેલા આશિત દેસાઈએ એમ.એસ.યુનિવર્સિટીમાંથી સંગીતમાં ડિપ્લોમાં લીધો હતો. માત્ર 18 વર્ષની વયે તેઓ 1969માં ઓલ ઈન્ડિયા રેડિયોનો શ્રેષ્ઠ ગાયક એવોર્ડ Òત્યા હતા.

❖ **અમેરિકાના કેલિફોર્નિયામાં લોસ એન્જલસ સ્થિત ડોલ્બી થિયેટરમાં સિને જગતના સૌથી પ્રતિષ્ઠિત અકાદમી એવોર્ડ્સ 2019 જેને ઓસ્કાર, એવોર્ડ્સના નામે પણ ઓળખવામાં આવે છે, તેની ઘોષણા કરાઈ છે.**

વિશેષ નોંધ : ઓસ્કાર એવોર્ડ્સ 2019માં શ્રેષ્ઠ ડોકયુમેન્ટરી શોર્ટ ફિલ્મનો પુરસ્કાર Òતનારી ભારતીય પૃષ્ઠભૂમિ પર બનેલી ફિલ્મ ' પીરિયડ, એન્ડ ઓફ સેન્ટેન્સ' ઉત્તર પ્રદેશના હાપુર જિલ્લાના કાઠીખેડા ગામની યુવતી સ્નેહા પર આધારિત છે, જે મહિલાઓ માટે સેનિટરી પેડ બનાવે છે.

- શ્રેષ્ઠ ફિલ્મ : ગ્રીન બુક
- શ્રેષ્ઠ અભિનેતા : રામી માલક (બોહેમિયન રેપ્સોડી)
- શ્રેષ્ઠ અભિનેત્રી : ઓલિવિયા કોલમેન (ધ ફેવરિટ)
- શ્રેષ્ઠ નિર્દેશક : અલ્ફોન્સો કેઆરોન (રોમા)

❖ **ફાઈનલમાં સૌરાષ્ટ્રને હરાવી સળંગ બીÒવાર ચેમ્પિયન બનનારી વિદર્ભ છઠ્ઠી ટીમ.**

11 વિકેટ ઝડપનારો વિદર્ભનો બોલર આદિત્ય સરવટે 'મેન ઓફ ધી મેચ'. વિદર્ભ સતત બીÒવાર રણÒ ટ્રોફી ચેમ્પિયન બન્યું છે.

વિદર્ભનો ઓપનિંગ બેટ્સમેન ફૈઝ ફઝલ સળંગ બે ટાઈટલ Òતનારો 11મો કેપ્ટન બન્યો છે. આ Òત બદલ વિદર્ભ ક્રિકેટ એસોસિએશન ટીમને 3 કરોડ રૂપિયાનું ઈનામ અપાશે. વિદર્ભના બીજા દાવમાં 49 રન કરનારા આદિત્ય સરવટેને મેન ઓફ ધી મેચ જાહેર કરાયો હતો.

રણÒ ટ્રોફી વિશે...

રણÒ ટ્રોફી ક્ષેત્રીય અને રાજ્ય ક્રિકેટ એસોસિએશનોનું પ્રતિનિધિત્વ કરતી ટીમો વચ્ચે રમાડવામાં આવતી ભારતીય ઘરેલું ફર્સ્ટ કલાસ ક્રિકેટ ચેમ્પિયનશિપ છે. ચેમ્પિયનશિપનું નામ આંતરાષ્ટ્રીય ક્રિકેટ રમનારા પ્રથમ ભારતીય ક્રિકેટર અને નવાનગરના રાજા સર રણજિતસિંહÒ વિભાÒ જાડેજા જેઓ 'રણÒ' ના નામે પણ ઓળખાતા હતા. તેમના નામ પરથી રખાયું છે. રણÒ ટ્રોફી ટુર્નામેન્ટમાં હાલ 37 ટીમો છે. રણÒ ટ્રોફીની પ્રથમ મેચ ઈ.સ.1934 માં મદ્રાસ અને મૈસૂર વચ્ચે મદ્રાસના ચેપૌક ગ્રાઉન્ડમાં રમાઈ હતી. રણÒ ટ્રોફીનું દાન પણ સર રણજિતસિંહÒ વિભાÒ જાડેજાએ આપેલું છે. મુંબઈએ અત્યારસુધીમાં સર્વાધિક 41 રણÒ ટ્રોફી ટાઈટલ્સ Òત્યા છે.

વિદર્ભે સૌરાષ્ટ્રને હરાવીને રણÒ ચેમ્પિયનનું ટાઈટલ જાળવી રાખતાં તેનો સુપરસ્ટાર સિનિયર પ્લેયર વસીમ જાફર 10મી વખત રણÒ ટ્રોફી Òત્યો છે. વસીમ જાફર રણÒની 10 ફાઈનલ રમ્યો છે અને તમામ Òત્યો છે. તેણે 8 ટાઈટલ મુંબઈ તરફથી અને બે ટાઈટલ વિદર્ભ વતી હાંસિલ કર્યા છે. વસીમ જાફર સૌથી વધુ રણÒ ટાઈટલ Òતવામાં અશોક માંકડ

Banking Academy

(12 ટાઈટલ) અને અજિત વાડેકર (11) પછી મનોહર હર્ડિકર અને દિલીપ સરદેસાઈની સાથે સંયુકત રીતે ત્રીજું સ્થાન ધરાવે છે.

❖ **ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ રોહિત શર્માના એક જ દિવસમાં અનેક રેકોર્ડ**

- T20માં સૌથી વધારે રન 2,288, ન્યૂઝીલેન્ડના માર્ટિન ગપ્ટિલ (2272) નો રેકોર્ડ તોડયો.
- T20માં 100 સિકસ લગાવવાનો રેકોર્ડ. ઈન્ટરનેશનલ T20માં 100 સિકસ પૂરી કરનારો પ્રથમ ભારતીય. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધારે સિકસ લગાવનારો ભારતીય બેટ્સમેન બન્યો. 349 સિકસ લગાવી એમ.એસ.ધોની (348) નો રેકોર્ડ તોડયો.
- T20માં સૌથી વધારે અડધી સદી લગાવવાનો પણ રોહિતે વિશ્વ વિક્રમ નોંધાવ્યો. T20 ફોર્મેટમાં રોહિતની 20 અડધી સદી છે. તેણે વિરાટ કોહલીનો રેકોર્ડ તોડયો છે.
- રોહિત ભારતને ન્યૂઝીલેન્ડમાં T20 મેચમાં Ôત અપાવનારો પ્રથમ કેપ્ટન બન્યો, રોહિતના નેતૃત્વમાં આ ભારતનો 14મી મેચમાં 12મો વિજય છે. તેણે ભારતને સૌથી વધારે મેચ Ôતાડવાની બાબતમાં વિરાટ કોહલીની બરાબરી કરી છે. કોહલીની કેપ્ટનશિપમાં ભારતે 20માંથી 12 મેચમાં Ôત મેળવી છે.
- ધોની 300 T20 મેચ રમનારો પ્રથમ ભારતીય ક્રિકેટર બની ગયો છે.

❖ **ઋષિકુમાર શુકલાએ CBIના 28મા ડાયરેકટર તરીકે ચાર્જ સંભાળ્યો...**

ઋષિકુમાર શુકલાએ 4 ફેબ્રુઆરી, 2019ના CBIના 28મા ડાયરેકટર તરીકેનો કાર્યભાર વચગાળાના ડાયરેકટર એમ. નાગેશ્વર રાવ પાસેથી સંભાળી લીધો છે.

❖ **''લો, જસ્ટિસ એન્ડ જયુડિશિયલ પાવર–જસ્ટિસ પી.એન.ભગવતી એપ્રોચ'' પુસ્તકનું વિમોચન...**

મૂળચંદ શર્મા દ્વારા લિખિત પુસ્તક – ''લો, જસ્ટિસ એન્ડ જ્યુડિશિયલ પાવર–જસ્ટિસ પી.એન.ભગવતીસ એપ્રોચ'' નું ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈ દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા આ પુસ્તકની પ્રથમ પ્રત સ્વીકારાઈ હતી. આ પુસ્તક જસ્ટિસ પી.એન.ભગવતીના ન્યાયિક કાર્ય અને સીમાચિહ્નરૂપ ચુકાદાઓ તથા ભારતમાં જાહેર હિતની અરÔ (પબ્લિક ઈન્ટરરેસ્ટ લિટિગેશન = PIL) ની શરૂઆત કરવા માટે તેમના કાર્યને દર્શાવતા 24 લેખોનો સમૂહ છે.

જસ્ટિસ પી.એન.ભગવતીને ભારતમાં જાહેર હિતની હરÔ (PIL) ના પિતા તરીકે ઓળખવામાં આવે છે. તેમણે દેશની સુપ્રીમ કોર્ટમાં આદર્શવાદ અને સાદાઈનું પ્રદાન કર્યુ કે જેમાં પોસ્ટકાર્ડ પર લખેલી અરÔને પણ માન્ય રાખવામાં આવી. તેમના દ્વારા શરૂ કરાયેલી PILની પ્રથા ભારતમાં કાયદાની પ્રેકટિસ અને ન્યાય આપવાની પ્રક્રિયામાં તેમનું યોગદાન છે. તેને અન્ય કાયદાકીય પ્રણાલીઓ અને લોકશાહી દ્વારા પણ વખાણવામાં આવી છે. ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ જસ્ટિસ ભગવતીને '' પર્યાવરણીય ન્યાયશાસ્ત્રના અગ્રદૂત'' અને ''ન્યાયિક રાજપુરુષ'' કહ્યા હતા.

જસ્ટિસ ભગવતીએ એવા બંધારણીય વિચારો વિકસાવ્યા હતા જે હજુ પણ આકાર લઈ રહ્યા છે. તેઓ જસ્ટિસ ભગવતી જ હતા જેમણે વિશેષ પર્યાવરણીય અદાલતોની જરૂરિયાતની કલ્પના કરી હતી, જેને પછીથી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ રૂપે રજૂ કરવામાં આવી હતી. ભારતમાં સૌપ્રથમ વખત જેલ સુધારાની શરૂઆત જસ્ટિસ ભગવતીના પ્રયત્નોથી થઈ હતી.

❖ વાઈસ એડમિરલ Ô.અશોકકુમારે તાજેતરમાં ભારતીય નૌકાદળના ઉપાધ્યક્ષનો પદભાર સંભાળ્યો છે.

❖ **બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ચેરમેન પદે પુનીત ગોએન્કાની નિયુકિત કરવામાં આવી છે.**

પુનીત ગોએન્કા હાલમાં ઝી એન્ટરટેઈન્મેન્ટ એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ (ZEEL) ના MD (મેનેજિંગ ડાયરેકટર) તથા CEO (ચીફ એકિઝકયુટિવ ઓફિસર) છે.

વર્ષ 2010માં પ્રસારણકર્તાઓ, વિજ્ઞાપનદાતાઓ અને મીડિયા એજન્સીઓની ભાગીદારી દ્વારા બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની (BARC ઈન્ડિયા) એક સહયોગી કંપની તરીકે સ્થાપના થઈ હતી.

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ BARC ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. BARC ઈન્ડિયા 19.70 કરોડ પરિવારોની ટીવી કાર્યક્રમો જોવાની આદતોનું વિશ્લેષણ કરે છે, જેથી તે વિશ્વની સૌથી મોટી ટેલિવિઝન ઓડિયન્સ મેઝરમેન્ટ સર્વિસ બની છે.

❖ **તાજેતરમાં લેફટેનન્ટ જનરલ રાÔવ ચોપરાને રાષ્ટ્રીય કેડેટ કોર (NCC)ના વડા નિયુકત કરવામાં આવ્યા છે.**

તેમને 2018માં અતિ વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત કરાયા હતા. રાષ્ટ્રીય કેડેટ કોર (NCC) ભારતીય સૈન્ય કેડેટ કોર છે, તેનું મુખ્યાલય નવી દિલ્હીમાં છે. તેનું આદર્શ વાકય 'એકતા અને અનુશાસન' છે.

તે શાળાઓ તથા યુનિવર્સિટીઓમાં સ્વૈચ્છિક ધોરણે ખુલ્લે છે. તે એક ત્રિ–સેવા સંગઠન છે. તેમાં ભૂમિ દળ, વાયુ દળ અને નૌકા દળ દેશના યુવાનોને દેશભકત તથા શિસ્તબદ્ધ નાગરિક બનાવવા માટે સાથે મળીને કાર્ય કરે છે. ભારતમાં રાષ્ટ્રીય કેડેટ કોરની સ્થાપના 1948ના નેશનલ કેડેટ કોર અધિનિયમ અન્વયે કરાઈ હતી.

❖ **પ્રમોદચંદ્ર મોદીને તાજેતરમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેકસીસ (CBDT)ના ચેરમેન નિયુકત કરવામાં આવ્યા છે.**

કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ) આવક વેરા વિભાગની નીતિ ઘડતર માટેની નોડલ એજન્સી છે. આવક વેરા વિભાગ કેન્દ્રીય નાણાં મંત્રાલયને આધીન કામ કરે છે. CBDT એક વૈધાનિક સંસ્થા છે. તેની સ્થાપના કેન્દ્રીય રાજસ્વ બોર્ડ અધિનિયમ, 1963 અંતર્ગત કરાઈ છે. પ્રત્યક્ષ કર (સીધા વેરા)ની નીતિના નિર્માણના સંદર્ભમાં તે દેશની સર્વોચ્ચ સંસ્થા છે.

❖ **સંયુકત રાષ્ટ્રે ભારતીય અધિકારી ચંદ્રમૌલી રામનાથનની નિમણૂક ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટ્રેટેÔ, પોલિસી અને કમ્પ્લાયન્સ (DMSPC) માં કેટલાક સૌથી ટોચના હોદ્દાઓ પૈકીના એક પર કરી છે.**

**શું છે DMSPC ?...**

ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ, સ્ટ્રેટેÔ, પોલિસી અને કમ્પ્લાયન્સ (DMSPC) નો આરંભ 1 જાન્યુઆરી, 2019ના એક સ્પષ્ટ, સંકલિત વૈશ્વિક વ્યવસ્થાપન રણનીતિ અને નીતિ તંત્ર વડે વ્યવસ્થાપનના બધા જ ક્ષેત્રોમાં વ્યૂહાત્મક નીતિ નેતૃત્વ પૂરું પાડવાના ઉદ્દેશથી કરાયો છે.

❖ **રાષ્ટ્રીય કામધેનુ આયોગના પ્રથમ અધ્યક્ષ પદે પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભ કથીરિયાની નિમણૂક કરી છે.**

કેન્દ્ર સરકારે તાજેતરમાં સંસદમાં રજૂ કરેલા વચગાળાના બજેટમાં ગૌસંવર્ધન અને સંશોધન માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગની રચના કરવાની ઘોષણા કરી હતી. 22 ફેબ્રુઆરી, 2019ના આયોગના પ્રથમ અધ્યક્ષ પદે

પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભ કથીરિયાની નિમણૂક કરી છે. ડૉ.કથીરિયા ગુજરાત ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષ પણ રહી ચૂકયા છે.

રાષ્ટ્રીય કામધેનુ આયોગના ઉપાધ્યક્ષ તરીકે કેન્દ્રીય પશુપાલન સચિવની નિયુકિત કરવામાં આવી છે, જ્યારે આયોગના સભ્યો તરીકે ગૌસેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી બે જાણીતી વ્યકિતઓની પસંદગી કરવામાં આવી છે, જેમાં મહારાષ્ટ્રના નાગપુરના ગૌ–વિજ્ઞાન અનુસંધાન કેન્દ્રના સુનીલ માસિંગકા અને ગૌસંવર્ધન ક્ષેત્રે મધ્ય પ્રદેશમાં કામ કરતા હુકુમચંદ સાવલાની નિમણૂક કરાઈ છે.

❖ **ડૉ.Ò.સી. અનુપમાને એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI)ના પ્રમુખ ચૂંટી કાઢવામાં આવ્યા છે.**

ડૉ.Ò.સી. અનુપમા વર્તમાનમાં બેંગલુરુ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિકસ (IIA) ના ડીન અને વરિષ્ઠ પ્રોફેસર છે.

**એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) અંગે ટૂંકમાં...**

ASI ભારતમાં વ્યાવસાયિક ખગોળવિદ્દોનું મુખ્ય સંગઠન છે અને તેમાં 1,000 સભ્યો છે. તેની સ્થાપના 1972માં કરાઈ છે. તેની રજિસ્ટર્ડ ઓફિસ હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીના એસ્ટ્રોનોમી વિભાગમાં છે. ASIનો ઉદ્દેશ ભારતમાં ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાનની સંબંધિત શાખાઓને પ્રોત્સાહન આપવાનો છે. ખગોળશાસ્ત્ર અને અન્ય સમાન પ્રવૃત્તિઓને લોકપ્રિય બનાવવા માટે ASI વૈજ્ઞાનિક બેઠકો યોજે છે.

❖ **પૂર્વ ન્યાયમૂર્તિ ડી.કે.જૈનને BCCIના પ્રથમ લોકપાલ નિયુકત કરાયા...**

સુપ્રીમ કોર્ટે 21 ફેબ્રુઆરી, 2019ના પૂર્વ ન્યાયમૂર્તિ ડી.કે.જૈનને બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના પ્રથમ લોકપાલ નિયુકત કર્યા છે.

❖ **બી.પી.શર્માને હેલિકોપ્ટર ઉત્પાદક કંપની પવનહંસના CMD તરીકે પુનઃ નિયુકત કરવામાં આવ્યા છે.**

બી.પી.શર્માને સરકારી માલિકીની હેલિકોપ્ટર ઉત્પાદક કંપની પવનહંસના CMD તરીકે પુનઃ નિયુકત કરવામાં આવ્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ 5 મહિનાના કાર્યકાળ માટે પી.બી. શર્માને પુનઃ નિયુકત કરવાની અનુમતિ આપી છે. પવનહંસ સરકાર સંચાલિત કંપની છે. તેની સ્થાપના 1985માં કરાઈ હતી. તેનું વડુમથક નોઈડા ખાતે છે અને તેનું સૂત્ર 'વી ફ્લાય ફોર યુ' છે.

❖ **રેલવે બોર્ડના પૂર્વ અધ્યક્ષ અશ્વની લોહની એર ઈન્ડિયાના CMD પદે...**

રેલવે બોર્ડના પૂર્વ અધ્યક્ષ અશ્વની લોહનીને એર ઈન્ડિયાના CMD નિયુકત કરાયા છે. અશ્વની લોહાની 1980ની બેચના IRSME (ઈન્ડિયન રેલવે સર્વિસ મિકેનિકલ એન્જિનિયરિંગ) અધિકારી છે જેઓ મધ્ય પ્રદેશના નિવાસી છે.

❖ **'ગ્લોબલ વોર્મિંગ'ને લોકપ્રિય બનાવનારા વિખ્યાત જળવાયુ વૈજ્ઞાનિક વાલેસ સ્મિથ બ્રોકરનું ન્યૂયોર્કમાં નિધન થયું છે.**

આજે અવારનાર લોકોના મોઢેથી સાંભળવા મળતા શબ્દ 'ગ્લોબલ વોર્મિંગ'ને લોકપ્રિય બનાવનારા વિખ્યાત જળવાયુ વૈજ્ઞાનિક વાલેસ સ્મિથ બ્રોકરનું ન્યૂયોર્કમાં નિધન થયું છે. વાલેસ સ્મિથ બ્રોકરને વિજ્ઞાનના જાણકારો 'જળવાયુ વિજ્ઞાનના પિતામહ' તરીકે બિરદાવે છે. બ્રોકર 1975 ના એક પેપર, જેનાથી વાતાવરણમાં વધતા કાર્બન ડાયોકસાઈડના સ્તરનું સાચું અનુમાન લગાવી શકાય તેના વડે 'ગ્લોબલ વોર્મિંગ' શબ્દને સામાન્ય ઉપયોગમાં લાવ્યા હતા. બ્રોકર પાણી અને પોષક તત્વોને પ્રસારિત કરનારી મહાસાગર ધારાઓની વૈશ્વિક પ્રણાલી મહાસાગર કન્વેયર બેલ્ટની ઓળખ કરનારા પણ પ્રથમ વ્યકિત હતા.

❖ **હિન્દી ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર અને આલોચક નામવરસિંહનું નિધન...**

હિન્દી ભાષાના વિખ્યાત સાહિત્યકાર અને વિવેચક નામવરસિંહનું 19 ફેબ્રુઆરી, 2019ના દિલ્હીમાં 93 વર્ષની વયે નિધન થયું. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU)માં ભારતીય ભાષા કેન્દ્રની સ્થાપના કરવામાં તથા હિન્દી સાહિત્યને એક નવી ઊંચાઈએ લઈ જવામાં નામવરસિંહનું યોગદાન અપ્રતિમ રહ્યું છે. તેમનો જન્મ 28 જુલાઈ, 1926ના બનારસ જિલ્લા (હવે ચંદૌલી)ના Òયનપુર ગામમાં થયો હતો.

❖ **કેનેડાની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી એકસચેન્જ કંપનીના CEOનું ભારતમાં નિધન...**

કેનેડાની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી એકસચેન્જ કંપની કવાડ્રિગાCXના 30 વર્ષીય CEO અને સહ–સ્થાપક જેરાલ્ડ કોટનનું 9 ડિસેમ્બર, 2018ના ભારતમાં નિધન થયું હતું. તેઓ જયપુરમાં અનાથાશ્રમ શરૂ કરવા ભારતના પ્રવાસે આવ્યા હતા. તેમના અવસાન સાથે જ 190 મિલિયન (1.90 કરોડ) ડોલર અર્થાત 1,300 કરોડ રૂપિયાની ક્રિપ્ટોકરન્સીનો પાસવર્ડ પણ તેમની સાથે જતો રહ્યો હોવાથી લાખો ગ્રાહકોના નાણાં ફસાઈ ગયા છે.

❖ **ભરતનાટયમ નૃત્યાંગના નર્તકી નટરાજ પદ્મશ્રી પ્રાપ્ત કરનારા પ્રથમ ટ્રાન્સજેન્ડર**

તમિલનાડુના ભરટનાટયમ નૃત્યાંગના નર્તકી નટરાજ તાજેતરમાં પદ્મશ્રી પુરસ્કાર Òતનાર સૌપ્રથમ ટ્રાન્સજેન્ડર બની ગયા છે. 54 વર્ષીય નર્તકી નટરાજનો જન્મ તમિલનાડુના મંદિરોના શહેર તરીકે ઓળખાતા મદુરાઈમાં થયો હતો.

❖ **બે મહિલા પાઈલટે પહેલીવાર ટેકસી ટ્રેક પર વિમાન ઉતારી ઈતિહાસ રચ્યો...**

ભારતીય વાયુ દળ (IAF) ની બે મહિલા પાઈલટોએ હરિયાણાના સિરસા ખાતે ડોર્નિયર 228 વિમાનને સૌપ્રથમવાર સમાંતર ટેકસી ટ્રેક પર ઉતરાણ અને ઉડ્ડયન કરાવી ઈતિહાસ રચ્યો છે. પાલમ ટેકનિકલ એરિયા ખાતે વેર્સ્ટન એર કમાન્ડની 'ઓટર્સ' સ્કવોડ્રનની સ્કવોડ્રન લીડર કમલÒત કૌર અને સ્કવોડ્રન લીડર રાખી ભંડારીએ આ પરાક્રમ કરી બતાવ્યું હતું.

❖ **ઈરાનના શરણાર્થી બેહરોઝ બુચાનીને ઓસ્ટ્રેલિયાનો સાહિત્ય ક્ષેત્રનો પ્રખ્યાત વિકટોરિયન પુરસ્કાર એનાયત થયો છે.**

ઓસ્ટ્રેલિયાના શરણાર્થી કાયદાઓ અંતર્ગત પાપુઆ ન્યૂ ગિનીથી પકડાયેલા ઈરાનના શરણાર્થી બેહરોઝ બુચાનીને ઓસ્ટ્રેલિયાનો સાહિત્ય ક્ષેત્રનો પ્રખ્યાત વિકટોરિયન પુરસ્કાર એનાયત થયો છે. બેહરોઝ બુચાનીને આ પુરસ્કાર તેમના પુસ્તક ''નો ફ્રેન્ડ બટ ધ માઉન્ટેન્સ : રાઈટિંગ ફ્રોમ માનુસ પિઝન'' માટે મળ્યો છે. આ પુસ્તકને બુચાનીએ ફોનમાં બીટ–બાય–બીટ લખ્યું હતું અને ઓમિદ તોફિધિઆનને મોકલ્યું હતું, ઓમિદ તોફિધિઆનએ આ પુસ્તક પર પાંચ વર્ષથી કાર્ય કરનાર અનુવાદક છે.

❖ **રાષ્ટ્રપતિએ સાંસ્કૃતિક સૌહાર્દ માટેના ટાગોર પુરસ્કાર પ્રદાન કર્યા...**

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 18 ફેબ્રુઆરી, 2019ના મણિપુરી નૃત્યના સિદ્ધહસ્ત રાજકુમાર સિંઘાજિતસિંઘ, બાંગ્લાદેશના સાંસ્કૃતિક સંગઠન છાયાનટ અને શિલ્પકાર રામ વનÒ સુતારને નવી દિલ્હીના પ્રવાસી ભારતીય કેન્દ્રમાં આયોજિત એક સમારોહમાં 18 ફેબ્રુઆરી, 2019ના

રોજ અનુક્રમે વર્ષ 2014, 2015 અને 2016 ના સાંસ્કૃતિક સૌહાર્દ માટેના ટાગોર પુરસ્કાર પ્રદાન કર્યા હતા.

ભારત સરકારે વર્ષ 2012માં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની 150મી જયંતીની ઉજવણી દરમિયાન ટાગોર સાંસ્કૃતિક સદ્ભાવના પુરસ્કારનો આરંભ કર્યો હતો. આ પુરસ્કાર કોઈપણ દેશની વ્યકિત કે સંસ્થાને પ્રદાન કરી શકાય છે. પુરસ્કાર સ્વરૂપે એક કરોડ રૂપિયા, પ્રશાસ્તિપત્ર, સ્મૃતિ ચિહ્ન અને પરંપરાગત હસ્તકલા અથવા હાથસાળની બેજોડ વસ્તુ આપવામાં આવે છે. પ્રથમ ટાગોર સાંસ્કૃતિક સદ્ભાવના એવોર્ડ પંડિત રવિશંકરને વર્ષ 2012માં અર્પણ કરાયો હતો.

❖ **બ્રિટનના દ્વિતીય વિશ્વ યુદ્ધની જાસૂસ નૂર ઈનાયત ખાન ભારતીય મૂળની એવી પ્રથમ મહિલા બનશે જેને બ્લૂ પ્લાકથી સન્માનિત કરાશે.**

બ્રિટનના દ્વિતીય વિશ્વ યુદ્ધની જાસૂસ નૂર ઈનાયત ખાન ભારતીય મૂળની એવી પ્રથમ મહિલા બનશે જેને બ્લૂ પ્લાકથી સન્માનિત કરાશે. ઈંગ્લિશ હેરિટેજ દ્વારા ચલાવાતી બ્લૂ પ્લાક યોજના એ ઉલ્લેખનીય લોકોને સન્માનિત કરે છે જે લંડનમાં કોઈ ચોક્કસ ઈમારતમાં રહેતા હતા કે કામ કરતા હતા.

નૂર ઈનાયત ખાન ભારતીય સૂફી સંત હઝરત ઈનાયત ખાનની પુત્રી હતી. 1944માં નાઝીઓએ માત્ર 30 વર્ષની વયે નૂરની હત્યા કરી નાખી હતી.

❖ **વિપ્રો લિમિટેડના ચેરમેન અઝીમ પ્રેમÒને EY લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે.**

વિપ્રો લિમિટેડના ચેરમેન અઝીમ પ્રેમÒને અર્ન્સ્ટ એન્ડ યંગ લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. અર્ન્સ્ટ એન્ડ યંગ (EY) બહુરાષ્ટ્રીય વ્યાવસાયિક સેવાઓ આપતી કંપની છે અને તે એકાઉન્ટિંગની મુખ્ય ચાર કંપનીઓ પૈકીની એક છે.

❖ **છત્તીસગઢની રાયગઢ મ્યુનિસિપલ કોર્પોરેશને સ્વચ્છતા એકસેલન્સ એવોર્ડ 2019 Òતી લીધો છે.**

શહેરી સમૃદ્ધિ ઉત્સવના ભાગરૂપે આ પુરસ્કારો આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (MoHUA) દ્વારા અપાયો હતો.

અન્ય વિજેતાઓ...

- ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરો માટે પ્રથમ પ્રાઈઝ અપાયું છે.
- જશપુરનગરની નગરપાલિકા પરિષદ (છત્તીસગઢ), મલ્લપુરમ મ્યુનિસિપાલિટી (કેરળ) અને નગરપાલિકા પરિષદ સૂરજપુર (છત્તીસગઢ)ને સ્ટેટ્યૂટરી ટાઉન્સ શ્રેણીમાં પ્રાઈઝ અપાયા હતા.
- આકાંક્ષી જિલ્લાઓમાંથી ઝારખંડના બોકારો જિલ્લાની ચાસ મ્યુનિસિપલ કોર્પોરેશનને આશ્વાસન પ્રાઈઝ અપાયું હતું.

❖ **અંગ્રેÒ નવલકથા 'નો પ્રેઝન્ટ્સ પ્લીઝ' ને દક્ષિણ એશિયન સાહિત્યનો વર્ષ 2018નો DSC પુરસ્કાર Òત્યો...**

અંગ્રેÒ નવલકથા 'નો પ્રેઝન્ટ્સ પ્લીઝ'ને દક્ષિણ એશિયન સાહિત્યનો વર્ષ 2018નો DSC પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ નવલકથા લેખક નયંત કૈકિની દ્વારા કન્નડ ભાષામાં લખાયેલા પુસ્તકનો અંગ્રેÒમાં અનુવાદ તેજસ્વિની નિરંજનાએ કર્યો છે.

**દક્ષિણ એશિયાના સાહિત્યના DSC પુરસ્કાર વિશે...**

વર્ષ 2010થી શરૂ કરાયેલા દક્ષિણ એશિયાના સાહિત્યનો DSC પુરસ્કાર પ્રતિ વર્ષ દક્ષિણ એશિયાના લેખકને આપવામાં આવે છે. આ પુરસ્કાર કોઈપણ વંશ કે રાષ્ટ્રીયતાના લેખકને દક્ષિણ એશિયાની સંસ્કૃતિ, રાજકારણ, ઈતિહાસ કે લોકોના વિષય પર લખવા માટે આપવામાં આવે છે.

❖ **ડૉ.દિવ્યા કર્નાડને દરિયાઈ સંરક્ષણ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત ગ્લોબલ ફ્યુચર ફોર નેચર એવોર્ડ 2019 એનાયત**

અશોક યુનિવર્સિટી ખાતે એન્વાયર્નમેન્ટલ સ્ટડીઝના મદદનીશ અધ્યાપક ડૉ.દિવ્યા કર્નાડને દરિયાઈ સંરક્ષણના ક્ષેત્રમાં તેમના કાર્ય બદલ પ્રતિષ્ઠિત ગ્લોબલ ફ્યુચર નેચર એવોર્ડ 2019 એનાયત કરાયો છે.

ફ્યુચર ફોર નેચર એવોર્ડ ફ્યેચર ફોર નેચર ફાઉન્ડેશન દ્વારા વન્ય પ્રાણીઓ અને છોડવાઓની પ્રજાતિઓના સંરક્ષણમાં હાંસલ કરેલી વાસ્તવિક સિદ્ધિઓ બદલ આપવામાં આવે છે. આ ફાઉન્ડેશન નેધરલેન્ડનું છે.

❖ **કેન્દ્રીય રેલવે અને કોલસા મંત્રી પીયૂષ ગોયલને દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ચોથો વાર્ષિક કાર્નોટ પુરસ્કાર એનાયત**

અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીની ડિઝાઈન સ્કૂલમાં ઊર્જા નીતિ માટેના કલૈનમેન કેન્દ્રએ કેન્દ્રીય રેલવે અને કોલસા મંત્રી પીયૂષ ગોયલને દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે ચોથો વાર્ષિક કાર્નોટ પુરસ્કાર એનાયત કર્યો હતો. પૂર્વ ઊર્જા મંત્રી પીયૂષ ગોયલને ઊર્જા ક્ષેત્રે તેમની કામગીરી બદલ આ એવોર્ડ અપાયો છે.

❖ **SBI યુ.કે.ના વડા સંÒવ ચટ્ટાને 'ફ્રિડમ ઓફ ધ સિટી ઓફ લંડન' એવોર્ડ...**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના યુ.કે.ના વડા સંÒવ ચટ્ટાને દ્વિપક્ષીય સંબંધોને પ્રોત્સાહન આપવામાં યોગદાન બદલ 'ફ્રિડમ ઓફ ધ સિટી ઓફ લંડન' એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન એવોર્ડ સિટી ઓફ લંડન કોર્પોરેશન દ્વારા અપાતો એવોર્ડ છે. ભારતમાંથી આ એવોર્ડ મેળવનાર અન્ય મહાનુભાવ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ હતા.

❖ **ભારતીય ઈતિહાસકાર સંજય સુબ્રમણ્યમને ઈઝરાયેલનું પ્રતિષ્ઠિત ડેન ડેવિડ પ્રાઈઝ પ્રદાન કરાયો...**

ભારતીય ઈતિહાસકાર સંજય સુબ્રમણ્યમને પ્રારંભિક આધુનિક યુગ દરમિયાન એશિયન, યુરોપિન અને ઉત્તર તથા દક્ષિણ અમેરિકાના લોકો વચ્ચે આંતર સાંસ્કૃતિક વિચારવિમર્શ અંગેના તેમના કાર્ય બદલ વર્ષ 2019 નું ઈઝરાયેલનું પ્રતિષ્ઠિત ડેન ડેવિડ પ્રાઈઝ પ્રદાન કરાયો હતો.

ડેન ડેવિડ પ્રાઈઝ તેલઅવિવ યુનિવર્સિટી ખાતે મુખ્ય મથક ધરાવતા ડેન ડેવિડ ફાઉન્ડેશન દ્વારા અપાતો સંયુકત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે. આ એવોર્ડની શરૂઆત આંતરરાષ્ટ્રીય વેપારી અને દાનવીર સ્વર્ગીય ડેન ડેવિડ દ્વારા કરવામાં આવી હતી, જેમણે એક એવા પ્રોજેકટની કલ્પના કરી હતી જે પરંપરાગત શૈક્ષણિક વર્ગીકરણથી આગળ વધશે.

❖ **રોહિત પૌડેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અર્ધશતક ઝૂડનારો સૌથી યુવા ખેલાડી બની ગયો.**

નેપાળનો ક્રિકેટર રોહિત પૌડેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી યુવા વયે અડધી સદી ફટકારનારો ખેલાડી બની ગયો છે. રોહિત પૌડેલે દુબઈમાં સંયુકત આરબ અમીરાત (UAE) વિરૂદ્ધ નેપાળની બીÒ વન–ડે મેચ દરમિયાન 16 વર્ષ તથા 146 દિવસની ઉંમરમાં અર્ધશતક લગાવ્યું હતું. આ પૂર્વે, ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઓછી (નાની) વયે અડધી સદી લગાવવાનો રેકોર્ડ સચિન તેંડુલકર તથા વન–ડેમાં સૌથી નાની વયે અર્ધશતક નોંધાવવાનો રેકોર્ડ પાકિસ્તાનના શાહિદ આફ્રિદીના નામે હતો.

❖ **ચીનની રાજધાની બીજિંગ વિન્ટર ઓલિમ્પિકમાં પ્રથમવાર ગ્રીન ઊર્જાનો ઉપયોગ થશે.**

ચીનની રાજધાની બીજિંગમાં 2022માં યોજાનારી શિયાળુ ઓલિમિપિક અને પેરાલિમ્પિક સંપૂર્ણપણે ગ્રીન એનર્જી વડે સંચાલિત થશે. ઓલિમ્પિકના ઈતિહાસમાં એવું સૌપ્રથમવાર બનશે કે કોઈ ઓલિમ્પિક સંપૂર્ણપણે ગ્રીન એનર્જી આધારિત હોય.

❖ **વર્ષ 2022 માટેની રાષ્ટ્રીય રમતોનું પ્રતીક કલાઉડેડ લેપર્ડને જાહેર કરાયો છે.**

મેઘાલયના રાજ્ય પ્રાણી કલાઉડેડ લેપર્ડને તાજેતરમાં વર્ષ 2022 માટેની રાષ્ટ્રીય રમતોનું પ્રતીક જાહેર કરાયો છે. મેઘાલયના રમતગમત અને યુવા બાબતોના મંત્રી બંટીડોર લિંગ્દોહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ખેલ 2022 કાર્યકારી સમિતિની પ્રથમ બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. કલાઉડેડ લેપર્ડ એક જંગલી બિલાડી છે, જે ગારો, ખાસી અને જયંતિયા હિલ્સના જંગલોમાં વસે છે.

❖ **200 વન–ડે મેચ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટર : મિતાલી રાજ**

ભારતીય વીમેન્સ ક્રિકેટ ટીમની સુકાની મિતાલી રાજ ન્યૂઝીલેન્ડ સામે તાજેતરમાં સમાપ્ત થયેલી વન–ડે ઈન્ટરનેશનલ શ્રેણીની ત્રીજી વન–ડે મેચ રમવા સાથે 200 વન–ડે મેચ રમનારી વિશ્વની પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે.

❖ **બ્રિટનની સુસાનાહ ગિલે વર્લ્ડ મેરેથોન ચેલેન્જ જીતી લીધી છે.**

બ્રિટનની સુસાનાહ ગિલે વર્લ્ડ મેરેથોન ચેલેન્જ જીતી લીધી છે. 34 વર્ષીય ગિલે સાત દિવસમાં સાત મહાદ્વીપમાં સાત મેરેથોન દોડવાની ચેલેન્જ વર્લ્ડ રેકોર્ડ બનાવીને પૂરી કરી છે.

❖ **બ્રિટનના રોઅર લુકાસ હેટ્ઝમેને એકલા જ એટલાન્ટિક મહાસાગર પાર કરવાની ચેલેન્જ પૂરી કરી છે.**

બ્રિટનના રોઅર લુકાસ હેટ્ઝમેને એકલા જ એટલાન્ટિક મહાસાગર પાર કરવાની ચેલેન્જ પૂરી કરી છે. 18 વર્ષના લુકાસે આ ચેલેન્જમાં બે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા જેમાં પહેલો વર્લ્ડ રેકોર્ડ તે એકલો કોઈ મહાસાગરને પાર કરનારો સૌથી યુવાન રોઅર બન્યો તે બીજો તેણે આ ચેલેન્જ સૌથી ઓછા સમયમાં પૂર્ણ કરી તે.

❖ **ઈરાની કપ : વિદર્ભ સતત બીજીવાર ચેમ્પિયન...**

ફાઈનલમાં રેસ્ટ ઓફ ઈન્ડિયાને પ્રથમ ઈનિંગ્સની સરસાઈના આધારે હરાવ્યું.

વિદર્ભ રણજી અને ઈરાની કપ બન્ને સતત બે–બે વખત જીતનાર ત્રીજી ટીમ.

વિદર્ભની ટીમે સતત બીજા વર્ષે ઘરેલુ ક્રિકેટની બે ટ્રોફીઓ જીતી છે. વિદર્ભની ટીમ આ વર્ષે રણજીમાં પણ ચેમ્પિયન બની હતી અને એ પછી તેણે ઈરાની કપનું ટાઈટલ પણ જાળવી રાખવામાં સફળતા હાંસલ કરી છે. ગત વર્ષે રણજી ટ્રોફી અને ઈરાની કપના ટાઈટલ્સ વિદર્ભે જ જીત્યા હતા.

❖ **ઈંગ્લેન્ડની જેમી ચાડવિક MRF ચેલેન્જનું ટાઈટલ જીતનારી પ્રથમ મહિલા ડ્રાઈવર બનીને ઈતિહાસ રચ્યો છે.**

ઈંગ્લેન્ડની જેમી ચાડવિકે ચેન્નાઈમાં આખરી તબક્કામાં 3 વખતના વિજય બાદ MRF ચેલેન્જનું ટાઈટલ જીતનારી પહેલી મહિલા ડ્રાઈવર બનીને ઈતિહાસ રચ્યો છે. 20 વર્ષીય જેમી ચાડવિક અસાધારણ પ્રદર્શન બાદ આ પ્રતિષ્ઠિત ટાઈટલ વિજેતા પ્રથમ મહિલા બની ગઈ છે.

ઓગસ્ટ 2018માં ચાડવિક બ્રિટિશ F3 રેસ જીતનારી પ્રથમ મહિલા બની હતી. 15 રેસ ચેમ્પિયનશિપમાં જેમીએ 6 જીત મેળવી હતી અને ફાઈનલમાં સ્ટાઈલથી વિજય મેળવ્યો હતો.

❖ **પી.વી.સિંધુને હરાવી વધુ એક વખત સાઈના નેહવાલે સિનિયર નેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી લીધી.**

સાઈના નેહવાલે વધુ એક વખત પી.વી.સિંધુ સામે વિજય નોંધાવીને 83મી સિનિયર નેશનલ બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી લીધી છે. વીમેન્સ સિંગલ્સની ગુવાહાટીમાં રમાયેલી ફાઈનલમાં સાઈનાએ સિંધુને હરાવી સતત બીજું અને કુલ ચોથું નેશનલ ટાઈટલ જીત્યું હતું.

આ જ ટુર્નામેન્ટની મેન્સ સિંગલ્સ ફાઈનલમાં સૌરભ વર્માએ લક્ષ્ય સેનને હરાવી ત્રીજી વાર ટાઈટલ જીત્યું હતું.

❖ **ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી સ્મૃતિ મંધાનાએ T20 ઈન્ટરનેશનલમાં ભારત વતી સૌથી ઝડપી અડધી સદી નોંધાવી હતી.**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની ડાબોડી ઓપનર સ્મૃતિ મંધાનાએ મહિલા T20 ઈન્ટરનેશનલમાં ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ વેલિંગ્ટનમાં પ્રથમ T20 માં માત્ર 24 બોલમાં 50 રન ઝૂડી કાઢી ભારત વતી અત્યારસુધીની સૌથી ઝડપી અડધી સદી નોંધાવી હતી. મહિલા T20માં સૌથી ઝડપી અર્ધશતકનો વિશ્વ વિક્રમ ન્યૂઝીલેન્ડની સોફી ડિવાઈનના નામે છે. તેણીએ 2005માં ભારત વિરુદ્ધ 18 બોલમાં અડધી સદી પૂરી કરી હતી.

❖ **અફઘાનિસ્તાને T20 ઈન્ટરનેશલમાં અત્યારસુધીનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો...**

અફઘાનિસ્તાને ઉત્તરાખંડના દેહરાદૂનમાં રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં આયર્લેન્ડ સામેની તેની બીજી ટ્વેન્ટી20 ઈન્ટરનેશનલમાં ઈતિહાસ રચ્યો છે. અફઘાનિસ્તાને 20 ઓવરમાં 3 વિકેટ 278 રન નોંધાવી ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકા વિરુદ્ધ 2016માં નોંધાવેલો ત્રણ વિકેટે 263 રનનો વિશ્વ વિક્રમ તોડી નાખ્યો છે.

## અગત્યના દિવસો

- **2 ફેબ્રુઆરી, 2019 :** વિશ્વ આદ્ર ભૂમિ દિવસ (વર્લ્ડ વેટલેન્ડ્સ ડે)
  – થીમ : 'આદ્રભૂમિ અને જળવાયુ પરિવર્તન'

– શા માટે ઉજવણી ? : 2 ફેબ્રુઆરી, 1971ના રોજ 'આદ્રભૂમિ રામસર સમજૂતી' અપનાવવામાં આવી હતી.

– અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં 2 ફેબ્રુઆરીએ આદ્રભૂમિ દિવસના અવસરે પુલિકટ દિવસનું આયોજન પણ કરવામાં આવે છે.

- **4 ફેબ્રુઆરી, 2019 :** વિશ્વ કેન્સર દિવસ
  – થીમ : 'આઈ એમ એન્ડ આઈ વિલ'
- **4 થી 11 ફેબ્રુઆરી, 2019 :** રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહ
- **5 ફેબ્રુઆરી, 2019 :** સેફર ઈન્ટરનેટ ડે (સુરક્ષિત ઈન્ટરનેટ દિવસ)
  થીમ : 'ટુગેધર ફોર એ બેટર ઈન્ટરનેટ'
- **6 ફેબ્રુઆરી, 2019 :** સ્ત્રી જનનાંગ વિચ્છેદન માટે શૂન્ય સહિષ્ણુતાનો આંતરરાષ્ટ્રીય દિવસ (ઈન્ટરનેશનલ ડે ઓફ ઝીરો ટોલરન્સ ફોર ફિમેલ જેનિટલ મ્યુટિલેશન)
- 10 ફેબ્રુઆરી, 2019 : પ્રથમ વિશ્વ કઠોળ દિવસ
  વર્ષ 2016ને આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું.
- 11 ફેબ્રુઆરી, 2019 : યુનાની ચિકિત્સા દિવસ
  થીમ : સાર્વજનિક સ્વાસ્થય માટે યુનાની ચિકિત્સા
  કોની સ્મૃતિમાં ? : હકીમ અજમલ ખાનની જયંતીએ પ્રતિ વર્ષની 11 ફેબ્રુઆરીએ યુનાની દિવસ ઉજવાય છે.
  પ્રથમ યુનાની દિવસ 2017માં હૈદરાબાદમાં ઉજવાયો હતો.

11 ફેબ્રુઆરી, 1868ના રોજ જન્મેલા હકીમ અજમલ ખાન યુનાની ચિકિત્સા પદ્ધતિમાં વૈજ્ઞાનિક સંશોધનના સંસ્થાપક હતા.

- **12 થી 18 ફેબ્રુઆરી, 2019 :** રાષ્ટ્રીય ઉત્પાદકતા સપ્તાહ
  થીમ : ઉત્પાદકતા અને સ્થિરતા માટે સરકયુલર અર્થવ્યવસ્થા
  શા માટે ઉજવણી ? : રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદે (નેશનલ પ્રોડકિટવિટી કાઉન્સિલ) 12 ફેબ્રુઆરી, 2019ના તેનો 61મો સ્થાપના દિવસ ઉજવ્યો હતો.
  રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ (NPC) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ઉદ્યોગ અને આંતરિક વ્યાપાર વિભાગ હેઠળની એક સ્વાયત્ત સોસાયટી છે.
- 13 ફેબ્રુઆરી, 2019 : વિશ્વ રેડિયો દિવસ
- 20 ફેબ્રુઆરી, 2019 : વર્લ્ડ ડે ઓફ સોશિયલ જસ્ટિસ (સામાજિક ન્યાયનો વિશ્વ દિવસ)
  થીમ : 'ઈફ યુ વોન્ટ પીસ એન્ડ ડેવલપમેન્ટ, વર્ક ફોર સોશિયલ જસ્ટિસ'
- **21 ફેબ્રુઆરી, 2019 :** આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ
  બાંગ્લાદેશમાં 21 ફેબ્રુઆરી બાંગ્લા ભાષાને માન્યતા આપવા માટેની બાંગ્લાદેશીઓની લડાઈની વર્ષગાંઠ છે. માટે પ્રતિ વર્ષની 21 ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ ઉજવાય છે.
- **26 ફેબ્રુઆરી, 2019 :**
  ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન પર કરેલી એરસ્ટ્રાઈકના કારણે સમગ્ર ભારતમાં એક ખુશીની લહેર ઉઠી હતી. જે સાથે અનેક ભારતીયોએ આ દિવસને 'શૌર્ય દિવસ' તરીકે ઉજવ્યો હતો. તેમજ તેને શૌર્ય દિવસ તરીકે ઉજવવાની શરૂઆત કરવાની વાત પણ ઉચ્ચારી હતી.
- 28 ફેબ્રુઆરી, 2019 : રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ
  થીમ : 'સાયન્સ ફોર થી પીપલ એન્ડ ધી પીપલ ફોર સાયન્સ'
  કોની સ્મૃતિમાં ? : વિજ્ઞાનના ક્ષેત્રમાં નોબેલ પારિતોષિક વિજેતા મહાન વૈજ્ઞાનિક સર સી.વી.રામનના યોગદાનની.
  આ દિવસના અવસરે વૈજ્ઞાનિકોને શાંતિ સ્વરૂપ ભટનાગર પ્રાઈઝ પ્રદાન કરવામાં આવે છે.

